


પૂરા પરિવારનું
સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

એપ્રિલ-'૯૭, વર્ષ-૭૦, અંક-૮૩૧

તંત્રી

ધીરુ પરીખ



છોટાઉદેપુર પાસેના ગામડામાંની આદિવાસી સ્ત્રીઓ

•

તસ્વીર : હેમેન્દ્ર એ. શાહ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૦મું — અંક ૪

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઓફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

એપ્રિલ — ૧૯૯૭

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૩૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૫૫૦૫૬૫૦)
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

વાચકો લખે છે

કુમાર-ષષ્ઠીપૂર્તિ અભિવાદન અને આજ

'કુમાર'નો ૭૨૦મો અંક પ્રસિદ્ધ થઈ ગયો. મુંબઈના 'કુમાર'પ્રેમીઓએ 'કુમાર શુભેચ્છક સમિતિ' બનાવી. આ સમિતિએ ઈન્ડીઅન મરચંટ્સ ચેમ્બર, ચર્ચગેટ પર શ્રી બાબુભાઈ ચિનાઈ હૉલમાં તા. ૨૬-૩-૮૪ના રોજ અભિવાદનનો કાર્યક્રમ નક્કી કર્યો.

'કુમાર'પ્રેમીઓમાં ઉત્સાહ હતો, તેવો જ ઉત્સાહ ગુજરાતી અખબારોનો હતો, અને કાર્યક્રમ અગાઉ 'કુમાર' અંગે માહિતી અને લેખો છપાયેલાં. તેમાંય ઈન્ડીઅન એક્સપ્રેસ જૂથના ગુજરાતી અખબાર 'સમકાલીને' વધુ ઉત્સાહ બતાવ્યો. પહેલા પાને ચાર કૉલમની જગામાં ફોટો પ્રસિદ્ધ કર્યો. જન્મભૂમિ પત્રે પણ છેલ્લે પાને અહેવાલ અને ત્રણ કૉલમની જગામાં ફોટો પ્રસિદ્ધ કર્યો.

'કુમાર શુભેચ્છક સમિતિ'ના પ્રમુખ પદે શ્રી અમૃતલાલ યાજ્ઞિક હતા અને મુખ્ય મહેમાન શ્રી પ્રભુદાસ પટવારી સાથે સર્વશ્રી હરીન્દ્ર દવે, યશવંત દોશી, લાલભાઈ શાહ, રામુ પંડિત, અજિત શેઠ, છોટાલાલ ગલિયાકોટવાળા અને અરવિંદ પટવા વગેરે હાજર રહ્યા. હૉલ ભરાઈ ગયેલો અને વધારાની ખુરશીઓ ગોઠવવી પડેલી.

આ પ્રસંગે હાજર રહેલાઓએ, પોતાનું જીવન સાંસ્કૃતિક અને આર્થિક રીતે, ૬૦ વર્ષ સુધી અવિરતપણે 'કુમાર'ના વાચનથી કેવી રીતે સમૃદ્ધ થયું તેની વિવિધ વાતો કરી. શ્રી છોટાકાકા આ પ્રસંગે રૂપિયા દસ હજારનો ચેક લઈને આપવા આવેલા. પરંતુ 'કુમાર' લિમિટેડ કંપની ચલાવતી હોવાથી, દાન સ્વીકારી શકે નહીં; તેથી આનંદ સાથે આવેલો ચેક પરત કર્યો. કોઈ વાચકને થાય કે વર્ષો બાદ આ પ્રસંગને કેમ યાદ કર્યો? સાંપ્રત વાચકોને 'કુમાર' પ્રત્યે જૂની પેઢીને કેવો સદ્ભાવ હતો, તેની ઝાંખી કરાવવાનો પ્રયાસ છે, અને આજની પેઢી 'કુમાર'ને વધાવે, એ ઉદ્દેશ છે.

'કુમાર' વિપરીત સંજોગોને કારણે થોડોક વખત પ્રકાશન ન પામ્યું. પરંતુ હવે આગળ વધી પ્રગતિ તરફ મક્કમ પગલાં ભરી રહ્યું છે. આજે ૧૯૯૭ની સાલમાં ગ્રાહક અને શુભેચ્છક તરીકે આપણી ફરજ એ બની રહે છે કે, આપણે દરેકે બીજા દસ નવા ગ્રાહકો બનાવવા જોઈશે, જેથી 'કુમાર' આર્થિક ક્ષેત્રે સબળ બને.

બદલાતા જતા દેશનાં અને વિશ્વનાં રાજકીય અને સામાજિક પરિબળોને ધ્યાનમાં લેતાં સમયની માંગ છે કે 'કુમાર' નવા વિષયોને આવરી લઈ, પોતાનું સાતત્ય અને ખમીર જાળવી રાખી આગળ વધે અને અંગ્રેજીમાં પણ 'કુમાર'નો અંક પ્રસિદ્ધ થાય એ જ અભ્યર્થના. - અરવિંદ એમ. શાહ (મુંબઈ)

'સંગીત-શાસ્ત્ર' પર શ્રી હસુ યાજ્ઞિકે શરૂ કરેલી શ્રેણી ખૂબ આદરણીય છે. તંત્રીને તે માટે ધન્યવાદ. એક જૂની વાત યાદ આવે છે. વર્ષો પહેલાં સ્વ. ઓમકારનાથ ઠાકુરજીએ 'રણજિતરામ સુવર્ણચંદ્રક' સ્વીકારતાં પ્રતિભાવમાં સ્વસ્વરે પોતાના ભાષણમાં 'સંગીતનગરી'નું વર્ણન સગાન કર્યું હતું. 'સંગીતનગરી'માં પ્રવેશતાં જ રાગ 'નિલાંબરી' સ્વાગત કરે છે અને પંડિતજીએ નિલાંબરી ગાનરૂપે રજૂ કરી. આવું અનેક રાગોની છણાવટ કરીને પંડિતજીએ પોતાની સંગીત સાધનાને એક અદ્વિતીય સ્વાંગમાં રજૂ કરી હતી. તે પ્રસંગ Tape Record થયો હોત તો આપણી પાસે એક અમૂલ્ય વારસો જળવાઈ રહ્યો હોત. હસુભાઈને વિનંતી કે આ પ્રસંગ વિશે શોધખોળ કરી વધારે વિગતો મેળવી 'કુમાર'માં પ્રસિદ્ધ કરે. - કનક ર. રાવળ (અમેરિકા)

ડૉ. પ્ર. ચુ. વૈદ્યસાહેબની લેખમાળા 'પસ્તીનાં પાનાં' હું નિયમિત વાંચું છું. ઈ.સ. ૧૯૫૮-૬૦ દરમ્યાન હું નડિયાદની કૉલેજમાં અધ્યાપક હતો. ત્યારે વૈદ્યસાહેબનું વ્યાખ્યાન ગોઠવેલું. તે સાંભળીને વિદ્યાર્થીઓએ એને વૈદ્યસાહેબની 'ગોળી' સાથે સરખાવેલું. અત્યારે લાગે છે કે એ ગોળી ત્રણ પ્રકારની હતી : બાળકોની, વૈદ્યની અને બંદૂકની. એમના જેવા સરળ, વિદ્વાન, બહુશ્રુત અને આખાબોલા માણસો અત્યારની પેઢીમાં જવલ્લે જ મળે તેમ છે, ગુજરાતની પ્રજા તેમનાં 'પસ્તીનાં પાનાં' ફેંકી નહીં દે પણ સદા નજર સામે રાખશે એવી મને આશા છે. - શિવલાલ જેસલપુરા (અમદાવાદ)

મહાશ્વેતા દેવીને જ્ઞાનપીઠ એવૉર્ડ મળ્યો છે એ તેમની લાયકાત અને પ્રશંસનીય લેખનનો પ્રતાપ છે. અત્યારે ભારતીય સાહિત્યને આત્મસાત્ કરવું ઘણું કઠીન બનતું જાય છે ત્યારે શ્રી દેવી અભિનન્દનને પાત્ર છે. માહિતીસભર લેખ આપવા બદલ 'કુમાર'નો આભાર. - મહેબુબ મલેક (ભોમેશ્વર, રાજકોટ)

આપનું પ્રકાશિત થતું 'કુમાર' સામાયિક નિયમિત વાંચું છું. વાંચવાની, જાણવાની ખૂબ મજા આવે છે. એકબીજાના વિચારો, ખ્યાલો, જ્ઞાન વગેરેની આપ-લે કરતું, માધ્યમ કયું હોઈ શકે તો 'કુમાર' જ સારું ! અહીં હું એક પ્રશ્ન કરું છું કે ૩૨ લક્ષણોવાળો પુરુષ હોય છે, તો તે ૩૨ લક્ષણો કયાં કયાં હોઈ શકે તે જણાવવા વિનંતી ! - જેઠવા હેમંત (ભાવનગર)

[બત્રીસ લક્ષણો નીચે મુજબ છે : હાથ, આંખ, આંગળાં, નાક અને જીભ લાંબાં હોય તે પાંચ લક્ષણો; વાંસો, કંઠ, પુરુષચિહ્ન અને જંઘા ટૂંકા સારાં એ ચાર લક્ષણો; દાંત, નાસિકા, કેશ અને ચામડી સૂક્ષ્મ હોવાં જોઈએ એ બીજાં ચાર લક્ષણો; શિર, ખભો, પગ અને પેટ ઉન્નત હોવાં જોઈએ તે વળી બીજાં ચાર લક્ષણો; પગનાં તળિયાં, તાળવું, નેત્રની અણીઓ, જીભ, નખ અને ઓષ્ઠ એ લાલ હોવાં જોઈએ તે બીજાં સાત લક્ષણો; લલાટ, છાતી અને મુખ પહોળાં સારાં એ ત્રણ લક્ષણો; નાભિ, સ્વર અને સત્ત્વ એ ઊંડાં સારાં તે વળી બીજાં ત્રણ લક્ષણો; આંખની કીકી ને કેશ શ્યામ વર્ણાં સારાં તે બીજાં બે લક્ષણો મળી કુલ ૩૨ લક્ષણો છે. - તંત્રી]

સન્તૃપ્ત હું ન.... / રાજેન્દ્ર શાહ

(વસંતતિલકા • સૉનેટ)

સન્તૃપ્ત હું ન તવ મઞ્જુલ અન્તિકે આ
હાવાં છતાં, અધિક ઝંકૃત પ્રાણ મ્હારો.
પામ્યો સુધાનું કંઈ પાન કરાય, વારો
એવો; તથાપિ ઉર શોષત ભાવ કેવા !

છે મધ્યમાં અવર કોઈ ન અન્તરાય;
રે કિન્તુ મૂર્ત નહિ અમ્બર એ'વું આવી
આડે રહ્યું, હૃદયને રહ્યું છે દુભાવી :
એ શૂન્યનું અવ નિવારણ જો કરાય

તો તો અગસ્ત્ય અંજલિ માંહિ એક
માણું હું આચમન અબ્ધિ તણું પ્રશસ્ત.
મ્હારે રહે ન કરવાનું કશુંય વ્યક્ત,
હું એથી અન્ય કંઈ જાણું નહીં વિશેષ.

હો દૃષ્ટિ, સ્પર્શ, શ્રુતિ, ગન્ધ, વિકલ્પ ચિત્ત
સંલગ્ન કેવલ-રસે* : બનતું નિમિત્ત.

* કેવલ-રસ = રસો વૈ સઃ

પંખી / કિરીટ ગોસ્વામી

(ગઝલ)

ફરી આંગણેથી' ઊડી જાય પંખી
ફરી ચોક સૂનો કરી જાય પંખી !

ફરી આભને તાકતો હું રહ્યો, ને
ફરી એક પીંછું મૂકી જાય પંખી !

ફરી કાલ અંજળ હશે તો મળીશું :
ફરી કુંડિયાને કહી જાય પંખી !

ફરી ઝૂરતાં, ખેરવે પર્ણ, ડાળો
ફરી એ જ પળ સાંભરી જાય પંખી !

ફરી આંખ મીંચું ન મીંચું અને ત્યાં
ફરી આ હયાતી બની જાય પંખી !

હાઈકુ / 'પ્રણય' જામનગરી

ઋતુ વૈશાખે
દિવસ આખો ઝૂલે;
ડાળીઓ ગાંડી.

વાત સમજાઈ નહીં / હેમેન શાહ

(ગઝલ)

એમનો ધીમો હતો સ્વર, વાત સમજાઈ નહીં,
એક કોલાહલ નિરંતર, વાત સમજાઈ નહીં.

ફિલસૂફી, વ્યાખ્યા, અભિપ્રાયો હતા પુષ્કળ છતાં,
સાવ નાની પણ સદંતર વાત સમજાઈ નહીં.

બીજથી વૃક્ષો સુધી કે મેઘથી દરિયા સુધી,
કોની ઉત્કંઠા અગોચર ? વાત સમજાઈ નહીં.

ફૂલ કરમાઈને ખરતાં જોયાં વારંવાર પણ,
કંઈ હતી એવી જ ઉમ્મર, વાત સમજાઈ નહીં.

વિશ્વ માટે હાથ જમણો, કિન્તુ ડાબે માનવી ?
તારા આ સર્જનની ઈશ્વર વાત સમજાઈ નહીં.

કોઈનો વર્ષો પછી એક પત્ર તો મળતાં મળ્યો,
છેવટે ઊકલ્યા જો અક્ષર, વાત સમજાઈ નહીં.

હવે તો જાવું છે / નિરંજન ભટ્ટ

(ગાન)

આજ અમારે ગામ - હવે તો જાવું છે,
નથી રાખવું નામ - હવે તો જાવું છે !

બે આંસુનું સુખ લઈને અમે મારગે ચાલ્યા,
એક આશમાં જનમ ધરીને બીજે મારગે મહાલ્યા,
ઠરવાનું શું ઠામ ? - હવે તો જાવું છે,
આજ અમારે ગામ - હવે તો જાવું છે.

રસ્તાની આ ધૂળ - અરે એ ના ઊડવાની,
ઘરનું આંગણ-બારી છે : પણ, ના ખૂલવાની,
સ્મરી રાખશું રામ - હવે તો જાવું છે,
નથી રાખવું નામ - હવે તો જાવું છે.

જગત નથી કૈં આ 'નિરંજન' મારું - વારુ,
મારું કે ના તારું છે પણ - છે પરભારુ,
ક્યહીં નથી આરામ! - હવે તો જાવું છે,
આજ અમારે ગામ - હવે તો જાવું છે.



પ્રા. કૃષ્ણા શાહ • પ્રા. મકરંદ મહેતા • પ્રા. શિરીન મહેતા

ગૃહલક્ષ્મીની વિકસતી ક્ષિતિજો

પાર્વતીકુંવર

ઈસ્વીસન ૧૮૧૮. ગુજરાતમાં બ્રિટિશ શાસનની સ્થાપના થયા બાદ પશ્ચિમની વિચારસરણીનો પ્રભાવ વધતાં સમાજસુધારાનું આંદોલન થયું. તેની એક વિશેષતા એ હતી કે કૃષ્ણાગૌરી રાવળ, ગંગાબહેન યાજ્ઞિક, હરકુંવર, જીવકોર લલ્લુભાઈ અને પાછળથી વિદ્યાબહેન નીલકંઠ અને શારદાબહેન મહેતા જેવી શિક્ષિત મહિલાઓએ સુધારાની ઝુંબેશમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પરંતુ તેમને આજની મહિલા કાર્યકરો સાથે સરખાવી ન શકાય. નર્મદ અને ગાંધીયુગના પ્રવાહોમાંથી પસાર થયેલી નારી-પ્રતિષ્ઠાવાદી વિચારસરણી અને સંસ્થાઓ આજે લડાયક બની છે એટલું જ નહીં, તેણે કચડાયેલા વર્ગની સ્ત્રીઓ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

પાર્વતીકુંવરના સમયની મહિલા સુધારકો પ્રથમ પેઢીની હતી. તેમની મુખ્ય ફરજ ઘરસંસાર સંભાળવાની હતી. પુરુષની સંમતિ હોય તો ફુરસદને સમયે તેઓ સ્ત્રી-વર્ગમાં હળીમળી શકે ! ખુદ સમાજસુધારકોનો તેમના પ્રત્યેનો અભિગમ પણ 'ઘરરખુ દેવાંગના (domestic angel)' તરીકેનો હતો. ઉદાહરણ તરીકે નર્મદે 'ભણેલી સ્ત્રીથી દેશને થતા લાભ' નામના નિબંધમાં લખ્યું હતું :

'ભણેલી સ્ત્રી ધણીનું ઘર ઉપાડી રૂડી રીતે ચલાવશે અને છોકરાંઓને કેળવણી આપશે. તેથી ઘરના ધણી પુરુષને તે બે મોટા વિષયની કાળજી ન રહેથી એઓ પોતાના ઉદ્યમમાં ઘૂમ્યા કરશે. ફક્ત સ્ત્રીના હાથમાં મહિને મહિને નાણાની રકમ આપવી કે જેથી તે તેમાંથી ખર્ચ કર્યા કરે. એ રીતે પુરુષને કાળ ઘણો મળેથી દેશમાં ઉદ્યમ અને વિદ્યા વધશે.' (નર્મગદ્ય).

આમ, પુત્રી કે પત્નીને ભણાવવાની ખરી, પણ તે બાળઉછેર સહિત ઘરકામ સારી રીતે કરી શકે તે માટે ! તે સમયના સમાજ-સુધારકોનું સૂત્ર હતું : 'ભણેલી સ્ત્રી, આદર્શ ગૃહલક્ષ્મી.' આ ખ્યાલ અને આચરણમાં આજે પણ કોઈ મહત્ત્વનો ફેરફાર થયો છે ખરો ?!

જોકે ૧૦૦-૧૫૦ વર્ષ પહેલાં તો આ અભિગમ પણ નહોતો. મોગલ-મરાઠા યુગમાં સ્ત્રીઓને ક્યાં ભણાવવામાં આવતી હતી ? આ રીતે જોઈએ તો 'ગૃહલક્ષ્મી'નો આદર્શ છેવટે તો સ્ત્રી-સ્વાતંત્ર્યની દિશાના પ્રથમ સોપાનરૂપ હતો. તેને માટે સુધારકોએ લાંબો સંઘર્ષ કરવો પડેલો.

પાર્વતીકુંવરે ગૃહિણીની ભૂમિકા તો ભજવી જ, પણ તેની સાથે સાથે સુધારાનું કામ પણ કર્યું. સુધારા માટે ઘરનો ઓટલો ઓળંગવાનું કામ જરા પણ સરળ નહોતું. પાર્વતીકુંવરે તે કરી બતાવ્યું. તેમણે આ રીતે 'બેવડી ભૂમિકા' કેવી રીતે ભજવી ? તેમનો માનસિક વિકાસ કઈ રીતે થયો ? આ બાબતનું વિશ્લેષણ કરવાનો અમારો પ્રયાસ છે.

આજથી ૧૬૬ વર્ષ પહેલાં ડિસેમ્બર ૧૧, ૧૮૩૦ના રોજ જન્મેલાં પાર્વતીકુંવર મહીપતરામ રૂપરામનાં (૧૮૨૯-૯૧) પત્ની અને વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠનાં (૧૮૭૬-૧૯૫૮) સાસુ થાય. મહીપતરામ તો પશ્ચિમનાં મૂલ્યોને વરેલા પ્રખર સમાજસુધારક. આમ છતાં તેમણે પણ નર્મદની જેમ 'ગૃહલક્ષ્મી'ના આદર્શને બિરદાવ્યો હતો. પત્નીની સ્મૃતિમાં તેમજ સ્ત્રીઓનો સામાજિક દરજ્જો વધારવાના હેતુથી તેમણે ૧૮૮૧માં 'પાર્વતીકુંવર આખ્યાન' રચ્યું. તેમના શબ્દોમાં :

'પાર્વતીકુંવર ઘરનાં તમામ કામો કુશળતાથી આટોપતી. ઘરમાં કામોનો બોજો ભારે છતાં તે પતિવ્રતાએ મારી ઘણી ચાકરી કરી. હું શરૂશરૂમાં નારીનું પૂજન કરવાનું ન જાણતો અને બીજાઓના જેવો જુલ્મી હતો; પણ મારા જુલમની વાત તેણીએ કદી કોઈને મરતાં સુધી કહી નહોતી.'

પાર્વતીકુંવરનો ઉછેર 'ગૃહિણી'ના આદર્શને અનુરૂપ હતો. સુરતના નાગર કુટુંબમાં તેમનો જન્મ. પિતા સાહેબરાય અને માતા મંછાગવરી. ચાર વર્ષની વયે માતા અવસાન પામતાં પાર્વતીના ઉછેરની જવાબદારી સાહેબરાય અને તેમનાં સાસુ મણિકુંવરને શિરે આવી. પિતા સુધારક વિચારના અને વળી સંગીતના શોખીન, તેથી પુત્રીને તંબૂરો વગાડતાં શીખવવું શરૂ

કર્યું. પણ કુટુંબીજનોએ વિરોધ કર્યો કે, 'છોડીના હાથમાં તે તંબૂરો શોભતો હશે !' તેથી તે બંધ થયું, પણ વાંચતાં-લખતાં તો શીખવ્યું જ. તેથી પાર્વતીકુંવર ધ્રુવાખ્યાન, કુંવરબાઈનું મામેરું અને નળદમયંતી જેવી પૌરાણિક કથાવાર્તાઓ વાંચી અને ગાઈ શકતાં. તેઓ ધાર્મિક ઉત્સવો ધામધૂમથી ઊજવતાં. લગ્નગીતો અને ગરબીઓ સુંદર અવાજે ગાઈને શ્રોતાજનોનાં મન અને હૃદય ડોલાવી શકતાં.

આ તો સુધારક નાગર કુટુંબ, તેથી પાર્વતીકુંવર આટલું પણ શીખી શક્યાં. બાકી, ત્રીસીમાં જન્મેલી મોટા ભાગની સ્ત્રીઓ તદ્દન અભણ હતી. બાર-તેર વર્ષની કાચી વયે જેના ભાગ્યમાં માતૃત્વ સર્જાયું હોય અને વળી છાપેલી પુસ્તિકાનાં પણ જ્યાં ફાંફાં હોય તેવા સંજોગોમાં ઘરમાં અક્ષરજ્ઞાન ઉપરાંત પૌરાણિક સંસ્કારો પ્રાપ્ત કરનાર પાર્વતી સાચે જ ભાગ્યશાળી ગણાય. પાર્વતીકુંવરના સમય પહેલાં ગુજરાતી ગદ્ય પ્રાથમિક અવસ્થામાં હતું. બ્રિટિશ યુગ દરમિયાન તે પાંગરતું ગયું. પાર્વતીકુંવર પદ્ય અને ગદ્ય સાહિત્યથી પરિચિત હતાં.

ઈ.સ. ૧૮૩૬માં પાંચ વર્ષની વયે પાર્વતીકુંવરનું લગ્ન થયું. પતિ છ વર્ષનો ! આ ઉંમરે પણ કન્યા ઠાવકી અને ઠરેલ હતી ! શરીર મૂળથી જ નાદુરસ્ત. આમ છતાં તેણે કુટુંબની એવી તો ખંતપૂર્વક સેવા કરી કે તેણે સૌનાં મન જીતી લીધાં !

શરૂશરૂમાં પાર્વતીકુંવરનું જ્ઞાન ધર્મ અને કથાવાર્તા પૂરતું સીમિત હતું. પણ દલપતરામની જેમ તેમની બૌદ્ધિક ક્ષિતિજ બહોળી થતી ગઈ. દલપતરામને સુધારાના પ્રવાહમાં ખેંચવાનું જે કામ 'ફાર્બસ સાહેબે' કર્યું હતું તે પાર્વતીકુંવરની બાબતમાં તેમના પતિએ કર્યું. મહીપતરામે ૧૮૭૯માં રચેલા 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર'ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે, બાલ્યાવસ્થામાં તેમના (મહીપતરામના) વિચારો તદ્દન જુનવાણી હતા, પરંતુ અંગ્રેજી શાળામાં દાખલ થયા બાદ તે સુધરતા ગયા. દાદોબા પાંડુરંગ અને દુર્ગારામ જેવા શિક્ષકોના સંસર્ગને પરિણામે ૧૪ વર્ષનો વિદ્યાર્થી 'માનવ ધર્મસભા' અને 'પરેજગાર મંડળી'માં થતાં વ્યાખ્યાનો સાંભળવા જતો. ટૂંક સમયમાં તેઓ 'પરેજગાર' માસિકના તંત્રી બન્યા. પતિપત્ની વચ્ચે હવે સુધારાની વાતો થવા લાગી. પાર્વતીકુંવર પતિને આ માસિક ચલાવવામાં મદદ કરતાં.

સુરતમાં પાર્વતીકુંવરની માનસિક ક્ષિતિજ અલ્પ પ્રમાણમાં ખૂલતી ગઈ. 'ધર્મ' અને 'સુધારા'ના સૂક્ષ્મ તંતુઓ વચ્ચેના આ સંકલનની પ્રક્રિયા દરમિયાન પાર્વતીકુંવરની દ્વૈધવૃત્તિ (ambivalence) દેખાઈ આવે છે. તેઓ સંશયપૂર્વક નવા વિચારો ગ્રહણ કરે છે.

પાર્વતીકુંવરના જીવનઘડતરનો નવો તબક્કો પચરંગી મુંબઈ નગરીમાં શરૂ થયો. સંયુક્ત કુટુંબનો ઉલ્લેખ કર્યા વગર મહીપતરામે લખ્યું છે કે, 'સુરતમાં હમે બેઉ પરાધીન હતાં.' ૧૮૫૧માં તે એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા. ૨૧ વર્ષનાં પાર્વતીકુંવર પણ મુંબઈ ગયાં. મહીપતરામ લખે છે : 'અમે મુંબઈમાં ઘર માંડ્યું ત્યારથી અમે બંને ખરેખરાં એકત્ર થઈ ગયાં. ઘરનું સર્વસ્વ તેને હાથ મેં સોંપ્યું. મારો પગાર આવે એટલે તેને આપું. તે સર્વ વાતે ભરોસો કરવા જોગ સ્ત્રી માલૂમ પડી.'

૧૮૫૩-૫૪નો એલ્ફિન્સ્ટન કૉલેજનો વાર્ષિક અહેવાલ દર્શાવે છે કે, તે વર્ષે નર્મદ અને કરસનદાસ મૂળજી પણ કોલેજના વિદ્યાર્થીઓ હતા. દાદાભાઈ નવરોજી તેમના પ્રોફેસર. તેઓ સૌ બુદ્ધિવર્ધક સભા, જ્ઞાનપ્રસારક મંડળી અને સ્ટુડન્ટ્સ લિટરરી ઍન્ડ સાયન્ટિફિક સોસાયટીના સભ્યો હતા. પરદેશગમન, બાળલગ્ન, વિધવા-પુનર્લગ્ન અને ધર્મગુરુઓના અનાચારો જેવા વિષયો પર નિબંધો વંચાય અને ગરમાગરમ ચર્ચાઓ થાય. મહીપતરામ ઉત્સાહપૂર્વક આ વાતો પત્નીને કરે. વળી, નર્મદ, કરસનદાસ અને સોરાબજી શાપુરજી બંગાળી જેવા મિત્રોને પણ અવારનવાર ચા-પાણી માટે આમંત્રે. આવા સંસર્ગોને પરિણામે પાર્વતીકુંવરને 'બુદ્ધિપ્રકાશ', 'પરેજગાર', 'સત્યપ્રકાશ' અને 'ડાંડિયો' જેવાં પ્રગતિશીલ સામયિકોમાં વધારે રસ પડવા લાગ્યો. 'સત્યપ્રકાશ'ની શરૂઆત કરસનદાસે ૧૮૫૫માં કરી હતી. તેમની ગેરહાજરી દરમિયાન મહીપતરામ તેના તંત્રી હતા. 'સત્યપ્રકાશ' બાળલગ્નો જેવાં અનિષ્ટો સામે તો પ્રચાર કરતું જ હતું; તેનું સૌથી મહત્ત્વનું કામ વૈષ્ણવ ધર્મગુરુઓનાં દુરાચરણો વિરુદ્ધ પ્રચાર કરવાનું હતું.

પાર્વતીકુંવરના વિચારો મુંબઈમાં વધારે પરિપક્વ બન્યા. તેનાં બે દૃષ્ટાંતો રસપ્રદ છે. ચોવીસ વર્ષની વય સુધી પહોંચ્યા છતાં તેમને કોઈ સંતાનપ્રાપ્તિ થઈ નહોતી, આથી પડોશણો વ્રતો કરવાનું તેમજ મંત્રેલું પાણી પીવાનું કહેતી. તે વખતે તેઓ જવાબ આપતાં કે, 'મંત્રતંત્ર કરવાથી કે તાવીજો પહેરવાથી તે ગર્ભ રહેતો હશે !' તેઓ સુપ્રસિદ્ધ ડૉક્ટર ભાઉ દાજી પાસે ઇલાજ કરાવતાં. તેમને બે પુત્રો ૧૮૫૭ અને ૧૮૫૮માં જન્મ્યા, પણ તે મૃત્યુ પામ્યા. ત્યાર બાદ ૧૮૬૦, ૧૮૬૬ અને ૧૮૬૮માં જે પુત્રો પામ્યા તે પાછળથી ડૉ. અનુભાઈ, ગુણીજનરાય અને રમણભાઈ તરીકે પંકાયા. ગુણીજનરાય જાણીતા સરકારી વકીલ હતા. પાર્વતીકુંવર અવારનવાર કહેતાં કે, જો મેં મંત્રેલું પાણી પીધું હોત તો ડૉક્ટરોને બદલે ભૂવા અને સાધુબાવાઓ જ જશ ખાટી જાત. બીજું દૃષ્ટાંત એ છે કે, પાર્વતીકુંવરને હિંદુધર્મમાં ભારે આસ્થા હોવા છતાં તેમણે દેવદર્શન માટે મંદિરોમાં જવાનું બંધ કર્યું. તેમનો વિશ્વાસ દૃઢ થતો ગયો કે, ધર્મ એટલે જડ ક્રિયાકાંડો નહીં; ધર્મનો સાચો હેતુ વ્યક્તિ અને સમાજમાં સદાચાર ફેલાવવાનો છે. 'ધર્મ' અને 'સુધારા' વચ્ચે મૂળભૂત

વિરોધાભાસ નથી તેવો રેશનલ ખ્યાલ તેમના મનમાં બળવત્તર થતો ગયો.

પાર્વતીકુંવરના જીવનનો ખરો કસોટીકાળ અમદાવાદમાં શરૂ થયો. ઈ.સ. ૧૮૫૭માં મહિપતરામની નિમણૂક અમદાવાદની સરકારી અંગ્રેજી હાઈસ્કૂલના આચાર્યપદે થઈ. તેમનું હીર પારખીને મુંબઈ સરકારે તેમને શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કરવા ઈંગ્લન્ડ મોકલવાનો નિર્ણય લીધો. કાળું પાણી ઓળંગવા બદલ ન્યાત શિક્ષા કરશે તે વાતથી બંને વાકેફ હતાં. પાર્વતીકુંવરના ખોળામાં છ માસનો અનુભાઈ હતો. તેમણે પતિને સ્પષ્ટ રીતે કહ્યું કે, 'ન્યાત આપણો ભલે બહિષ્કાર કરે, વિલાયત જવાની તક ગુમાવવા જેવી નથી.'

ઈંગ્લન્ડ જવા સૌપ્રથમ મહીપતરામ મુંબઈ પહોંચી ગયા. બે-ત્રણ દિવસ બાદ ભાથું અને વાસણકૂસણ બાંધીને પાર્વતીકુંવર, અનુ અને મહિપતરામનાં કાકીને સાથે લઈને મુંબઈ ગયાં. કાકી જુનવાણી પણ પ્રેમાળ હતાં. તેમણે મુંબઈમાં કાગારોળ મચાવી મૂકી કે, 'હજુ સમય છે, ચેતી જાવ. બીજું કાંઈ નહીં તો પણ બાળકનો તો વિચાર કરો ! તેને કોઈ જ કન્યા નહીં મળે.' આવાં વચનોથી મહીપતરામ જરા ઢીલા તો પડ્યા પણ પાર્વતીકુંવર મક્કમ રહ્યાં. તેમણે પતિને ઘણી હિંમત આપી. પતિ વિદેશ જતાં પોતે એકલાં પડી જશે તે વાતથી પાર્વતીકુંવર અજાણ્યાં નહોતાં. તે વખતે તેમના ઘરસંસારનું શબ્દચિત્ર મહીપતરામે નીચેના શબ્દોમાં દોર્યું છે :

'મુસાફરીને દિવસે તે નારીનું મુખ ચિંતાતુર જણાયું. ઘરમાંથી નીકળતી વેળા તેના ખોળામાં છૈયો બેઠો હતો. તેને હાથમાં લઈ છાતીએ ચાંપી મેં ચુંબન કર્યું. એ વેળા મારું હૈયું ભરાઈ આવ્યું અને બાઈની આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં.'

ઓગસ્ટ ૧૮૬૦માં મહીપતરામ ઈંગ્લન્ડ પહોંચી ગયા. પાર્વતીકુંવર સુરત સાસરામાં રહેવા લાગ્યાં. બન્ને એકબીજાંને પત્રો લખતાં. પાર્વતીકુંવરના એકલવાયા જીવન દરમિયાન 'નળદમયંતી' જેવા કથાસાહિત્યના સંસ્કારોએ તેમજ સંયુક્ત કુટુંબે સારી એવી હૂંફ આપી હશે.

૧૮૬૧ના સપ્ટેમ્બરમાં મહીપતરામ સ્વદેશ પાછા ફર્યા. ન્યાતે તેમનો બાર વર્ષ સુધી બહિષ્કાર કર્યો. તે દરમિયાન તેમણે દેહશુદ્ધિ અને પ્રાયશ્ચિત્ત કર્યાં અને ન્યાતમાં દાખલ થયા. પણ નર્મદ જેવા સુધારકોનાં વાક્બાણો સહન ન થતાં, તેમણે જાહેર કર્યું કે મેં આ પ્રાયશ્ચિત્ત ખરા મનથી નથી કર્યું, તેથી નાગરી ન્યાતે તેમને ફરીથી બહિષ્કૃત કર્યા. આવા કપરા સંજોગોમાં સંશયી અને અનિર્ણિત પતિનું મનોબળ ટકાવી રાખનાર જો કોઈ હોય તો તે પાર્વતીકુંવર હતાં. તેઓ મહીપતરામને કહેતાં, 'મારી અને બાળકોની ચિંતા ના કરશો. મારે નાતનો નહીં, તમારો ખપ છે.'

ગૃહજીવન અને સમાજજીવનની અનેક આંટીઘૂંટીઓમાંથી પાર્વતીકુંવર આ રીતે પસાર થયાં. જ્ઞાતિની મર્યાદાઓ તે જેમ જેમ આંકતાં ગયાં તેમ તેમ તેઓ બહોળા ફલક પર સ્ત્રીમિત્રો ખોળવા લાગ્યાં. તેમનું નવું પરિચય-વર્તુળ (reference group) વિવિધ જ્ઞાતિઓ અને કોમોનું બન્યું હતું. સુપ્રસિદ્ધ કેળવણીકારો હરકોર શેઠાણી અને સમરથબહેન તેમનાં મિત્ર હતાં. હરકુંવર પ્રખ્યાત જૈન વેપારી હઠીસીંગનાં પત્ની હતાં. તેમણે ૧૮૫૦માં કન્યાશાળા સ્થાપી હતી. સમરથબહેન તેમના પિતા મગનભાઈ કરમચંદે તે જ વર્ષે સ્થાપેલી કન્યાશાળાનો વહીવટ કરતાં. આલીબહેન અમદાવાદની સ્મૉલ કૉઝ કોર્ટના જજ ખરશેદજી માણેકજીનાં પત્ની અને સમાજસુધારક હતાં. શિવકાશી ભોળાનાથ સારાભાઈનાં પત્ની અને જીથુબહેન ભોળાનાથનાં પુત્રી હતાં. બંને નાગર સ્ત્રીઓ વિદ્યાવ્યાસંગી હતી. જ્ઞાનોદાનંદન દેવી રવીન્દ્રનાથ ટાગોરના વડીલ બંધુ સત્યેન્દ્રનાથનાં પત્ની હતાં. તે જ પ્રમાણે સુપ્રસિદ્ધ સમાજસુધારક ગોપાળ હરિ દેશમુખ- ('લોકહિતવાદી')નાં પત્ની પાર્વતીકુંવરના મિત્રમંડળમાંનાં એક હતાં. કુ. મેરી કાર્પેન્ટર, એગ્નીસ ન્યુનહેમ, શ્રીમતી ઓલીફન્ટ અને શ્રીમતી શેપર્ડ જેવી અંગ્રેજ સ્ત્રીઓ તો પાર્વતીકુંવરની ખાસ મિત્રો હતી.

ઉપર્યુક્ત બહેનોનું સંખ્યાબળ અલ્પ હતું. વળી, તમામ બહેનો વિશેષાધિકારી વર્ગમાંથી આવતી હતી. આમ છતાં, ઐતિહાસિક સમયની દૃષ્ટિએ જોઈએ તો સમાજસુધારા માટે સ્ત્રીઓનું વ્યક્તિગત અને સામૂહિક સ્વરૂપમાં હળવુંમળવું તે સાચે જ પલટાતા જતા ગુજરાતી સમાજના સીમાચિહ્નરૂપ હતું. જ્ઞાતિમાંથી ફંટાઈને સુધારાના પ્રવાહને બળ પૂરું પાડતી આ પ્રક્રિયા અભૂતપૂર્વ હતી. સ્ત્રીમંડળી કન્યાશાળાઓની મુલાકાત લેતી અને પરીક્ષા લીધા પછી છોકરીઓના હાથમાં સ્લેટપેન, ગોળપતાસાં તથા સીવણની થેલીઓ મૂકતી. કન્યાકેળવણીને ઉત્તેજન આપવાની રીત સાચે જ સર્જનાત્મક અને નવાચારી (innovative) હતી. ઘણી બાળવિધવાઓને તેમણે શાળામાં મોકલતી કરી હતી. આ બાબત પરત્વે ઈંગ્લન્ડના નારી પ્રતિષ્ઠાવાદી કેળવણીકાર મિસ મેરી કાર્પેન્ટરે તેમના ગ્રંથ 'Six Months in India' (બે ખંડો, લંડન, ૧૮૬૭)માં લખ્યું છે કે, પાર્વતીકુંવર સ્ત્રીઉત્કર્ષની પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ લેતાં હતાં. તે તથા જ્ઞાનોદાનંદનદેવી વિક્ટોરિયા યુગના સાંસ્થાનિક સંસ્કારો (Colonial Culture)ને અનુરૂપ બૂટ અને મોજાં પહેરતાં અને પડદો પાડ્યા વગર ઘોડાગાડીમાં ફરતાં. જુનવાણી લોકો તેમની ટીકા કરતા પણ તેઓ ગણકારતાં નહીં. તેમના સમયની સ્ત્રીઓને તો ચંપલ પહેરવાનો પણ અધિકાર નહોતો. તેને માટે પાર્વતીકુંવરે અને તેમની સાથીદાર સ્ત્રીમિત્રોએ

અવારનવાર લડવું પડેલું.

પાર્વતીકુંવર અમદાવાદના પ્રાર્થનાસમાજનાં (સ્થાપના : ૧૮૭૧) સક્રિય સભ્ય હતાં. કવિ નર્મદે 'ધર્મવિચાર'માં લખ્યું છે કે, તેઓ પ્રાર્થનાસમાજની મહિલા સભ્યોને બાળલગ્નો, દહેજપ્રથા અને કન્યાવિક્રય જેવાં અનિષ્ટો સંબંધી ઉદ્દેશતાં. તેમણે ઝાલાવાડ, પેટલાદ, સોજિત્રા, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર અને સુરતમાં સુધારાવાદી પ્રવચનો કર્યાં હતાં. આવી સંવેદનશીલ અને માયાળુ સ્ત્રી પોતાની પુત્રવધૂઓનાં શિક્ષણમાં રસ લે તેની શી નવાઈ ? તે શણગાર અને છોટીગૌરીને (અનુક્રમે અનુભાઈ અને ગુણાભાઈની પત્ની) કહેતાં : 'તમારી ઉંમર હજી ભણવાની છે. પહેલાં ભણી લો, પછી ઘરસંસાર તો છે જ. વિદ્યાર્થી અવસ્થાનો અવસર ફરીથી નહીં મળે.' સાસુએ આ રીતે બંને વહુઓને મોટી ઉંમરે શાળામાં મોકલી હતી !

પાર્વતીકુંવરનું શરીર મૂળથી જ નબળું હતું. તેવામાં ૧૮૭૯માં પેટ અને પાંસળાંમાં દુખાવો શરૂ થયો. ઉધરસો શરૂ થઈ. પતિએ પ્રખ્યાત ડૉક્ટરો પાસે ઈલાજ કરાવ્યા, પણ તબિયત બગડતી ગઈ. તે સમયે અનુભાઈ મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતા હતા. પડોશણો અને સગાંસંબંધીઓ સાથે જ્યારે તેની વાત નીકળે ત્યારે પાર્વતીકુંવર મલકાઈને કહેતાં કે, 'હું ભાવિ ડૉક્ટરની માતા છું.' પણ માને છેલવેલ્લા મળી લેવા અનુને તેડાવવાની જ્યારે વાત થઈ ત્યારે પાર્વતીકુંવરે કહ્યું, 'અનુની પરીક્ષા પાસે આવી છે. મને મળવા આવશે તો તેનું ભણતર કથળશે.' આથી અનુભાઈને ન તેડાવ્યા અને પરિણામે તેઓ માતાનું મોં છેલ્લે છેલ્લે જોઈ શકેલા નહીં.

પાર્વતીકુંવરને બાકીનાં સૌ કુટુંબીજનો હૂંફ આપતાં. ક્યારેક બાર વર્ષનો રમણ માતાના હાથ ઝાલીને વહાલ કરી લેતો. એક દિવસે પાર્વતીની બહેને ગૌદાન કરી લેવાનું કહ્યું, પણ પાર્વતીકુંવરે કહ્યું કે, હું આ રિવાજમાં માનતી નથી. મૃત્યુના બે દિવસ પહેલાં તેમણે પતિને કહ્યું : 'મારા ગયા પછી છૈયાઓ અને વહુઓની સંભાળ રાખજો.' વળી, તેમણે ઉમેર્યું, તે સમાજસુધારાની દૃષ્ટિએ મહત્ત્વનું હતું : 'રડવાકૂટવાનું તો ભૂલથી પણ રાખતા નહીં.' જોકે અવસાનને દિવસે તો તેમને કેવળ ઘર જ યાદ આવ્યું. સનેપાતમાં તેમણે પતિ સમક્ષ અંતરની વેદના ઠાલવતાં ગણગણ્યું : 'મને મારે ઘેરથી દૂર... ઘરની બહાર કેમ લઈ ગયા છો ?' મહીપતરામ કહે : 'તું બીજે ક્યાંય નથી, આપણે, ઘેર જ છું.' પાર્વતીકુંવર : 'એમ કે ? હા...શ હું ઘરમાં જ છું !' આ તેમના છેલ્લા ઉદ્‌ગારો !

પાર્વતીકુંવરનું અવસાન આજથી ૧૧૬ વર્ષ પહેલાં તા. ૧૪ જુલાઈ ૧૮૮૦ના રોજ થયું. આજે તો તેમનું નામ પણ ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હોય. ગમે તેમ, તો પણ પિતૃસત્તાત્મક શૈલી ધરાવતા આપણા સમાજસુધારાના આંદોલનની દૃષ્ટિએ પાર્વતીકુંવર 'અર્વાચીનોમાં આદ્ય' હતાં. □

ગત માસ (માર્ચ) ગુજરાતમાં



- ગુજરાત સાહિત્ય સભા દ્વારા અપાતો રણજિતરામ સુવર્ણચંદ્રક ૧૯૯૬ના વર્ષ માટે જાણીતા બાલ-સાહિત્યકાર અને અનુવાદક રમણલાલ સોનીને એનાયત કરવાની જાહેરાત થઈ છે. ૧૯૯૫નો ચંદ્રક ભોળાભાઈ પટેલને એનાયત થયો.
- નર્મદા સરોવર બંધની ઊંચાઈ વધારવાની ગુજરાત સરકારની રજૂઆત પર સર્વોચ્ચ અદાલતે સ્ટે મૂક્યો છે. તેની સાથે સર્વજન અને સર્વપક્ષની જાગૃતિ અને વ્યાપક વિરોધ.
- ગુજરાતનાં વિવિધ અભયારણ્યોમાં વર્ષ દરમિયાન નવ સિંહ, છ દીપડા, ૩ નીલગાય, ૧ ચંદન ઘો, ૩ સસલાં, ૧ જંગલી ભૂંડ, ૧ અજગર, ૧ શાહુડી, ૧ ચોશિંગા મળી કુલ ૨૬ પ્રાણીઓની હત્યા કરાઈ હતી.
- ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં રાજ્યભરમાં ૪૮૫ કેન્દ્રો પરથી ૭ લાખ ૪૦ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.
- નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન વિ. કુરિયનને તેમનાં ડેરીક્ષેત્રના ઉત્કૃષ્ઠ પ્રદાન બદલ ફ્રાન્સનો 'ઑર્ડર દ્યુ મેરિટ ઍગ્રિકોલ' ઍવૉર્ડ એનાયત થવાની જાહેરાત થઈ છે.
- ભારત સરકાર દ્વારા અખિલ ભારતીય દૂધ ઉત્પાદન સ્પર્ધામાં રાષ્ટ્રિય કક્ષાએ મહત્તમ દૂધ આપતાં શુદ્ધ ઓલાદનાં દૂધાળાં પશુધારકોને ગોપાલરત્ન ઍવૉર્ડ અપાય છે તે ૧૯૯૩-૯૪ માટે બોચાસણના અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણ મંદિરની ગૌશાળા, જામનગરના ખીમરાણા તાલુકાના દેવરાજભાઈ ડાહ્યાભાઈ માંડવિયા તથા ગોંડલમાં ગૌશાળાને એનાયત થયા છે.

સંગીતશાસ્ત્ર-૪

હસુ યાજ્ઞિક

પશ્ચિમી સંગીતનું સપ્તક

આપણા આધુનિક સંગીતના શુદ્ધ સ્વરના બનેલા સ્વરોના સપ્તકના આરોહ - સા, રે, ગ, મ - ને પશ્ચિમી સંગીતમાં ડો, રે, મી, ફા કહેવામાં આવે છે, અને C, D, E, F, A, B એવી સંજ્ઞા પણ આપવામાં આવે છે.

પરંતુ આપણા ભારતીય સંગીતના શુદ્ધ સપ્તકમાં સ્વરોનાં જે સ્થાન તે જ પશ્ચિમમાં નથી. ગ - જેવા સ્વરની શ્રુતિમાં ફેર છે. એ રીતે આજે સા, રે, ગ, મ, પ, ધ, નિ - ને આપણે ભારતીય સંગીતમાં અને પશ્ચિમી સંગીતમાં જે સૂક્ષ્મ ભેદ છે, શ્રુતિનો તે જાણીએ. ભારતીય સંગીતમાં સપ્તક નામ નીચે પ્રમાણે છે :

ષડજ	: સા	: મોરનો નાભિનો ધ્વનિ
રીષભ	: રે	: ગાયનો હૃદયનો ધ્વનિ
ગંધાર	: ગ	: બકરાનો છાતીનો ધ્વનિ
મધ્યમ	: મ	: ક્રૌંચનો કંઠનો ધ્વનિ
પંચમ	: પ	: કોયલનો મુખનો ધ્વનિ
ધૈવત	: ધ	: ઘોડાનો નાળવાનો ધ્વનિ
નિષાદ	: નિ	: હાથીનો નાકનો ધ્વનિ

શુદ્ધ સ્વરનું સપ્તક

ભારતીય :	સા	રે	ગ	મ	પ	ધ	નિ
પશ્ચિમી :	ડો	રે	મી	ફા	સોલ	લા	સી
સંજ્ઞા :	C	D	E	F	ˏG	A	B

ભારતીય અને પશ્ચિમના સ્વરોની આંદોલન સંખ્યા

પશ્ચિમી	ભારતીય
૨૪૦ - સી	સા - ૨૪૦
૨૭૦ - ડી	રે - ૨૭૦
૩૦૦ - ઈ	ગ - ૩૦૧ ૧૭/૪૩
૩૨૦ - એફ	મ - ૩૨૦
૩૬૦ - જી	પ - ૩૬૦
૪૦૦ - એ	ધ - ૪૦૫
૪૫૦ - બી	નિ - ૪૫૨ ૪/૪૩

આ તાલિકામાં જોઈ શકાય છે પશ્ચિમના Major Scale. આપણા શુદ્ધ સ્વરના સપ્તકમાં સા, રે, મ, પ સમાન છે, પરંતુ ગ, ધ અન નિ - માં શ્રુતિભેદ છે. ;

પશ્ચિમના Major Scaleનો ગ નીચો છે, ભારતીય શુદ્ધ સપ્તકમાં તે ૧ ૧૭/૪૩ ઊંચે છે. પશ્ચિમના ધ કરતાં ભારતીય 'ધ' ઊંચો છે અને તેની આંદોલન સંખ્યામાં પાંચ વધારે છે. 'નિ' પણ પશ્ચિમમાં નીચો છે, ભારતીય સંગીતમાં તે પશ્ચિમ કરતાં ૨ ૪/૪૩ આંદોલન સંખ્યાથી ઊંચો છે. આથી પશ્ચિમના મેજર સ્કેલના જે ગ, ધ, નિ છે તે આપણા ભારતીય શુદ્ધ સ્વરૂપના ગ, ધ, નિ કરતાં સહેજ નીચા છે, અર્થાત્ જેને આપણે કોમળ <u>ગ</u>, <u>ધ</u>, <u>નિ</u> કહીએ છીએ તે પ્રકારના છે. આથી ભારતીય સંગીતની પરિભાષામાં કહીએ તો આપણો કાફી થાટ તે પશ્ચિમનો Major Scale છે.

શું આધુનિક કાળે જે શુદ્ધ સપ્તક છે તે જ ભારતમાં પ્રાચીન કાળે પણ પ્રચલિત હતું ? આ બાબત વિચારણા માગે છે. પ્રાચીન-મધ્યકાલીન ગ્રન્થોમાં તારની લંબાઈ સાથે કયો સ્વર કયાં સ્થાને આવે તેની જે વીગત છે તેને આધારે પ્રાચીનકાળે ભારતીય સંગીતના શુદ્ધ સપ્તકના સ્વરોનાં સ્થાન કયાં હતાં, અર્થાત્ કેટલી આંદોલન સંખ્યા પર તે સ્વર હતા તે સ્પષ્ટ થાય છે. પરંતુ પ્રાચીન તથા મધ્યકાલીન સંગીતશાસ્ત્રીઓએ શ્રુતિની આંદોલન સંખ્યાની વાત નથી કરી. પ્રાચીન સંગીતશાસ્ત્રીઓએ કયો સ્વર કઈ શ્રુતિ પર છે તેનું સ્પષ્ટ વિવરણ આપ્યું છે અને મધ્યકાલીન ભારતીય સંગીતશાસ્ત્રીઓએ વીણાના તારની લંબાઈને આધારે શુદ્ધ સ્વરો અને કોમળ સ્વરો ક્યાં આવે છે તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. આને આધારે પ્રાચીનકાળે શુદ્ધ સપ્તકના કયા સ્વરનું સ્થાન કઈ શ્રુતિ પર હતું તથા બે સ્વરો વચ્ચે કેટલું અંતર હતું તે સ્પષ્ટ થાય છે, તેને આધારે પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ભારતીય સંગીતના ૧૨ સ્વરો કઈ શ્રુતિઓ પર હતા, તેનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.

પ્રાચીન ભારતીય સંગીતશાસ્ત્રીઓમાં ભરત(પાંચમી શતાબ્દી) કૃત 'નાટ્યશાસ્ત્ર' અને સારંગદેવ(૧૩મી શતાબ્દી) કૃત 'સંગીત રત્નાકર' ગ્રન્થ મળે છે. મધ્યકાલીન સંગીતશાસ્ત્રીઓમાંથી લોચન(૧૫મી શતાબ્દી)કૃત 'રાગતરંગિણી' અહોબલ(૧૬મી શતાબ્દી)કૃત 'સંગીત પારિજાત' હૃદયનાથદેવ(૧૭મી શતાબ્દી)કૃત 'હૃદયપ્રકાશ' અને શ્રીનિવાસ(૧૮મી શતાબ્દી)કૃત 'રાગ તત્ત્વબોધ'ના આધારે પ્રાચીન-મધ્યકાલીન ભારતીય સંગીત-શાસ્ત્ર પ્રમાણે કઈ શ્રુતિ પર કયો સ્વર નિશ્ચિત કર્યો હતો, તે આજે પણ જાણી શકાય છે. આધુનિક શુદ્ધ-સ્વરના સપ્તકમાં સા, રે,

ગ, મ, પ, ધ, નિ એ સાત સ્વરો જે શ્રુતિઓ પર છે, તે જ શ્રુતિઓ પર પ્રાચીન-મધ્યકાલીન કાળે ન હતા. શુદ્ધ સ્વરના શ્રુતિસ્થાનનો વિભાવ પ્રાચીનમાં હતો તે મધ્યકાળે બદલાયો. અને મધ્યકાળનું સપ્તક આધુનિકકાળે બદલાયું છે. પ્રાચીનકાળનાં સ્વરનાં શ્રુતિસ્થાન બદલાયાં અને વૈજ્ઞાનિક પદ્ધતિએ એનો વિકાસ શક્ય બન્યો, એનું કારણ એ છે કે મધ્યકાળના સંગીતશાસ્ત્રીઓએ વીણાનો આધાર લઈને તેના ૩૬ ઇંચના તાર પર ૧૨ સ્વરોનાં સ્થાનનો નિર્દેશ કર્યો છે. એ કાળે ભારતીય સંગીતશાસ્ત્રીઓ ધ્વનિના આંદોલનની સંખ્યાના જ્ઞાન સુધી નહોતા પહોંચ્યા, તેમ છતાં તારની લંબાઈના ધોરણને કારણે ષડજની આંદોલન સંખ્યા ૨૪૦ માનક રાખીને તેને આધારે આજ આપણે તેની આંદોલન સંખ્યા પણ કાઢી શકીએ છીએ. જો તારની લંબાઈ ૩૬ ઇંચ હોય તો 'મ' ૨૭ ઇંચ પર આવે. આથી સ્વરનો ગુણોત્તર $\frac{૩૬}{૨૭}$ અર્થાત્ $\frac{૪}{૩}$ થાય. આ રીતે આંદોલનની સંખ્યા મેળવી શકાય છે.

ભારતીય સંગીત પ્રમાણે પાસેપાસેના બે સ્વરોનું અંતર ત્રણ પ્રકારનું છે : (૧) ચાર શ્રુતિનું અંતર ધરાવતા સ્વરો, (૨) ત્રણ શ્રુતિનું અંતર ધરાવતા સ્વરો અને (૩) બે શ્રુતિનું અંતર ધરાવતા સ્વરો. સા-મ-પ ૪ શ્રુતિનું, રે-ધ ૩ શ્રુતિનું અને ગ-નિ બે શ્રુતિનું અંતર ધરાવે છે. પશ્ચિમી સંગીતમાં આ અંતરને મેજર ટોન, માયનર ટોન અને સેમિટોન કહે છે. આગળ જોઈશું તે પ્રમાણે ભારતીય સંગીતશાસ્ત્રે ષડજ-મધ્યમભાવ, ષડજ-પંચમ ભાવ અને ગ્રામ પદ્ધતિએ સપ્તકનો વિભાવ સુનિશ્ચિત કર્યો, તેમ ભારતીય સંગીતશાસ્ત્રીઓએ પણ એ જ ધોરણે સપ્તક નિશ્ચિત કર્યું. આથી પ્રાચીન-મધ્યકાલીન અને આધુનિક ભારતીય સ્વરસપ્તક અને સ્વરસ્થાન તથા પશ્ચિમી સ્વરસપ્તકનાં સ્વરસ્થાન પર કોઈ ખાસ ભેદ નથી. જે ભેદ છે તે આગળ જોયું તેમ ગ, ધ અને નિ એ ત્રણ સ્વરના શ્રુતિસ્થાનનો જ છે. પશ્ચિમના સ્વરસપ્તકનાં ગ, ધ, નિ ભારતીય સ્વરસપ્તકનાં શ્રુતિસ્થાનથી નીચાં છે. આવાં ભેદ તો ઉત્તર ભારતીય અને કર્ણાટકી સંગીત વચ્ચે પણ છે. ઉત્તરી હિન્દુસ્તાનીના સપ્તકનો કોમલ રે, કર્ણાટકીમાં શુદ્ધ રે અને ઉત્તરી શુદ્ધ રે કર્ણાટકીમાં પંચશ્રુતિ રે અથવા ગ મનાય છે. ઉત્તરી <u>ગ</u> કર્ણાટકીનો ષટ્શ્રુતિ રે અથવા સાધારણ ગ, ઉત્તરી ગ કર્ણાટકીનો અંતર ગ મનાયો છે. મ, મા, પ સમાન છે. ઉત્તરી કોમલ <u>ધ</u> કર્ણાટકીમાં શુદ્ધ, ધ, ઉત્તરી 'ધ' કર્ણાટકીનો પંચશ્રુતિ અથવા શુદ્ધ નિ, ઉત્તરી કોમલ <u>નિ</u> કર્ણાટકીનો ષટ્શ્રુતિ ધ અથવા કૌશિક નિ અને ઉત્તરી 'નિ' કર્ણાટકીનો કાકલી 'નિ' છે.

પ્રાચીન-મધ્યકાલીન સપ્તક અને આધુનિક સપ્તકમાં મુખ્ય ભેદ એ છે કે પ્રાચીનકાળે પહેલી શ્રુતિ પર 'નિ' અને ચોથી શ્રુતિ પર 'સા' રાખ્યો છે, આથી સપ્તકનાં સ્વરસ્થાન ભિન્ન છે.

પ્રાચીન સંગીતશાસ્ત્રીઓએ ૨૨ શ્રુતિઓમાં સમાન ભાગે ૭ સ્વરો નિશ્ચિત કર્યા. દરેક શુદ્ધ સ્વરને તે સ્વરની શાસ્ત્રોક્ત અંતિમ શ્રુતિ પર નિશ્ચિત કર્યા. પછી મધ્યકાલમાં ગ અને મ તથા નિ અને સા વચ્ચેનું અંતર ઓછું છે, તે વાસ્તવિકતા સ્વીકારી. વીણાના તાર પર સ્વરોને એની સ્વાભાવિક શ્રુતિ પર દર્શાવ્યા. આથી આંદોલન સંખ્યાનું તત્ત્વ તે વખતે ધ્યાનમાં આવ્યું ન હતું. પરંતુ વીણાના તાર પર સ્વરસ્થાનો નિશ્ચિત કર્યા હોઈને મધ્યકાલનાં સ્વરસ્થાનો તારની ૩૬ ઇંચની માનક લંબાઈ અને ષડજની ૨૪૦ આંદોલન સંખ્યાને માનક રાખીને મધ્યકાલીન સપ્તકમાં બાર સ્થાનો કઈ શ્રુતિઓ પર નિશ્ચિત થયાં તે આજ જાણી શકીએ છીએ. શ્રીનિવાસે જણાવ્યું કે, સ્વરોત્પાદક વીણા પ્રત્યક્ષ જોઈ શકાય છે એથી એના પરનાં સ્વરસ્થાનો નિશ્ચિતરૂપમાં દર્શાવી શકાય છે. એમણે એ પણ દર્શાવ્યું કે શુદ્ધ સપ્તકમાં ષડજ-પંચમ ભાવ સ્થિર રહે છે. અર્થાત્ 'સા' થી 'રે' જેટલો ઊંચો, એટલો 'પ'થી 'ધ'; 'રે' થી 'ગ' જેટલો ઊંચો એટલો 'નિ' થી 'સાં.' એની સ્પષ્ટતા માટે સાપ, રેધ, ગનિ અને મસાંના સ્વરસંવાદનું દૃષ્ટાંત આપ્યું. આમ, પૂર્વાર્ધમાં જે સ્થાને 'સા' પર 'રે', 'ગ' અને 'મ' છે તે જ સમાંતર સ્થાને 'પ' પર 'ધ', 'નિ' અને 'સાં' છે. તારની લંબાઈ પ્રમાણે સ્વરસ્થાન આ પ્રમાણે દર્શાવ્યાં :

તારની લંબાઈ	શુદ્ધ સ્વર	આધુનિક દૃષ્ટિએ આંદોલનસંખ્યા
૩૬ ઇંચ	<u>સા</u>	૨૪૦
૩૨ ઇંચ	રે	૨૭૦
૩૦ ઇંચ	ગ	૨૮૮
૨૭ ઇંચ	મ	૩૨૦
૨૪ ઇંચ	પ	૩૬૦
૨૧$\frac{૧}{૩}$ ઇંચ	ધ	૪૦૫
૨૦ ઇંચ	નિ	૪૩૨
૧૮ ઇંચ	સાં	૪૮૦
તારની લંબાઈ	**વિકૃત સ્વર**	**આંદોલનસંખ્યા**
૩૩$\frac{૧}{૩}$	<u>રે</u>	૨૫૯$\frac{૧}{૫}$
૨૮$\frac{૨}{૩}$	ગ (તીવ્ર)	૩૦૧$\frac{૧૭}{૪૩}$
૨૫$\frac{૧}{૯}$	મ (તીવ્ર)	૩૪૪$\frac{૮}{૧૪૩}$
૨૨$\frac{૨}{૯}$	<u>ધ</u>	૨૮૮$\frac{૪}{૫}$
૧૯$\frac{૧}{૯}$	<u>નિ</u>	૪૫૨$\frac{૪}{૪૩}$

આધુનિક કાળે આ વિકૃત સ્વરસ્થાન સ્વીકાર્ય નથી. પશ્ચિમી સંગીતમાં આંદોલનસંખ્યાને આધારે શ્રીનિવાસ અનુસારનો '<u>રે</u>' ૨૫૬, તીવ્ર અર્થાત્ આધુનિક શુદ્ધ 'ગ' ૩૦૦, તીવ્ર 'મા'

૩૩૭$\frac{૧}{૨}$ કોમલ 'ધ' ૩૮૪ અને તીવ્ર અર્થાત્ આધુનિક પ્રમાણેનો શુદ્ધ 'નિ' ૪૫૦ આંદોલનસંખ્યાનો છે. આમ મધ્યકાલીન શુદ્ધ સપ્તકના સ્વરસ્થાન આજ પણ સ્વીકાર્ય છે પરંતુ એના વિકૃત સ્વરનાં સ્થાન આંદોલનસંખ્યા પ્રમાણે સ્વીકારાય છે. જ્યારે પશ્ચિમના સપ્તકનો 'ધ' ૪૦૦ આંદોલનસંખ્યા પર છે, જે હિન્દુસ્તાની સંગીતમાં ૪૦૫ આંદોલનસંખ્યાનો છે. શ્રીનિવાસ પંડિતનાં શુદ્ધ સ્વરસ્થાનો સ્વીકારીને અભિનવ રાગમંજરીકાર પાંચ સ્થાનોની સરલ યુક્તિ આપે છે. શ્રીનિવાસે જેને શુદ્ધ 'ગ' અને 'નિ' કહ્યા છે તેને કોમલ 'ગ' અને 'નિ' દર્શાવ્યા છે, જેથી બિલાવલ થાટ આધુનિક શુદ્ધ સપ્તક તરીકે સ્વીકાર્ય બને છે. મંજરીકાર પ્રમાણે સ્વરસ્થાન આ પ્રકારે છે :

મંજરીકારના શ્રુતિસ્વર	આંદોલન-સંખ્યા	પાશ્ચાત્ય પ્રમાણે આંદોલનસંખ્યા
સા	૨૪૦	૨૪૦
રે	૨૫૪$\frac{૨}{૧૭}$	૨૫૬
રે	૨૭૦	૨૭૦
ગ	૨૮૮	૨૮૮
ગ	૩૦૧$\frac{૧૭}{૪૩}$	૩૦૦
મ	૩૨૦	૩૨૦
મા	૩૩૮ $\frac{૧૪}{૧૭}$	૩૩૭$\frac{૧}{૨}$
પ	૩૬૦	૩૬૦
ધ	૩૮૧$\frac{૩}{૧૭}$	૩૮૪
ધ	૪૦૫	૪૦૦
નિ	૪૩૨	૪૩૨
નિ	૪૫૨$\frac{૪}{૪૩}$	૪૫૦
સાં	૪૮૦	૪૮૦

અભિનવ રાગમંજરીકારે રે, ધ, મા આપ્યા છે, તેને પ્રાચીન ગ્રન્થોનો આધાર નથી. એ રીતે પશ્ચિમી સંગીતમાં રે, ગ (શુદ્ધ), મા, ધ અને નિ (શુદ્ધ)નાં જે સ્થાન છે તે પ્રાચીન-મધ્યકાલીન ભારતીય સ્વરસ્થાન કરતાં જુદાં છે. ભારતીય સંગીતના ધોરણ પ્રમાણે શાસ્ત્રોક્ત ૨૨ શ્રુતિઓ છે અને તેના સમાન ભાગ પાડીને સ્વર-સ્થાન નક્કી થયાં છે. કોમલ 'રે' દર્શાવતાં શ્રીનિવાસ 'રે'ના સમગ્ર શ્રુતિક્ષેત્રના ત્રણ સમાન ભાગ કરે છે. એ રીતે 'મ' સુધીના પૂર્વાંકના સ્વરો નિશ્ચિત થતાં ઉત્તરાંગે 'પ' પર ધ, નિ, સા તે જ ક્રમે-સ્થાને નિશ્ચિત કરી શકાય છે. આ પદ્ધતિ આધુનિક સંગીતમાં સ્વીકાર્ય નથી. પશ્ચિમી સંગીતના શ્રુતિની આંદોલન-સંખ્યાને ધોરણે આધુનિક હિંદુસ્તાની સંગીત ૧૨ સ્વરોની મધ્યવર્તી ૧૦ શ્રુતિઓ પર સ્વરસ્થાન નિશ્ચિત કરે છે. આપણા પ્રાચીન ગ્રન્થોમાં બે સ્વરોના શ્રુતિભેદને ચાર શ્રુતિનો ભેદ, ત્રણ શ્રુતિનો ભેદ અને બે શ્રુતિનો ભેદ દર્શાવ્યો છે. પશ્ચિમી સંગીતમાં આને મેજર ટોન, માઈન રટોન અને સેમિટોન કહે છે.

પશ્ચિમી સંગીત

સંગીતનાં સ્વરસ્થાન નિશ્ચિત કરવામાં પશ્ચિમી સંગીતમાં પણ સંગીતશાસ્ત્રીઓએ વિવિધ પ્રયત્નો કર્યા છે. ધ્વનિના પદાર્થવિજ્ઞાનનો આધાર લઈને સ્વરસ્થાનો નિશ્ચિત કર્યા છે. માણસને એક અવાજથી બરાબર બમણા ઊંચા અવાજનું તો જ્ઞાન સાહજિક રીતે પહેલાં થયું અને 'સા' થી 'સાં'ના ભેદને પ્રમાણ્યો. એ પછીના તબક્કે મધ્યભાગ પછી દોઢી ઊંચાઈ દર્શાવતા સ્વરનું, અર્થાત્ 'પ'નું ભાન થયું. અને એમાંથી સાત મુખ્ય ચડાવના મુકામો, આરોહનાં સાત પગથિયાં ધ્યાનમાં આવ્યાં. એક સ્વરથી બીજા સ્વર વચ્ચે 'ટોન'નો જે મોટો, નાનો અને અર્ધો મેજર, માઈનર અને સેમિ ડિફરન્સ હતો, તફાવત હતો તે ધ્યાનમાં આવ્યો અને જે બે મુખ્ય સ્વરો વચ્ચે મેજર ટોન ડિફરન્સ છે તેમાં વચ્ચે માયનર ટોન ડિફરન્સ અને સેમિટોન ડિફરન્સ છે તે કળી શકાતાં શુદ્ધ સ્વરના વિકૃત સ્વરો - એટલે કે એ સ્વરથી સહેજ જ ઊંચા અર્થાત્ તીવ્ર અને સહેજ જ નીચા અર્થાત્ કોમલ સ્વરૂપનું ભાન થયું. 'સા' એટલે કે મુખ્ય સ્થિર અવાજ અને 'પ' એટલે કે એ મુખ્ય અવાજના દોઢ ગણા અવાજમાં કોઈ પેટા-સ્વર ન હતા. કેમ કે 'સા'થી સહેજ જ નીચે ઊતરતાં 'નિ' અને સહેજ ઉપર આવતાં 'રે' (કોમળ) આવે છે. એમ 'પ'થી સહેજ નીચે ઊતરતાં 'મા' (તીવ્ર) અને સહેજ ઉપર જતાં કોમળ 'ધ' આવે છે. એથી 'સા' અને 'પ' અચળ રહ્યા. રે, ગ, મ, ધ, નિ - ના વિકૃત સ્વર મળ્યા એથી એક સપ્તકમાં કુલ ૧૨ સ્વર મળ્યા. 'ગ' અને 'મ' તથા 'નિ' અને 'સાં' વચ્ચે તો કોઈ એવી જગ્યા ન હતી જ્યાં જુદો 'ટોન' સંભળાય. બંને એકદમ નજીક. પરંતુ 'સા' થી 'રે', 'ર' થી 'ગ', 'મ' થી 'પ', 'પ' થી 'ધ' અને 'ધ'થી 'નિ' વચ્ચે ડિસ્ટન્સ હતું - અંતરાલ રહ્યું, જેને મેજર એટલે કે મોટું તો ક્યાંક માનયર એટલે કે ઓછું/નાનું કહી શકાય. ગણિતની દૃષ્ટિએ Major Tone Difference $\frac{૯}{૮}$ હતો અને Minor $\frac{૨૫૬}{૨૪૩}$. આમાં $\frac{૯}{૮}$ના અંતરાલને 'ટોન' અને $\frac{૨૫૬}{૨૪૩}$ ના અંતરાલને 'લીમા' કહ્યો. પરંતુ પાયથાગોરાસે એને 'હૈમીટોન' તરીકે ઓળખાવ્યો અને સપ્તકને પાયથાગોરાસ સ્કેલ એવું નામ અપાયું. આ રીતે જે સ્વરસપ્તક બન્યું તેમાં 'નિ' અને 'ગ'ની હાર્મનિ વિશેષ કર્ણપ્રિય જણાઈ. આથી બીજી જ રીતે સપ્તકનું આયોજન કરવાનું, સ્વરો નિશ્ચિત કરવાનું વિચારાયું. ષડજ-પંચમ ભાવે સપ્તકની રચના કરતાં સા, રે, ગ, મ - ની સામે ઉત્તરાર્ધના પ, ધ, નિ, સાં મળ્યાં.

(અનુસંધાન પૃ. ૧૮૦ ઉપર)

છાયાના દેશમાં

—— પ્રફુલ્લ રાવલ ——

નતાશા ઠાકુર.

આ નામ તમને અજાણ્યું લાગે છે ને ! છેય અજાણ્યું. છેલ્લાં વીસ વર્ષમાં મેં તમને રંગભૂમિની ઘણી વાતો કહી છે, પરન્તુ એમાં ક્યાંય નતાશા ઠાકુરની વાત નથી આવી. ક્યાંથી આવે ? એ તદ્દન ભુલાઈ ગઈ હતી. વર્ષો પછી જ્યારે ટપાલમાં એનું દિવાળીકાર્ડ આવ્યું ત્યારે એ સ્મૃતિના બારણે આવીને ઊભી રહી. વિદેશથી નાટ્યની તાલીમ લઈને આવ્યો ત્યારે એક આથમતી સાંજે નતાશાનો પરિચય થયો હતો. ત્યારે આકાશ ચોખ્ખું હતું. હું દિવાળીકાર્ડ જોતો જ રહ્યો. વિચારતો રહ્યો. ધીમે ધીમે એનું આખ્ખું વ્યક્તિત્વ ઊઘડતું ગયું અને ઊઘડતી ગઈ મારી લીલા. અતીતના રંગીન ટુકડા મને પલાળી ગયા.

એનો દુબળો છતાંય ઘાટીલો દેહ, ગૌર વર્ણ, શરમાતી આંખો, લાંબી આંગળીઓ, રણકતો અવાજ, કાળા વાળ, ખીલતાં ગુલાબ જેવો ચહેરો સામે જ હોવાનો ભાસ થવા માંડ્યો. એણે મહાનગર છોડ્યું તેના એક અઠવાડિયા અગાઉ જ એના ચહેરા પર માત્ર ઉદાસીનતાનું આછું વાદળ દેખાયેલું. પણ બધું જ પ્રચ્છન્ન રાખવાની એની પાસે કળા હતી. ન ક્યારેય એણે એના સુખની વાત કરી કે ક્યારેય દુ:ખનાં ગાણાં ગાયાં. ન માની જિકર કરી કે ન પિતાનો ઉલ્લેખ. ન ક્યારેય કહી શકી મને પોતાના હૃદયની વાત અને હુંય ન્હોતો કહી શક્યો મારા મનની વાત. ઋતા પણ કશુંય નહીં જાણતી હોય. હું કશું પૂછું તે પહેલાં જ એણે ઉદાસીનતાને પ્રસન્નતામાં ફેરવી નાખી અને હું એના સ્મિતથી ગાલમાં પડતાં ખંજન જોતો રહ્યો. પછીના અઠવાડિયે જ નતાશાએ લગ્ન કરી લીધું છે અને એ આ નગર છોડીને જતી રહી છે એ સમાચાર ઋતાએ આપ્યા હતા. અને મારે 'છાયાના દેશમાં' નાટકનો શો બંધ રાખવો પડ્યો હતો. ત્યારથી આજ સુધી હું એ નાટકનો એક પણ શો કરી શક્યો નથી. ઘણી વાર મને 'છાયાના દેશમાં' નાટક રજૂ કરવાની ઇચ્છા થઈ છે. પરન્તુ નતાશા જેવી અભિનેત્રી મળી નથી. એવી અભિનેત્રી શોધવાના મેં વ્યર્થ પ્રયત્નો પણ કર્યા છે. એનો અવાજ, ચહેરા પરના ભાવ, પાત્રને પોતામાં સંક્રાન્ત કરવાની અજબ શક્તિ હજુ સુધી મેં બીજી કોઈ અભિનેત્રીમાં જોઈ નથી. વળી, એના અભિનયને પરાસ્ત કરે કે એના અભિનયની બરાબરી કરી શકે એવી કોઈ અભિનેત્રી જોઈ નથી. એથી તો એ નાટક ભુલાઈ ગયું હતું. નતાશા ભુલાઈ ગઈ હતી. એ દિવસોમાં હું ખિન્ન રહેતો હતો ત્યારે ઋતાનું સખ્ય મળ્યું હતું. પછી અમે સંગાથી થઈ ગયાં હતાં. એ મારી સહચારિણી બની ગઈ. અમારા દામ્પત્યજીવનને ગતિ મળી. પછી તો મેં 'છાયાના દેશમાં' નાટક સ્ક્રિપ્ટને મોટી કોથળીમાં મૂકીને માળિયામાં ધકેલી દીધી.

નતાશાનું કાર્ડ ટેબલ પર ખુલ્લું પડ્યું હતું અને મને નાટકના એના સંવાદો સંભળાતા હતા : 'હું સ્વપ્ન છું. મને જોવા આંખ ખોલીશ નહીં. હું અદૃશ્ય છું... ઝાકળનું બિંદુ દૂરથી જ જોવાય. એને સ્પર્શવાની ઇચ્છા ન રખાય. નહીંતર કશું હાથ ન આવે' એવો રણકતો અવાજ ભાવની વિવિધ લઢણો વ્યક્ત કરી શકતો હતો. અને પ્રેક્ષકો પર એના અવાજનું જાદુ પથરાઈ જતું હતું. એકધ્યાને, એકચિત્તે સહુ નતાશાને જોઈ રહેતા. 'હું છાયા છું. કેવળ છાયા... તું છાયાના દેશમાં ખોવાઈ ન જઈશ. હું જાઉં છું. મારી પ્રતીક્ષા ન કરીશ. હું જાઉં છું... જાઉં છું... જા...ઉં છું...' એમ કહીને એ પડદા પાછળ અદૃશ્ય થઈ જતી અને પછી નેપથ્યમાંથી એનો દૂર જતો અવાજ સંભળાતો રહેતો. અને એ અવાજ જેમ જેમ દૂર જતો તેમ તેમ પડદો પડતો જતો અને નાટક પૂરું થતું.

હું એ નાટકના વિચારે જ કાર્ડને કવરમાં મૂકવા મથતો હતો, તો કાર્ડ કવરમાં પૂરું જતું નહોતું. કશુંક કાર્ડને અટકતું હતું. મેં વિચારમાંથી મુક્ત થઈને કવરમાં નજર કરી. કવરમાં એક કાગળનો ટુકડો હતો. મેં એ ટુકડાને બહાર કાઢ્યો. નતાશાના સ્વચ્છ અક્ષરો હતા : 'હું રવિનાને લઈને સાતમી નવેમ્બરે આવું છું' વાંચીને મને આશ્ચર્ય થયું હતું. કોણ હશે, રવિના? મેં ઋતાને ફોન કર્યો હતો. એને પણ આશ્ચર્ય થયુ હતું.

મેં અને ઋતાએ સાતમી નવેમ્બરની પ્રતીક્ષા કરી હતી. એ દિવસો દરમિયાન અમારી વાતમાં હતાશા જ ગૂંથાયેલી રહી હતી. એમ જ સાતમીની સવાર પડી. કદાચ એ થીએટર પર આવે એવા ખ્યાલે હું વહેલો નીકળ્યો હતો. મારી મારુતિની ગતિ તેજ હતી. પહોંચ્યો ત્યાં સુધી નતાશા આવી નહોતી. હું મારા કામે લાગ્યો હતો. પરંતુ મનમાં નતાશા જ રમતી હતી. અગિયાર વાગે ઋતા લંચ લઈને આવી હતી. હું રિહર્સલ માટે હાઉસમાં હતો. ઋતા ઓફિસમાં બેઠી હતી. હું અવારનવાર નતાશાના સમાચાર પુછાવતો હતો. બપોરે દોઢ વાગે અમે લંચ લેવા બેઠાં ત્યારે ઋતાએ પૂછ્યું : 'કેમ નહીં આવી હોય, નતાશા?'

'મારા મનમાં પણ એ જ પ્રશ્ન છે.'

અમે બન્ને નતાશાની ચિંતા કરતાં હતાં. જમીને આરામ કરવાની અમારી રોજિંદી ટેવ હતી. ત્યારે થીએટરની કોઈ વ્યક્તિ અમને ડિસ્ટર્બ કરતી નહોતી. મેં તે દિવસે ચોકીદારને ખાસ સૂચના આપી હતી : 'અગર કોઈ દો ઔરત આયે તો હમેં જગાના.' ચોકીદારને અમને જગાડવાનું બન્યું નહોતું. અમે જ જાગી ગયાં હતાં ને કામે લાગી ગયાં હતાં. દરમિયાન હાઉસમાં

ઋતા બે-ત્રણ વખત આવી ગઈ હતી. એમ જ રાતના અગિયાર વાગ્યા હતા. અમે રિહર્સલ બંધ કર્યું હતું. સહુ કલાકારો પોતપોતાનાં વાહનો લઈને નીકળી ગયાં હતાં. પછી ઋતાએ ઑફિસ બંધ કરી અને હું થીએટરના પાછળના ભાગમાંથી મારુતિ લઈને આગલા દરવાજે આવીને ઊભો. ઋતા ગાડીમાં બેઠી. મેં ગાડી સ્ટાર્ટ કરી. લાઈટ ઑન કરી. ટર્ન લઈને દરવાજાની બહાર નીકળ્યો તો સામે જ વીસ વર્ષની છોકરી સાથે એક પ્રૌઢા ઊભી હતી. મને અને ઋતાને ઓળખતાં વાર નહોતી લાગી. એ નતાશા જ હતી. પણ આટલી ક્ષીણ ! આટલી થાકેલી ! મને એક આછી ધ્રુજારી આવી ગઈ. ઋતા બારણું ખોલીને બહાર નીકળી. હું ગાડીને બાજુમાં પાર્ક કરીને બહાર આવ્યો. 'આ રવિના, મારી દીકરી.' નતાશાએ ઋતાને અને મને ઓળખાણ કરાવી. મેં રવિના સામે જોયું. અસ્સલ પચીસ વર્ષ પહેલાંની નતાશા જ જાણે ! મારામાં યુવાની સળવળી. મેં નતાશા સામે. જોયું - શિથિલ નતાશા સામે, જિંદગીથી થાકેલી નતાશા સામે મેં એની આંખમાં એનાં લગ્ન પૂર્વે મેં પૂછેલા પ્રશ્નનો જવાબ'શોધવા પ્રયત્ન કર્યો; પરંતુ એની આંખમાં ત્યારે સિવાય નિરાશા કશું જ દેખાતું નહોતું. કશોક ભાર વર્તાતો હતો. આ મહાનગરમાં નતાશાનું કોઈ નહોતું. મેં નજર ફેરવીને રવિના સામે જોયું. અમે એ બન્નેને અમારા ફ્લેટ પર લઈ ગયાં હતાં. નતાશા પાસે, રવિના પાસે ઝાઝો સામાન નહોતો. અમે ફ્લેટ પર પહોંચ્યાં પછી ઋતાએ જમવાનું બનાવ્યું હતું. સાથે જમ્યાં હતાં. સતત હું નતાશાને જોતો હતો. કેટલી બદલાઈ ગઈ હતી નતાશા ! જમીને હું શયનખંડમાં ગયો ત્યાર બાદ મોડી રાત લગી નતાશાએ ઋતાને પોતાની કથા-વ્યથા કહી હતી. એમ એ હળવી થઈ હતી. ઋતાએ શયનખંડમાં આવીને નતાશાની વાત કરી ત્યારે હું તો રવિનાના વિચારમાં જ લીન હતો. એમ જ આંખ મીંચાઈ ને સવારે સ્વપ્નભંગે જાગ્યો, ત્યારે ઋતા પાસે નહોતી. એ વહેલી જાગી ગઈ હતી. હું તૈયાર થઈને ડ્રોઈંગ રૂમમાં આવ્યો. ચા પીવાની શરૂ કરી ત્યાં ઋતાએ કહ્યું :

'રવિનાને સ્ટેજ પર કામ કરવું છે.' મેં રવિના સામે જોયું. કળા એની આંખમાં છલકાતી હતી.

'રવિના' એ જ નાટકમાં કામ કરશે.' નતાશાએ પોતે અધવચ્ચે જે છોડી દીધું હતું તે નાટકનું સ્મરણ તાજું કરીને કહ્યું. એના અવાજમાં કાલનો થાક ઓગળી ગયો હતો.

'પછી...?'

'હું મારી મમ્મીની જેમ એકાએક અદશ્ય નહીં થઈ જાઉં.' રવિનાએ સહજતાથી કહ્યું. હું વિચારતો હતો કે શું નતાશાએ સઘળો અતીત રવિનાને કહ્યો હશે !

'ભલે એ છાયાના દેશમાં રહે' નતાશાએ કહ્યું.

'મારે આજથી થીએટર પર આવવું છે' એટલું કહીને રવિના ઊભી થઈને બીજા રૂમમાં ગઈ.

હું 'છાયાના દેશમાં' નાટકનો પહેલો સંવાદ મનમાં ગણગણ્યો : 'આવ... આવ... હું તને આવકારવા ઊભો છું મારા બારણે'.... ત્યાં ફોનની ઘંટડી વાગી. ઋતા ઊભી થઈને ફોન રિસીવ કરવા ગઈ. અને હું ઊભો થઈને મારા શયનખંડના માળિયામાંથી નાટકની સ્ક્રિપ્ટ ઉતારીને બેઠકખંડમાં લઈને આવ્યો ત્યારે રવિના તૈયાર થઈને બેઠી હતી. મેં પૂછ્યું :

'Are you ready, Ravina ?'

'Yes.'

'Shall we go to the theatre ?'

'Of course.'

અને હું અને રવિના ઊભાં થઈને થીએટર જવા નીકળ્યાં. મેં પાછું વાળીને ન નતાશા સામે જોયું કે ન ઋતા પર નજર કરી.

વળી હું છાયાના દેશમાં જતો હતો.

□

અનુસંધાન] **સંગીતશાસ્ત્ર** [પૃ. ૧૭૮થી

આ 'પ'ને 'સા' માનીને એને દોઢ ગણી ઊંચાઈએ લઈ જતાં 'રે' મળ્યો. ને એ 'પ' પછીનો 'ધ' બન્યો. આ રીતે જે પાંચમો સ્વર આવે તેને 'સા' ગણીને તેનાથી દોઢ ગણા ઊંચા સ્વરની શોધ કરવામાં આવી. આ રીતે જે સ્વરન્સપ્તક મળ્યું તેમાં અંતિમ ષડજનું આંદોલન પ્રારંભિક 'સા'ના ગુણાંતરમાં ન મળતાં એમાં વૃદ્ધિ થયેલી જોવા મળી. એમાં જે વધારો થયો તે $\frac{૮૧}{૮૦}$ હતો. આથી પંચમને 'સા' માનીને સ્વરો નિશ્ચિત કરવાની પદ્ધતિ સાહજિક એવા સ્વરસપ્તકના નિર્માણમાં ઉપયોગી ન બની. આમ, ષડજ-પંચમ ભાવે સપ્તક સિદ્ધ ન થયું.

આથી પછી 'મ'ને 'સા' માનીને તેની સહાયતાથી સપ્તક બનાવવાનો પ્રયત્ન કર્યો. 'મ'ને 'સા' માની એના 'મ'ની શોધ કરતાં 'નિ' મળ્યો. આ રીતે આ ક્રિયાને આગળ વધારી અને મૂળ સંખ્યાનો ગુણાંતર શોધ્યો પરંતુ ન મળ્યો. આ રીતે જે સપ્તક બન્યું તેમાં 'સા' નીચો આવ્યો. પરંતુ અહીં જાણવા મળ્યું કે 'પ'ને 'સા' માનીને ચાલતાં મૂળ ગુણાંકમાં $\frac{૮૧}{૮૦}$ નો વધારો થયો તો 'મ'ને 'સા' બનાવી આગળ વધતાં $\frac{૮૧}{૮૦}$ નો ઘટાડો થયો. આ અંતરાલને 'કોમા' એટલે કે પ્રમાણ શ્રુતિ તરીકે ઓળખાવી. આને આધારે જ સપ્તકની શોધ સફળ બની. □



ફિલ્મનું અનુભાવન [૧૮]

હસમુખ બારાડી

એટલું સંપૂર્ણ ચીતર્યું હોય છે કે આપણે એ જીવનનાં ઉંબર બહાર જ ખડા રહેવાનું છે. પડદે આગનું દશ્ય હોય તો એ ઠારવાની કે બંબાવાળાને બોલાવવાની આપણી કોઈ જવાબદારી નથી. એ જ રીતે કોઈને થતો અન્યાય પણ માત્ર આપણે **નિહાળવાનો** જ છે, અને એ પણ એ રીતે કે શોષિત કે શોષક બેમાંથી કોઈ આપણને નિહાળતા નથી. આપણી બાજુમાં બેઠેલા પ્રેક્ષકદંપતીના હાવભાવ આપણે ચોરનજરે જોવા પડે, પણ પડદે રજૂ થતાં ઉઘાડાં દશ્યો સામે તાકી રહેતાં આપણને જરાય શરમ નહીં આવે ! ટૂંકમાં, કોઈ જોખમ કે જવાબદારી વિના સારું-માઠું બધું પડદે નિહાળવાનું અને એના વિશેનો માનસિક પ્રત્યાઘાત બેફિકર મુક્તિથી આપણે આપી શકીએ. જાણે પડદા પરના પ્રસંગ અને આપણા વચ્ચે એક પ્રકારની 'બેજવાબદાર પ્રક્ષેકવૃત્તિ'નો જ પડદો ન હોય ! જે પડદો આપણને ખુરસીમાં ચિટકાડી રાખે છે, એ જ આપણને આવું રક્ષણ પણ આપે છે. હા, પડદા પરના દશ્યનું આપણે પૃથક્કરણ કરી શકીએ. પણ એ ચિત્રિત પ્રસંગ સાથે ન્હાવા-નિચોવવાનો પ્રેક્ષક તરીકે કોઈ સંબંધ નથી.

દશ્ય કલ્પન - ૧
(IMAGE)

કોઈ પણ પ્રસંગ – કાલ્પનિક, આકસ્મિક કે કુદરતી ગમે તે હોય, તે અને ફિલ્મને પડદે એની રજૂઆત વચ્ચેનો મોટામાં મોટો તફાવત તો માનસિક જ છે. ફિલ્મ અને વાસ્તવિકતા વચ્ચેનો એ તફાવત આપણે જાણતા હોઈએ છીએ, અને એટલે, કાલ્પનિક કથાનું ગમે તેવું સબળ વાસ્તવિક નિરૂપણ હોય તોય ફિલ્મનું માધ્યમ જીવનની વાસ્તવિકતાને એ રીતેય કદી આંબી ન શકે, કે પડદે રજૂ થયેલી વાસ્તવિકતામાં આપણે સામે થઈ શકતા નથી. કારણ કે આપણે એના **માત્ર પ્રેક્ષકો** જ છીએ. જીવનની વાસ્તવિકતા કે કોઈ પણ પ્રસંગ અથવા વસ્તુને તો આપણે ચોતરફથી ત્રણેય પરિમાણમાં અનુભવીએ, એમાંથી ઇચ્છા મુજબ પસંદ કરીને તપાસી જઈએ. પણ ફિલ્મનું દ્વિપરિમાણી માધ્યમ આપણને, પ્રેક્ષકો તરીકે, કંઈ પસંદ કરવા દેતું નથી. ગમે તેટલી ઇચ્છા હોય તો પણ કોઈ પણ ક્રિયા કે સંવાદનો પ્રભાવ સામેની વ્યક્તિ પર કેવો પડે છે એ આપણે જાતે જોઈ કે શોધી શકતા નથી, અન્ય પાત્રો સાથે વાત કરી શકતા નથી; આપણે તો દિગ્દર્શક બતાવે એટલું જ જોઈને સંતોષ માનવો પડે છે. સિનેમાઘરના અંધારામાં સાથીદાર સાથેનાં તોફાન, કે અમસ્તી આજુબાજુ નજર કરવા ઉપરાંત ટિકિટમાં ફાળવાયેલી ખુરશીમાં પ્રેક્ષક તરીકે આપણે માત્ર ચોંટી જ રહેવાનું હોય છે. માત્ર જોવા અને સાંભળવાનું આપણું કામ છે, પણ એ બે ઇન્દ્રિયો મનમાં જે ઘમસાણ ઊભું કરે એ દરેક વ્યક્તિના પૂર્વ અનુભવમાં ભળતું, નિરનિરાળું રસાયણ હોઈ શકે. બાકી પડદા પરનાં ચિત્રો/ધ્વનિઓમાં ફેરફાર કરવાનું કે એની સામે વિરોધ કરવાનોય આપણને અધિકાર નથી, કારણ કે એ ચિત્રો/ધ્વનિઓ ઘણા વખત પહેલાં પૂર્વનિશ્ચિત ક્રમે સ્થળ-સમયમાં બદ્ધ કરવામાં આવતાં હોય છે.

એટલે કે પડદા પરના પ્રસંગોમાં આપણને હસ્તક્ષેપ કરવાની જેમ તક નથી તેમ એની જરૂર પણ નથી; એટલે કે હસ્તક્ષેપ કરવાની આપણી જવાબદારી જ નથી ! પડદા પરનું જીવન કાળજીપૂર્વક નાની નાની વિગતોથી દિગ્દર્શકે

આમ, કૅમેરા(દિગ્દર્શકના દષ્ટિબિંદુથી)માત્ર વાસ્તવિકતાની તસ્વીર પાડે છે – સહેજ પણ લાગણીશીલ બન્યા વિના; પરંતુ પ્રેક્ષકો તો વાસ્તવિક જીવનમાં એવા કોઈ પ્રસંગ વિશે જે રીતે પ્રત્યાઘાત આપતો હોય છે, એ જ રીતે પડદા પરના પ્રસંગ વિશે પણ આપવાની ટેવ એનાથી કંઈ થોડી છૂટે ? એ પ્રસંગમાં પ્રેક્ષક સામેલ ભલે ન થાય, પરંતુ જોઈ-સાંભળીને પ્રેક્ષક મનમાં જે જગત ઊભું કરે છે, એના વિશે સાવ તટસ્થ રહેવું એને માટે શક્ય નથી. આવા 'મૂક નિષ્ક્રિય પ્રેક્ષણ' દરમ્યાન પણ પ્રેક્ષકના આગ્રહો-પૂર્વગ્રહો, અને એ મુજબના પ્રત્યાઘાતો, ચાલુ જ રહે છે અને એને ખ્યાલમાં રાખીને ફિલ્મના દિગ્દર્શકે પડદા પરનાં ચિત્રો/ધ્વનિઓની હારમાળા અને પ્રસંગો સર્જ્યાં હોય છે. દિગ્દર્શકે પણ એ ચિત્રો/ધ્વનિઓને પસંદ કરવાની અને ગોઠવવાનીય એવી 'પ્રણાલિ' ઊભી કરી છે (અત્યાર સુધીના પોતાના અનુભવ અને થોડા નિયમોને આધારે) જેની પ્રેક્ષકોને ટેવ છે, પૂર્વ અનુભવ છે, મોટા ભાગના પ્રેક્ષકો દ્વારા એ પ્રણાલિ સ્વીકાર પામેલી છે. દિગ્દર્શકની ભલે એ પહેલી ફિલ્મ હોઈ શકે, પણ આજના પ્રેક્ષકોએ તો ગોઠવેલાં ચિત્રોની આવી હારમાળા અગાઉ અનેક વખત નિહાળી છે. ફિલ્મના માધ્યમના પ્રારંભમાં નવી નવી યુક્તિ-પ્રયુક્તિઓ જ્યારે શોધાતી અને વિકસતી હતી ત્યારે હજી પ્રેક્ષકો એને

પહેલી વખત જોઈને દિગ્દર્શકે ન ધાર્યો હોય એવો પ્રત્યાઘાત આપતા; દા.ત. મૉસ્કો શહેરના સિનેમાઘરમાં ગામડેથી પહેલી વખત આવેલી યુવતિએ ફિલ્મને પડદે કોઈના માથાનો ક્લૉઝઅપ જોઈને એટલી તો ચીસ પાડી હતી કે 'અરે, એનું બાકીનું શરીર ક્યાં ?' પરંતુ આજે ક્લૉઝઅપ, પીઠ ઝબકાર (ફ્લૅશ બૅક), પ્રતીકાત્મક સંકલન (એડિટિંગ) વગેરે કોઈ યુક્તિઓની પ્રેક્ષકોને નવાઈ નથી. ખરી રીતે તો દિગ્દર્શકે પોતાની બધી યુક્તિઓ પ્રેક્ષકોને સમજાય એ રીતે જ પ્રસ્તુત કરવાની હોય. અલબત્ત, યુક્તિનું રહસ્ય દિગ્દર્શક જરૂર પ્રમાણે ઢબૂરે, પરંતુ ત્યારેય એનો ઉદ્દેશ તો પ્રેક્ષકને એ દ્વારાય રોમાંચ આપવાનો જ હોય.

આમ, ફિલ્મના પડદાની બન્ને બાજુએ, એટલે કે દિગ્દર્શક અને પ્રેક્ષક બંને પક્ષે, છેલ્લા આખા સૈકા દરમ્યાન કૅમેરા અને માનવઆંખની મર્યાદાઓને ઓળંગવા માટે ખૂબ મથામણ કરી જોવામાં આવી છે.

આપણે પ્રેક્ષકો તરીકે એ પણ યાદ રાખવું જોઈએ કે ફિલ્મના માધ્યમની જ્યારે શરૂઆત થઈ ત્યારે **એ વખતના થીએટરમાં વાસ્તવવાદનો પ્રભાવ હતો**, એટલે કે તત્કાલીન થીએટરની પ્રણાલિમાં (હેન્રિક ઇબ્સન, અન્તોન ચેહફ, જ્યૉર્જ બર્નાર્ડ શો વગેરેમાં) વાસ્તવવાદ મુજબ '**તખ્તાની ચોથી દીવાલે** પ્રેક્ષકો બેઠાં છે, પણ એની હાજરીની નોંધ ન લઈને નટોએ અભિનય કરવાનો હતો, અને પ્રેક્ષકોએ પણ આ ચોથી દીવાલે બેસીને નટોનું વાસ્તવિક જીવન છાનામાના નિહાળવાનું હતું.' નાટકના થીએટરમાં આવા **બેફિકર મુક્તિના પ્રેક્ષણ**નો અનુભવ, અને પછી ટેવ, પ્રેક્ષકોને હતી એટલે પડદા પરના પ્રસંગો સામેલ થયા વિના નિહાળવાનું ફિલ્મના પ્રેક્ષકને અડવું અડવું ન લાગ્યું. એ જ રીતે એ વર્ષો દરમ્યાન ઝડપથી ચાલતી મોટર અને રેલગાડીઓમાં બેસીને ડાબે-જમણે ગતિશીલ દૃશ્યો જોવાનો અનુભવ વધ્યો તેથી કૅમેરા દ્વારા એ દરમ્યાન શક્ય બનેલા 'ટ્રેક' 'રાઈટ'/'લેફ્ટ'ની ગતિ પ્રેક્ષકોને ગૂંચવી ન શકી. આ વાહનો જે ઝડપે સીધાં જતાં હતાં. એને લીધે 'ટ્રેક ઇન આઉટ', 'ઝૂમ ઇન આઉટ' પણ પ્રેક્ષકોને અસહજ નહીં લાગ્યા હોય. અલબત્ત, આજે વિજાણુ યંત્રવિદ્યાથી ટીવીને પડદે જે રીતે ચિત્રો-ધ્વનિઓની રમત ખેલાય છે, એ પછી તો ફિલ્મનાં પડદાની યંત્રવિદ્યા કોઈને ખૂબ પછાત પણ લાગે ! એટલે તો ફિલ્મના માધ્યમે હવે તો જીવનની વાસ્તવિકતાને સાવ નવા દૃષ્ટિકોણથી પ્રસ્તુત કરવી પડે છે. (હિન્દી ફિલ્મઉદ્યોગે એ માટે **'હમ આપકે હૈં કૌન' લગ્નની વિડીયો કેસેટ** જેવું બનાવવું પડ્યું તો અન્યોએ **કોરસ પ્રેમગીતો** તથા **હિંસા અને કામુકતાનાં ઉઘાડાં દૃશ્યો**નો આશરો લેવો પડ્યો છે.) યંત્રવિદ્યા, પ્રેક્ષકોનો પૂર્વ-અનુભવ, એમાંથી જન્મતી અપેક્ષાઓ, અભિવ્યક્તિની લઢણો અને દિગ્દર્શકની યુક્તિ-પ્રયુક્તિઓ વગેરે બધું - આ રીતે આમ એક સાંકળે ગંઠાયેલું હોય, પરસ્પરને પ્રભાવક હોય. સૌની સહિયારી મથામણ તો એમાં એટલી જ હોય કે આપણા અને આપણી આજુબાજુના જીવનને પામવું, એને વ્યક્ત કરવું, અને એ બંને દ્વારા એને સમૃદ્ધ કરવું. કારણ કે કથાના કથનનાં સાહિત્ય તથા રંગભૂમિનાં માધ્યમોની જેમ જ ફિલ્મ પણ વર્ણનાત્મક માધ્યમવિશેષ છે. **કાલ્પનિક જગતમાં પલાયન** ફિલ્મનો હીન ઉદ્દેશ એટલો તો ગણાયો છે. કાલ્પનિક કથાનાં પાત્રો દ્વારા થતી રસાનુભૂતિ અને એ દ્વારા અનુભવાતું જીવન આ માધ્યમની સાર્થકતા છે. અલબત્ત, એ કલાકાર-સર્જ્યું હોવું જોઈએ; તિજોરી ભરવા માગતા વેપારી-સર્જ્યું એ જેટલું ઓછું હોય એટલું એ વધુ સિદ્ધ થાય.

□

લોકશાહીનું નાગરિક-ઘડતર

— દિનેશ શુક્લ —

બંધારણનું શાસન, સત્તાવિશ્લેષ અને સત્તાનું વિભાજન

સમાજની સર્વોપરી અને નિર્ણાયક સત્તા - રાજકીય સત્તા- કોના હાથમાં અને શા માટે હોવી જોઈએ એ રાજકીય તત્ત્વચિંતનનો એક મુખ્ય મુદ્દો રહ્યો છે. પ્લેટોએ આ સત્તા તત્ત્વચિંતકો પાસે હોવી જોઈએ, એવો મત વ્યક્ત કર્યો છે. સૌનું શ્રેય શેમાં રહેલું છે, એનું જ્ઞાન તત્ત્વચિંતકો ધરાવે છે એટલે એ સત્તા એમની પાસે હોવી જોઈએ એમ તે માને છે. 'વર્ચ્યૂ ઇઝ નૉલેજ' (સદ્‌ગુણ એ જ જ્ઞાન) એવા સૉક્રેટિસના પ્રસિદ્ધ વિધાનને અનુસરી પ્લેટો માને છે કે જેને સદ્ અથવા શ્રેયતત્ત્વનું ખરેખર જ્ઞાન થયું છે એવા તત્ત્વચિંતકોના હાથમાં રાજ્યની સત્તા હોવી જોઈએ. આમ, પ્લેટોએ તત્ત્વચિંતક-શાસકની વિભાવના રજૂ કરી છે. પ્લેટોનો શિષ્ય ઍરિસ્ટોટલ 'ફિલોસોફર કિંગ'ના શાસનને એક આદર્શ તરીકે તો સ્વીકારે છે. પણ વ્યવહારમાં આવા ઉત્તમ તત્ત્વચિંતકો હંમેશાં શાસકો તરીકે મળી રહેશે એ વિષે શંકા સેવે છે. એના વિકલ્પે ઍરિસ્ટોટલ 'સેકન્ડ બેસ્ટ' પણ વ્યવહાર ચરિતાર્થ થઈ શકે એવા 'કાયદાના શાસન'ની હિમાયત કરે છે. મનુષ્ય ગમે તેટલો મહાન, સદ્‌ગુણી અને જ્ઞાની કેમ ન હોય, પણ આખરે તો એ હાડ-ચામનો બનેલ માનવી જ છે. એનામાં રાગ, દ્વેષ મોહ-માયા, લોભ-લાલચ, પક્ષપાત-પૂર્વગ્રહ જેવી માનવસહજ નબળાઈઓ વધતાઓછા પ્રમાણમાં હોવાની. એટલે કોઈ એક માણસ અથવા એવા માણસોના સમૂહને શાસનની સર્વોપરી સત્તા કાયમ માટે સોંપવી એમાં જોખમ છે. એને બદલે માણસો કાનૂનના શાસન હેઠળ રહે, એમાં વધારે સલામતી છે. ઍરિસ્ટોટલે કાનૂનની સુંદર વ્યાખ્યા આપી છે. 'ઇચ્છાઓ અને આવેગોથી પ્રભાવિત નહીં થતી બુદ્ધિ અથવા વિવેક એટલે કાનૂન' ('લૉ ઇઝ રિઝન, અનઅફેક્ટેડ બાય ડિઝાયર્સ'). શાંત ચિત્તે, કશાય રાગદ્વેષ વિના, એકઠા થઈને, ચર્ચાવિચારણા કરીને ઠરાવવામાં આવેલા નિયમ અથવા કાનૂન અનુસાર દેશનું શાસન ચાલે, એ વધારે ઇચ્છનીય છે, એમાં વધારે સલામતી છે. આમ, આધુનિક પરિભાષામાં જેને કાનૂન અથવા બંધારણનું શાસન કહીએ છીએ, એની સૌપ્રથમ હિમાયત ઍરિસ્ટોટલે કરી છે.

રાજ્યની દંડશક્તિના સમ્યક્ ઉપયોગ પર કૌટિલ્યે પણ ભાર મૂક્યો છે. દંડશક્તિનો ન તો અતિરેકભર્યો ઉપયોગ કરવો જોઈએ કે ન તો દુરુપયોગ કરવો જોઈએ, એવી એણે રાજાને સલાહ આપી છે. ધર્મ(એના વિશાળ અર્થમાં, 'સંપ્રદાય'ના અર્થમાં નહીં)નાં સ્થાપન, પાલન અને સંગોપન માટે જ દંડશક્તિ પ્રયોજવી જોઈએ એમ એણે કહ્યું છે. એ સારુ રાજાનાં શિક્ષણ અને વિશિષ્ટ પ્રકારની તાલીમ પર એણે ખાસ ભાર મૂક્યો છે. શાસનની અમર્યાદ સત્તા જે શાસક વર્ગ (ગાર્ડિઅન ક્લાસ)માં મૂકવાની પ્લેટોએ હિમાયત કરી છે, એના વિશિષ્ટ પ્રકારના શિક્ષણ પર પ્લેટોએ પણ ભાર મૂક્યો છે.

પણ આપણે યાદ રાખવું ઘટે કે પ્લેટો અને કૌટિલ્ય જે શાસકોનાં શાસનોની હિમાયત કરે છે, એ અમર્યાદ, નિરંકુશ શાસનો છે; જેમના પર શાસન થાય છે, એ લોકો કે પ્રજાનો તેમની પર અંકુશ કે નિયમન નથી. એટલું જ નહિ, કોઈ ચઢિયાતા કાનૂનનું કે સિદ્ધાંતનું પણ નિયમન નથી. જ્યારે ઍરિસ્ટોટલ જે શાસનની હિમાયત કરે છે, તે કાનૂન-(બંધારણ)ના અંકુશ હેઠળનું શાસન છે. અલબત્ત, આ કાનૂન (બંધારણ) ઘડ્યો છે તો લોકોએ જ. સામૂહિક ચર્ચાવિચારણાના અંતે. સૌના અનુભવ અને ડહાપણના નિચોડ સ્વરૂપે શાસનસત્તાનું નિયમન કરતો કાનૂન (બંધારણ) ઘડવામાં ઘણાબધાનું યોગદાન છે. કાનૂન (બંધારણ) ઘડતરની આ પ્રક્રિયામાં ઘણાબધાની સામેલગીરીએ સ્વયં એને ઔચિત્ય અને સ્વીકૃતિ (લેજિટિમસી) પૂરાં પાડે છે. ઉપરાંત, સંજોગો અને પરિસ્થિતિ બદલાય તો એમાં જરૂરી અને ઉચિત ફેરફારો પણ ચર્ચાવિચારણા દ્વારા કરી શકાય છે, એ એનો વિશેષ લાભ છે. વળી, બંધારણીય શાસન હેઠળ, વારા પ્રમાણે, સૌને શાસન કરવાની અને શાસિત થવાની પણ તક મળતી રહે છે. આવી વ્યવસ્થા હેઠળ કોઈ વ્યક્તિ, કુટુંબ કે વર્ગવિશેષની સત્તાની કાયમી ઈજારાશાહી સ્થપાતી નથી, એ એનો સૌથી મોટો લાભ છે.

આધુનિક યુગ બંધારણીય શાસનનો યુગ કહેવાય છે. મોટા ભાગનાં રાજ્યો કોઈ ને કોઈ પ્રકારના લેખિત બંધારણ અનુસાર ચાલે છે. બ્રિટન જેવા દેશમાં જ્યાં પરંપરાગત રાજાશાહી છે, ત્યાં પણ રાજા અગર રાણીના હાથમાં ખરેખર, વાસ્તવિક સત્તા નથી. ત્યાં શાસન માટેના કેટલાક નિયમો, પ્રણાલિઓ, પરંપરાઓનો ઉદ્‌વિકાસ થયો છે, એને આધારે શાસન ચાલે છે. ત્યાં લેખિત બંધારણ નથી, પણ કાયદા


અનુસાર શાસનની દીર્ઘ અને સુદૃઢ પરંપરા ઊભી થઈ છે. બ્રિટનની રાજાશાહી 'બંધારણીય રાજાશાહી' નામે ઓળખાય છે.

નિરંકુશ, અમર્યાદ, આપખુદ રાજાશાહીમાંથી લેખિત બંધારણ હેઠળના શાસન ભણી જે સંક્રાંતિ થઈ, એમાં અમેરિકાનો ફાળો સૌથી મહત્ત્વનો છે. લોકોના પ્રતિનિધિઓએ ભેગા મળીને, ચર્ચાઓ કરીને, લેખિત-દસ્તાવેજી સ્વરૂપનું બંધારણ ઘડ્યું હોય એવો એ આધુનિક સમયનો પહેલો દાખલો છે. રાજ્યની સત્તાનો વ્યવહારમાં ઉપયોગ કરનાર સરકારનાં ત્રણ અંગો અથવા પાંખો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર - પોતપોતાનાં નિશ્ચિત કાર્યક્ષેત્રોમાં રહીને કામ કરે તો સત્તાનો અતિરેક અથવા દુરુપયોગ થતો અટકે એવો સિદ્ધાંત ફ્રેન્ચ ચિંતક મોન્તેસ્કે રજૂ કરેલો. એનાથી અમેરિકાના બંધારણ-ઘડવૈયાઓ ઠીકઠીક પ્રમાણમાં પ્રભાવિત થયેલા. ધારા અથવા કાયદા ઘડવાની સત્તા ધારાસભામાં, કાયદાનો અમલ કરવાની સત્તા કારોબારીમાં અને કાયદાનું અર્થઘટન કરી, તે અનુસાર ન્યાય ચૂકવવાની સત્તા ન્યાયતંત્રમાં - એમ સરકારની આ ત્રણે સત્તાઓ વચ્ચે વિશ્લેષ થવો જોઈએ, એવા મોન્તેસ્કના 'સત્તા વિશ્લેષના સિદ્ધાંતે' અમેરિકાના બંધારણ અને ત્યાર પછી ઘડાયેલાં, લેખિત બંધારણોને ઠીકઠીક પ્રમાણમાં પ્રભાવિત કર્યાં છે. સરકારનું દરેક અંગ પોતાનું કાર્ય કરે, પોતાને સોંપાયેલ સત્તાનો ઉપયોગ કરે અને બીજાના કાર્યમાં દખલગીરી ન કરે તો નાગરિકોની સ્વતંત્રતા અને હકોના રક્ષણની ખાતરી મળે એ પણ ઉદ્દેશ આ સત્તાવિશ્લેષના સિદ્ધાંત પાછળ રહેલો છે. મોન્તેસ્કે તો ત્યાં સુધી કહ્યું છે કે સરકારની બે સત્તાઓ પણ એક અંગમાં ભેગી થાય તો નાગરિકોની સ્વતંત્રતા માટે જોખમ ઊભું થાય છે અને જો ત્રણે સત્તાઓનું એક જ અંગમાં કેન્દ્રીકરણ થાય તો એને સરમુખત્યારશાહી અથવા આપખુદશાહી જ કહેવાય. સરકારની આ સત્તાઓ એકબીજાં પર અંકુશ અને પ્રતિઅંકુશ રાખે તો વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને નાગરિકોના હકોના રક્ષણની બાંયધરી મળે.

વળી, અમેરિકા અને આપણા જેવા વિશાળ દેશમાં સત્તાનું કેન્દ્રીકરણ એક જ સ્થળે થાય તો એની પણ કેટલીક સમસ્યાઓ છે. આધુનિક સમયમાં સરકારે અનેક પ્રકારનાં કાર્યો કરવાનાં હોય છે. કેટલાંક કાર્યો જ એવાં છે, જે સમગ્ર દેશને ધ્યાનમાં રાખીને કરવાં પડે - જેમ કે સંરક્ષણ, વિદેશો સાથેના સંબંધો, વાહનવ્યવહાર અને સંપર્કનાં સાધનોનું નિયમન, દેશનાં ચલણ અને બૅન્કિંગના વ્યવહારો. આ અને આવાં કેટલાંક કાર્યો રાષ્ટ્રિય કક્ષાએ કરવાં પડે. માટે આવા વિષયો કેન્દ્ર અથવા સંઘ સરકારને સુપરત કરવામાં આવે. તો કેટલાંક કાર્યો રાજ્ય (પ્રદેશ) કક્ષાએ વધારે સારી રીતે કરી શકાય તેમ છે. એવાં કાર્યોમાં વિવિધતાને પણ અવકાશ છે - જેમ કે ખેતીવાડી, શિક્ષણ, આરોગ્ય અને જનસુખાકારી, કાયદો અને વ્યવસ્થા વગેરે. આવાં કાર્યો પ્રદેશ સરકારોને સોંપી શકાય. વળી, કેટલાંક કાર્યો સ્થાનિક કક્ષાએ જ વધુ અસરકારકતાથી અને કાર્યક્ષમતાથી હાથ ધરી શકાય - જેમ કે, પીવાનું પાણી, સ્વચ્છતા, પ્રાથમિક શિક્ષણ, સ્થાનિક નાગરિક સુવિધાઓ. આવાં કાર્યો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સુપરત કરવામાં આવે. આમ, સત્તાઓ અને કાર્યોની વહેંચણી ભૌગોલિક રીતે કરવામાં આવે, તેને સામાન્ય રીતે 'સત્તાનું વિભાજન' કહેવામાં આવે છે. સત્તાના આવા વિભાજન અથવા વિકેન્દ્રીકરણના મુખ્યત્વે બે લાભ છે : એક તો, જે તે કાર્ય જે તે સ્તરે વધારે અસરકારકતા અને કાર્યક્ષમતાથી કરી શકાય, એમાં કાર્યોને બેવડાતાં અટકાવી શકાય અને વિલંબ ટાળી શકાય. બીજો લાભ, સત્તાનું એક કેન્દ્ર બીજા કેન્દ્રમાં દખલગીરી ન કરે એટલે નાગરિકોની સ્વતંત્રતા અને હક્કોના રક્ષણની ખાતરી મળે. જેમ સત્તાનું એક જ અંગમાં કેન્દ્રીકરણ થવાથી વ્યક્તિસ્વાતંત્ર્ય માટે ખતરો ઊભો થાય છે, તેમ સરકારની તમામ સત્તાઓ અને કાર્યોનું એક જ કેન્દ્રમાં કેન્દ્રીકરણ થવાથી પણ વ્યક્તિ-સ્વાતંત્ર્ય માટે જોખમ ઊભું થાય છે. વળી, સરકારનાં કાર્યો અને સત્તાઓના વિકેન્દ્રીકરણનો બીજો એક વિશેષ લાભ એ છે કે પ્રદેશ કે સ્થળના પ્રશ્નોના નિરાકરણમાં નાગરિકો સક્રિય રીતે સામેલ થઈ શકે.

ટૂંકમાં, 'સત્તાનો વિશ્લેષ' (ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રમાં સરકારની સત્તાનો વિશ્લેષ થવો તે) અને 'સત્તા તેમજ કાર્યોનું વિકેન્દ્રીકરણ' (રાષ્ટ્ર, પ્રદેશ અને સ્થાનિક સ્તરોએ તેમનું વિભાજન) બંને સિદ્ધાંતો લોકશાહી સિદ્ધાંતને વ્યવહારમાં ચરિતાર્થ કરવામાં મદદરૂપ થાય છે. વ્યક્તિસ્વાતંત્ર્ય અને નાગરિકોના હકોના રક્ષણની ખાતરી આપે છે, તો બીજી બાજુ શાસનસત્તામાં નાગરિકોની સક્રિય સામેલગીરી માટે જરૂરી અવકાશ ઊભો કરે છે.

રાજ્ય-શાસનને લગતા ચિંતનમાં આ બે સિદ્ધાંતોનું ઘણું મહત્ત્વ છે. આધુનિક લોકશાહી બંધારણોમાં આ બે સિદ્ધાંતોને જે તે દેશની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્થાન આપવામાં આવ્યું છે. દેશના સર્વોપરી કાનૂન - ફન્ડામેન્ટલ લૉ ઑફ ધ લૅન્ડ - એવા બંધારણમાં આ સિદ્ધાંતોને વ્યવહારમાં ચરિતાર્થ કરતી વિવિધ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હોવાથી એને એક પ્રકારની પવિત્રતા (સૅંક્ટિટી) અને કાયમીપણું પ્રાપ્ત થાય છે. એનાથી સત્તાના અતિરેકો અને દુરુપયોગોને રોકવાનું સંસ્થાકીય માળખું પ્રાપ્ત થાય છે ને શાસનમાં કાર્યક્ષમતા અને સરળતા સિદ્ધ થઈ શકે. □



કેન્દ્રીય નમક સંશોધન સંસ્થાન [CSMCRI]

સંસ્થાપરિચય
પ્રા. સુરેશ ર. શાહ

સાગરકાંઠે આવેલા વિશ્વના વિવિધ દેશોમાં મીઠું બનાવવા માટે સામાન્ય રીતે સમુદ્રના ખારા પાણીનો ઉપયોગ થાય છે. ભારતનો વિશાળ સાગરકાંઠો ૫૬૦૦ કિલોમીટર લંબાઈ ધરાવે છે અને તે મીઠું બનાવવા માટે પૂરતી તકો પૂરી પાડે છે. દેશમાં ઉત્પન્ન થતાં મીઠાંનો ૭૫ ટકા હિસ્સો સમુદ્રના ખારા પાણીમાંથી મેળવાય છે. ગુજરાતમાં ખારાઘોડા પાસે તથા તામિલનાડુમાં તુતીકોરિન નજીક ખારા પાણીના કૂવા આવેલા છે. તેમાંથી પણ મીઠું પકવવામાં આવે છે. આ ઉપરાંત રાજસ્થાનમાં સાંભર સરોવર ખારા પાણીનું સરોવર છે. તેમાંથી પણ મીઠું પકવવામાં આવે છે. હિમાચલ પ્રદેશમાં મંડી ખાતે રોક સોલ્ટની ખાણો આવેલી છે, જેમાંથી પણ મીઠું ઉત્પન્ન કરવામાં આવે છે.

ગુજરાતને ૧૩૦૦ કિલોમીટર લાંબો સાગરકાંઠો મળેલો છે, વળી અહીંનું હવામાન પણ મીઠાના ઉત્પાદન માટે સુયોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. દેશમાં ઉત્પાદન થતાં મીઠાંના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો ઘણો મોટો છે. આમ, નમક-ઉદ્યોગમાં ગુજરાતનું સ્થાન મોખરાનું છે. ગુજરાતમાંથી દેશના વિવિધ ભાગોમાં મીઠું પૂરું પાડવામાં આવે છે એટલું જ નહીં, પણ વિદેશોમાં પણ તેની નિકાસ અત્રેથી જ કરવામાં આવે છે.

રાષ્ટ્રની આઝાદીના સંગ્રામમાં નમક સત્યાગ્રહે રાજકીય જાગૃતિ લાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ મહાત્મા ગાંધીજીની આગેવાની હેઠળ સાબરમતી આશ્રમથી યોજાયેલી દાંડીકૂચે પણ ગુજરાતના નમક-ઉદ્યોગને વિશ્વમાં જાણીતો કર્યો હતો. ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં પણ આ ઉદ્યોગે અગત્યનો ફાળો આપ્યો છે.

દેશના નમક-ઉદ્યોગને વૈજ્ઞાનિક ધોરણે વિકસાવવાના ખ્યાલથી ભારત સરકારેં કેન્દ્રીય નમક સંશોધન સંસ્થા સ્થાપવાનું આયોજન કર્યું. તે સમયની સૌરાષ્ટ્ર સરકારના દૂરંદેશીપણાથી આ નવી સંસ્થા ભાવનગર ખાતે ઊભી કરવાનું નક્કી થયું. ભાવનગરનો એક ભવ્ય મહેલ અને તેની આસપાસની વિશાળ જમીન આ સંસ્થા માટે સૌરાષ્ટ્ર સરકારે આપી. આમ, ૧૦ એપ્રિલ, ૧૯૫૪ના રોજ તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી નેહરુના વરદ હસ્તે આ સંસ્થાનું વિધિસર ઉદ્ઘાટન થયું. ભારત સરકારે દેશભરમાં સ્થાપવા નક્કી કરેલી ૩૦ રાષ્ટ્રિય સંશોધન પ્રયોગશાળાની શૃંખલામાં ૧૨મો મણકો આ સંસ્થા બની ચૂકી હતી.

આ સંસ્થાએ તેના ધ્યેય પ્રમાણે મીઠાંનાં ઉદ્યોગને વૈજ્ઞાનિક ધોરણે મૂકવા, તેની ગુણવત્તા સુધારવા, તેનું ઉત્પાદન વધારવા તથા વિવિધ પ્રકારનાં મીઠાંનું ઉત્પાદન કરવા અંગેનું સંશોધન-કાર્ય હાથ ઉપર લીધું.

સમુદ્ર એ વિવિધ રસાયણોનો ભંડાર છે. આથી આ સંસ્થાએ સમુદ્રના પાણીમાંથી વિવિધ રસાયણો મેળવવા અંગેનું સંશોધન હાથ ધર્યું. આ ઉપરાંત સમુદ્ર-જળની ખારાશ દૂર કરી તેને ક્ષાર વિમુક્ત બનાવી, પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવા અંગેનાં સંશોધનો પણ હાથ ઉપર લીધાં.

સમુદ્રના પાણીથી સિંચાઈ કરીને રેતાળ જમીનમાં ખેતી કરવા અંગેના તથા સમુદ્રની શેવાળ અંગેનાં સંશોધનો પણ હાથ ઉપર લીધાં. તેમાંથી ઉપયોગી રસાયણો બનાવવાનો કાર્યક્રમ પણ ઘડી કઢાયો. પ્રારંભના દશકામાં જ સંસ્થાએ નીચેના અગત્યના પ્રકલ્પો શરૂ કરી દીધા :

(૧) મીઠા અંગેનો સંશોધન-કાર્યક્રમ
(૨) દરિયાઈ પાણીથી રેતાળ જમીનમાં ખેતી કરવી.
(૩) દરિયાઈ શેવાળમાંથી વિવિધ રસાયણો બનાવવાં.
(૪) સમુદ્રના ખારા પાણીનું મીઠા પાણીમાં પરિવર્તન.

(૫) દરિયાઈ રસાયણો અંગેનો કાર્યક્રમ.

૧૯૬૨માં પંડિત નેહરુ ફરી વાર આ સંસ્થાની મુલાકાતે આવ્યા ત્યારે આ સંસ્થાની વિવિધ ઉપયોગી પ્રવૃત્તિઓ જોઈને ખુશી વ્યક્ત કરી હતી અને કેન્દ્રીય નમક સંશોધન સંસ્થાનનું નવું નામકરણ કરી તેને સેન્ટ્રલ સૉલ્ટ ઍન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CSMCRI) - કેન્દ્રીય નમક અને સમુદ્રીય રસાયણ સંશોધન સંસ્થાન - જેવું નામ આપ્યું.

પાંચસો એકરમાં ફેલાયેલા સંસ્થાનના પોતાના સૉલ્ટ ફાર્મમાં વાર્ષિક ૨૫ હજાર ટનથી અધિક સારી ગુણવત્તાવાળું મીઠું પકવાય છે. સંસ્થામાં ૩૫૦થી અધિક કર્મચારીગણ સેવાઓ આપે છે. જેમાં વિજ્ઞાનીઓ, ટેક્નિકલ સ્ટાફ અને બીજો સહાયક સ્ટાફ આવેલ છે. સંસ્થાના મુખ્ય સંકુલ નજીક જ એકસોથી વધુ આવાસો તેમના કર્મચારીઓ માટે બાંધવામાં આવ્યા છે. વળી, આ સંસ્થા અનુસ્નાતક અભ્યાસ માટેની સુવિધાઓ ધરાવે છે અને તે અંગેની માન્યતા પણ ધરાવે છે. અહીં વિદ્યાર્થીઓ પીએચ.ડી.ના અભ્યાસ માટે સંશોધનકાર્ય કરે છે. આવા છાત્રો માટે છાત્રનિવાસની અને છાત્રવૃત્તિની પણ અહીં સુવિધાઓ છે. વિદ્વાન વિજ્ઞાનીઓ તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે. સંસ્થાનું સમૃદ્ધ અને સંપન્ન ગ્રંથાલય પણ છે, જેમાં પંદર હજારથી અધિક વિજ્ઞાનવિષયક પુસ્તકો, ૨૮૦થી અધિક દેશ-વિદેશનાં સામયિકો ઉપરાંત માઈક્રોફિલ્મ અને અન્ય સુવિધાઓ છે. સંસ્થાનું પોતાનું સંગ્રહાલય - મ્યૂઝીઅમ છે જેમાં મૉડેલો, નકશાઓ અને ચાર્ટ મારફતે વિવિધ જાણકારીઓ પૂરી પાડવામાં આવી છે.

આ સંશોધન સંસ્થામાં એક સુસજ્જ વર્કશૉપ અને ગ્લાસ વર્કશૉપ છે. તેની સહાયથી અત્રે જરૂરી નવાં નવાં યંત્રો વિકસાવાય છે તેમજ ઉપકરણોની તાત્કાલિક મરામત પણ થાય છે. સંસ્થાએ આવરી લીધેલાં ઉદ્યોગોના એકમોને સહાયભૂત થવા સંસ્થા હંમેશાં તત્પર હોય છે. તેમનાં સાધનો અને યંત્રોની મુશ્કેલીઓ અને મરામત પણ અહીં વાજબી ચાર્જ લઈને કરી આપવામાં આવે છે.

પ્રતિવર્ષ સંસ્થા પાસે આ માટે ૨૦૦૦થી અધિક પૂછપરછ પત્રો આવે છે. તેઓને યોગ્ય માર્ગદર્શન અપાય છે. જનસંપર્ક કરવાના પ્રસંગો સંસ્થા હંમેશાં ઝડપી લે છે. જાહેર જનતા માટે તેમજ આમંત્રિતો માટે સંસ્થા પ્રસંગોપાત્ત ખુલ્લી મૂકવામાં આવે છે. ચોપાનિયાં અને નાની પુસ્તિકાઓ મારફતે સંસ્થામાં થયેલાં સંશોધનો અને સંસ્થાએ મેળવેલી જાણકારી પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત દિલ્હી, અમદાવાદ સહિતનાં મોટાં શહેરોમાં યોજાતાં રાષ્ટ્રિય કે આંતરરાષ્ટ્રિય કક્ષાનાં પ્રદર્શનોમાં પણ સંસ્થા ભાગ લે છે અને એ રીતે જનસંપર્ક કેળવે છે.

સંસ્થાએ હવે તો ઉદ્યોગોનો વિશ્વાસ પણ સંપાદન કર્યો છે. આથી જ કેટલાંક ઉદ્યોગગૃહો આગળ આવીને પોતાને જરૂરી સંશોધન અભ્યાસ અત્રે કરાવવા અંગે તેમના પુરસ્કૃત પ્રોજેક્ટો (Sponsored projects) સંસ્થાને સોંપે છે. આવાં સંશોધનોથી થતા લાભો મેળવવાનો તેવાં એકમોને હક રહે છે. કેટલાંક એકમો આવા પ્રોજેક્ટો માટે શરૂઆતમાં ઓછી રકમો આપે છે પણ પાછળથી સંસ્થાને રૉયલ્ટી આપવાનું પસંદ કરે છે.

સંસ્થાની સંશોધિત સિદ્ધિઓ : (૧) સંસ્થાના પ્રાયોગિક સૉલ્ટ ફાર્મ ઉપર મીઠાંના ઉત્પાદન અંગેની સઘળી પ્રક્રિયાઓ કરવામાં આવે છે. આ ઉપરાંત મીઠાને ધોવા માટેની વૉશરી, મીઠાની ઉપપેદાશો મેળવવા માટે અને તેમાંથી વિવિધ રસાયણો પ્રાપ્ત કરવા માટે સુવિધાઓ છે. આ ઉપરાંત અહીં કુશળ અને કાર્યદક્ષ તજ્જ્ઞો તૈયાર કરવાની એક તાલીમશાળા પણ ઊભી કરાઈ છે. આ ઉપરાંત આયોડિનયુક્ત મીઠું સરળ પદ્ધતિથી બનાવવા માટેની વિવિધ ટેક્નિકો વિકસાવવામાં આવે છે.

(૨) ટેબલ સૉલ્ટ અને ડેરી સૉલ્ટ : આ એક એવા પ્રકારનું મીઠું છે જે એકસરખું કણીદાર અને સરળતાથી શીશીમાંથી બહાર આવી શકે અને ચોંટી ના જાય કે ભીંજાઈ ના જાય એવું હોય છે. તેને વિદેશોમાંથી મંગાવવામાં આવતું હતું પણ હવે આપણે અહીં બનાવીએ છીએ. તે બનાવવાની ગુણાત્મક રીતોનો વિસ્તૃત અભ્યાસ કરીને તેને બનાવવાની નવી રીતો સંસ્થામાં વિકસાવાઈ છે.

ડેરી સૉલ્ટ તરીકે ઓળખાતું મીઠું ઘણું જ શુદ્ધ હોય છે. માખણ અને પનીર-ચીઝની જાળવણી માટે તે વપરાય છે. આવું મીઠું સૂક્ષ્મ જીવાણુઓના ચેપરહિતનું હોવું જરૂરી છે. વળી, તે એકસરખું કણીદાર હોય તો માખણ, પનીરમાં ત્વરિત ભળી જઈ શકે છે. પહેલાં આવું મીઠું વિદેશોથી આયાત કરાતું હતું. હવે આ સંસ્થાએ આવું ડેરી સૉલ્ટ અત્રે બનાવવાની ટેક્નિકો વિકસાવી છે. દેશના કેટલાક ઉત્પાદકોને તે અંગેની જાણકારી પૂરી પાડી છે જે માટે સંસ્થા તેમની પાસેથી રૉયલ્ટી મેળવે છે. આમ, દેશમાં જ જરૂરી ડેરી સૉલ્ટ હવે બનાવવામાં આવે છે.

(૩) **ચાટણ ચોસલાં** : ગાયો, બળદો અને અન્ય દૂધાળાં ઢોરો માટેની ક્ષારોની પૂરક જરૂરિયાતો સંતોષવા માટે આ સંસ્થાએ આવાં ચાટણ ચોસલાં બનાવ્યાં છે. દેશના પશુપાલકો અને વિવિધ ડેરીઓને તે વાજબી દામે મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે.

(૪) **મીઠાના ઉદ્યોગમાં યાંત્રિકીકરણ** : મીઠાંનાં અગરોમાં વપરી શકાય તેવા સૉલ્ટ હાર્વેસ્ટરોની ડિઝાઈન અને રચના અત્રે તૈયાર કરાઈ છે. તેના ઉપયોગથી મહેનત અને સમયનો વ્યય રોકી શકાય છે. અત્રે વિકસાવાયેલા આવા સૉલ્ટ હાર્વેસ્ટરથી કલાકે ૫૦ ટન મીઠું એકત્રિત કરી શકાય છે. આ

ઉપરાંત મીઠાંના દ્રાવણમાં અમુક ખાસ રંગો ભેળવીને તે વધુ સૌર વિકિરણો ગ્રહણ કરે તેવી ટેક્નિક અત્રે વિકસાવાઈ છે. આથી બાષ્પીભવન ઝડપી બને છે અને અધિક ઉત્પાદન મેળવાય છે.

આ ઉપરાંત સોલર સોલ્ટ વર્કસ સફળતાપૂર્વક ઊભાં કરાયાં છે. જેથી ઉત્પાદન ખર્ચ ઓછો આવે છે. આમ, દેશના નમક-ઉદ્યોગને પૂરતું માર્ગદર્શન ધંધાદારી આધારે પૂરું પાડવામાં આવે છે. પશ્ચિમ આફ્રિકામાં એક નવું સૉલ્ટ ફાર્મ ઊભું કરી આપવામાં સઘળી ટેક્નિકલ સહાય ધંધાદારી રાહે પૂરી પાડી હતી.

(૫) દરિયાઈ શેવાળ અંગેનો પ્રોજેક્ટ : દરિયામાં થતી શેવાળ અંગેનો સંશોધન કાર્યક્રમ અત્રે હાથ ઉપર લેવાયો છે. દરિયાઈ શેવાળમાંથી ઉપયોગી રસાયણો મેળવવામાં આવે છે. આવાં રસાયણોનો બહોળો ઉપયોગ કાપડ, ખાદ્ય અને કોસ્મેટિક ઉદ્યોગમાં થાય છે. સંસ્થાએ કરેલી એક મોજણી અનુસાર કચ્છના અખાતમાં ૧૨ હજાર ટન આવી શેવાળ થાય છે, જેમાંથી ૪ હજાર ટન શેવાળ ઉપયોગમાં લઈ શકાય તેમ છે. આવી શેવાળમાંથી આલ્જીનેટ્સ, બનાવવાનું સૌપ્રથમ કારખાનું ગુજરાતમાં ઊભું કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શેવાળમાંથી અગર બનાવવાનાં કારખાનાં પણ ગુજરાતમાં અને દક્ષિણ ભારતમાં ચાલુ થઈ ગયાં છે. આ બંને રસાયણો હવે દેશમાં જ બનતાં હોવાથી કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવી શકાય છે.

(૬) દરિયાઈ શેવાળની ખેતી : દરિયાઈ શેવાળની કૃત્રિમ ખેતી કરવાની પદ્ધતિઓનાં સંશોધન માટે આ સંસ્થાએ દક્ષિણ ભારતમાં મંડપમ્ ખાતે એક કેન્દ્ર શરૂ કર્યું છે. જાપાનની માફક અહીં પણ શેવાળની કૃત્રિમ ખેતીને એક ઉદ્યોગ તરીકે અપનાવવામાં આવેલી છે. આ ઉપરાંત દેશ માટે જરૂરી આયોડિનનું ઉત્પાદન અહીં કરીને કિંમતી વિદેશી હૂંડિયામણ બચાવવામાં આવે છે. ખોરાક, દવાઓ, સૌંદર્ય-પ્રસાધનો, કાગળ તેમજ કાપડ-ઉદ્યોગમાં મોટા પાયે વપરાતા આલ્જીનિક ઍસિડનું ઉત્પાદન દરિયાઈ શેવાળમાંથી કરવાની ટેક્નિક અત્રે વિકસાવી છે અને ઉદ્યોગોને તે વાજબી દામે પૂરી પાડવામાં આવે છે.

સમુદ્રનાં ખારાં પાણીનું મીઠા પાણીમાં પરિવર્તન કરવા માટેની કેટલીક ટેક્નિકો અત્રે વિકસાવાઈ છે : **સૌર ડિસ્ટિલેશનમાં** સૌરશક્તિનો ઉપયોગ કરી પાણીની વરાળ બનાવાય છે અને તેને ઠારવાની - ઊર્ધ્વપાતનની પ્રક્રિયાથી મીઠું અને પીવાલાયક પાણી મેળવાય છે. આવી રીતે રોજના એક હજાર લિટર મીઠાં પાણી માટેના પ્લાન્ટો સંસ્થાએ ઊભા કર્યા છે. આ ઉપરાંત જ્યાં વિદ્યુતશક્તિ મળી શકે તેમ હોય ત્યાં **ડિહ્યુમિડિફિકેશન પ્લાન્ટ** દ્વારા રોજનાં પાંચ હજાર લિટર પીવાલાયક પાણી મેળવી શકાય તેવી ટેક્નિક પણ હાથ કરી છે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટ માટે આવો એક પ્લાન્ટ આ સંસ્થાએ ઊભો કરી આપ્યો છે.

ફ્લૅશ ડિસ્ટિલેશનથી સૂર્યના તાપથી ગરમ થયેલાં સમુદ્રનાં પાણીનું ક્રમશઃ શૂન્યાવકાશની સ્થિતિમાં ઓછા તાપમાને બાષ્પીભવન કરાવાય છે. અને તે દ્વારા રોજના ૩૦ ટન જેટલું પીવાલાયક પાણી આવા પ્લાન્ટથી મેળવી શકાય છે. વ્યાપારી અને લશ્કરી જહાજોમાં હવે આવા પ્લાન્ટો વડે પીવાલાયક પાણી મેળવાય છે. આપણા આઈએનએસ દર્શક જહાજ માટે આ સંસ્થાએ જ આવો એક પ્લાન્ટ ઊભો કરી આપ્યો હતો.

રીવર્સ ઓસ્મોસીસ પ્રક્રિયામાં સેલ્યુલોજ એસિટેટમાંથી બનાવાયેલા પાતળા પડદામાંથી ખારા કે ભાંભરા પાણીને પસાર કરાવી પીવાલાયક પાણી મેળવવામાં આવે છે. આ રીત સસ્તી અને સરળ હોવાથી તેનું ભાવિ ઉજ્જવળ જણાય છે. એમાં સેમિ પર્મિએબલ મેમ્બ્રેઈન - અર્ધ પારગમ્ય જાલિકાનો ઉપયોગ થાય છે. આવા પડદામાંથી કેવળ શુદ્ધ પાણી પસાર થાય છે અને ક્ષારો બીજી બાજુ રહી જાય છે. જોકે આ પ્રક્રિયા ધીમી છે છતાં સંસ્થાએ રોજના દશથી પચાસ હજાર લિટર પાણી મેળવી શકાય તેવા પ્લાન્ટોની ડિઝાઈનો તૈયાર કરી છે.

આ ઉપરાંત મીઠું પકવી લીધા પછી રહી ગયેલાં પ્રવાહી-બિટર્નમાંથી પણ કિંમતી રસાયણો મેળવવાની અનેક પદ્ધતિઓ વિકસાવાઈ છે. સંસ્થાએ મેળવેલી જાણકારી ઉદ્યોગોને પૂરી પાડીને ઉદ્યોગોની પણ સારી સેવા કરી છે તથા જ્યાં શક્ય હોય ત્યાં સૌર ઊર્જાઓનો પણ ઉપયોગ કરવા પ્રયત્નશીલ રહી છે.

દેશના નમક-ઉદ્યોગને તથા રસાયણ-ઉદ્યોગને આ સંસ્થા અનેક રીતે ઉપયોગી થઈ રહી છે. આ રીતે ગુજરાતમાં આવેલી આ કેન્દ્રીય સંસ્થાન સંશોધને ગુજરાતને તથા તેના આવા ઉદ્યોગોને ઘણી સહાય કરી છે. આપણે આવી સંસ્થાઓ માટે ગર્વ લઈ શકીએ છીએ.

□



[સ્થિર નદી, સરતાં નીર]

પ્રાચીન મહા-પ્રાચીર

પ્રીતિ સેનગુપ્તા

વિશ્વની સાત અજાયબીમાંની એક. તે પણ ચીન જેવા અજાયબ દેશમાં. એનો વિચાર કરતાં પણ રોમાંચનો અનુભવ થતો હતો. ચીનની દીવાલ. કેવી હશે એ ? જોયા પહેલાં જ એને માટે કેટલાંક કલ્પન સૂઝ્યાં હતાં. મનમાં ને મનમાં પ્રશ્નો થયા હતા - 'કહેવી એને મહા કોઈ કટિમેખલા, કે ભુજંગ એક ભયાનક ભીંસી રહ્યો ભૂમિને ?' પછી હિન્દુત્વના સંદર્ભ મનોગત થયા હતા - 'પડ્યો હશે પથરાઈ, પર્વતો ઉપર, વિષ્ણુને ત્યાગીને શેષનાગ, કે પથ્થરો પ્રાણ પામી કરી રહ્યા પ્રયાણ સ્વર્ગ સુધી ?' ચંદ્ર પરથી પણ એ ઓળખાતી હતી, તે યાદ કરીને લખ્યું હતું કે, 'મયંકને માટે હશે એ એક મોહક માર્ગ' જેવી. પરન્તુ, એ જે રીતે અને જે કારણે બાંધવામાં આવી હતી તે જોતાં એમ કહી શકાય કે 'ખરેખર, માનવીના શ્રમ અને શ્રદ્ધા તણી છે સાક્ષી એ.' સમાપનમાં એવા ઉદાત્ત ભાવનું આરોપણ કર્યું હતું એની ઉપર. એ રોમાંચક, વિસ્મયકર, અપુનરાવર્ત્ય ઉપસ્થિતિ હું જોવા પામવાની હતી. એક સાધારણ વ્યક્તિ અસાધારણ સદ્ભાગ્ય પ્રાપ્ત કરવાની હતી.

મિન્ગ રાજ-સમાધિઓ જોઈને નીકળ્યા પછી હજી એક કલાકનો રસ્તો બાકી હતો. પર્વતો ધીરેધીરે એટલા પાસે આવ્યા કે મિનિ-બસ એમનો એક ભાગ બની ગઈ. કેટલાક ઢોળાવો પર અડદિયા પથ્થર અને ચૂનાના પથ્થરની ખાણો હતી. ઘણી વાર દેખાતાં, ઘાસ અથવા શાકભાજી ભરીને લઈ જતાં ગાડાં સાથે હંમેશાં ત્રણ ઘોડા જોતરેલા રહેતા. એ એમની મેળે ચાલ્યા કરે, ને માણસો નિરાંતે લાંબા થઈને માલ પર સૂતેલા હોય ! ક્યારેક ગાયો, ભેંશો, ડુક્કર જેવાં પ્રાણી પણ દેખાઈ જતાં. ચીનનાં શહેરોની અંદર તો કૂતરાં-બિલાડાં પણ નજરે ના ચડે ! એવો એ રસ્તો વધારે ને વધારે કઠિન અને વળાંકવાળો બનતો ગયો. ચાલકને ગાડી 'ફાસ્ટ' ચલાવવાની બહુ મઝા આવતી હતી. દરેક વળાંકે અમે 'ફેંકાઈ' જતાં હતાં; એવામાં 'ચીનની દીવાલ'ની સર્વ-પ્રથમ ઝાંકી થઈ - તદ્દન જર્જરિત, ત્યક્ત એ ભાગ હતો. તૂટેલા ટુકડા ટુકડા થઈને એ રહેલો હતો. 'આહ, આ!' ઉદ્ગાર નીકળી ગયો. પણ એનું મુખ્ય દર્શન તો હજી થવાનું હતું.

પેલું નાનકડું, સર્પિલું ઝરણું હજી થીજેલું હતું કે પછી એની સપાટી બર્ફીલી હતી, ને એની નીચે નીર સરતું હતું. આકાશ આખરે ભૂરું બન્યું હતું, હવા ચોખ્ખી થઈ હતી. આધુનિક યુગનું પ્રદૂષણ ક્યાંય પાછળ રહી ગયું હતું. ને અચાનક, એકાએક, સહસા આ રહી એ - ખરેખરી મહાપ્રાચીર

- સાવ સામે જ, આખી ને આખી, સમગ્ર ગગનની રેખ અંકિત કરતી, નિર્વિકાર, નિરાવેશ ગિરિમાળાના પ્રત્યેક કમનીય શૃંગાકારને લલિત સ્પર્શથી નવાજતી; આટલે દૂરથી તો અતિ-શાલીન અને સુકુમાર રૂપ ધારણ કરતી - એ અદ્‌ભુત, અભૂતપૂર્વ સંસ્થિતિ. નહોતો એનો કોઈ અંત, ને જાણે નહોતો એનો કોઈ આરંભ. અજબ હતી એ મોજૂદગી. સમગ્ર વિશ્વમાં જે 'ગ્રેટ વૉલ' તરીકે સુખ્યાત છે તેનું બાંધકામ ત્રણ હજાર વર્ષ પહેલાં શરૂ થયેલું. દેશના ઉત્તરના, મન્ચુરિયા અને મૉન્ગોલિયા જેવા પ્રદેશોમાંથી હુમલો કરતા ઝનૂની બર્બર-સૈન્યોને ખાળવા, અટકાવવા, મહાત કરવા એ દીવાલ બંધાવા માંડી હતી - ચોરોથી ઘરને બચાવવા કમ્પાઉન્ડની આસપાસ જેમ કોટ ચણીએ તેમ. સિદ્ધાંત સરખો લાગે છે, નહીં ? પણ એકાદ-બે એકરને સાચવવાની એ વાત ન હતી. ઊંચા ઊંચા પર્વતોને નાથતી એ દીવાલ - નહીં નહીં તોયે ૩,૬૦૦ માઈલ તો લાંબી છે. ત્રણ લાખ મજૂરોએ દસ વર્ષ સતત એનું કામ ચાલુ રાખેલું. ચીની માપ મુજબ દીવાલ બાર હજારથી પણ વધારે 'લિ' લાંબી છે. એક 'લિ' એટલે લગભગ પાંચસો મીટર થાય. વિભિન્ન વંશ-કાળ દરમ્યાન રાજવીઓ જરૂર પ્રમાણે જુદા વિભાગને જુદી દિશામાં દીવાલ આગળ વધારતા રહેલા. એ જોતાં, સમસ્ત દીવાલ - આખી તેમજ ભાંગી-તૂટી ગણતાં - એક લાખથી પણ ઉપર 'લિ'ની ચણાઈ હતી. ચૌદમી સદીમાં, મિન્ગ રાજવંશ દરમ્યાન એના પર લાગલાગટ કામ થયું. આજે જે જોવા મળે છે, અને 'ગ્રેટ વૉલ' તરીકેનો અહોભાવ પામે છે તે સ્વરૂપ ત્યારનું છે. દ્વિતીય વિશ્વ-યુદ્ધ પછી, ચીની સરકારે એક-બે વિભાગને પ્રવાસી-સુલભ બનાવવા એમના જીર્ણોદ્ધારનું કામ શરૂ કર્યું. બેજિન્ગથી બેએક કલાકમાં પહોંચી જવાય તે 'બા દા લિન્ગ' નામની જગ્યાએ રોજ પ્રવાસીઓનાં ટોળાં ઊમટે છે. વિદેશીઓ જ નહીં, પણ સ્થાનિક કે બહારગામનાં, ચીની લોકો ને કુટુંબો પણ ખૂબ શોખથી ત્યાં જાય છે.

ચીન વિદેશીઓ માટે 'ખૂલ્યું' એનાં શરૂઆતનાં વર્ષો દરમ્યાન દીવાલના પરિસરમાં માંડ બે-ત્રણ દુકાનો હતી. એકમાં 'બા દા લિન્ગ' કાર્યાલયના અફસરની સહી કરેલું પ્રમાણપત્ર વેચાતું - સાવ સાધારણ કિંમતે - મળતું હતું : ફલાણી વ્યક્તિ 'ગ્રેટ વૉલ' જઈ આવી છે, તે જાહેર કરતું ! કેટલાંક સહપ્રવાસીઓનું જોઈને હું પણ ખરીદવા લલચાઈ ગયેલી. નકામું જ વળી, કારણ કે ઘેર આવીને એવું ઠેકાણે મૂક્યું કે કદી જડે જ નહીં ! દસ-બાર વર્ષના ગાળા પછી ફરી દીવાલ જોવા ગઈ ત્યારે પરિસરનો ચહેરો-મહોરો જ બદલાઈ ગયેલો! સળંગ લાઈનસર દુકાનો, ખાણી-પીણીના સ્ટૉલ, એક ઊંચા શિખર પર લઈ જતી કેબલ-કાર. આધુનિક કપડાં, કોકાકોલા જેવું આધુનિક પીણું, 'શીઘ્ર-ખાદ્ય' આધુનિક વાનગીઓ, ધનોપાર્જનનો આધુનિક રોગ ! બદલાઈ ગયેલા જીવનને લીધે એ આખી જગ્યા જ બદલાઈ ગયેલી. દુકાને દુકાને લટકતી લાલ લાલ ચીજોએ દૂરથી જ ધ્યાન ખેંચેલું. પહાડી જાતિની પ્રજાએ થોડું ભરીને, થોડું પેચ-વર્ક કરીને તૈયાર કરેલાં, લાક્ષણિક શૈલીનાં ટેબલ-ક્લોથ, જૅકેટ, થેલા, હૅટ. બધું સુતરાઉ લાલ કાપડમાંથી થયેલું. બહુ જ ગમી ગયેલું, ને કેટલુંક ખરીદ્યું જ હોત, પણ પાસેથી જોતાં જણાયું કે દેડકા, સાપ, ગરોળી જેવી આકૃતિઓ સુશોભનમાં વપરાયેલી હતી. જોઈને જ ચીતરી ચડે. સારું થયું. ખોટી ખરીદીમાંથી બચી ગઈ. પછી શોધીશોધીને એક લાલ હૅટ લીધી, જેની ઉપર કેવળ ફૂલ ને પતંગિયાં જ ચોંટાડેલાં હતાં !

આનંદિત અને વિસ્મિત કરી દેતા એ મહાકાય સંસ્થાપન પર ચાલવાની ને ચડવાની રોમાંચક અનુભૂતિની તો શું વાત કરવી ! પાંચ પાંચ ઘોડા એક સાથે દોડતા જઈ શકે એટલી તો એની પહોળાઈ. વીસથી પચીસ ફીટ જેટલી તો એની ઊંચાઈ. એકસરખા કઠોર પથ્થરોથી ચણવામાં શું શ્રમ પડ્યો હશે ચીની મજૂરોને! જેટલો એના દર્શનનો, એને સ્પર્શવાનો રોમાંચ છે, તેટલી જ એને બાંધવાના ઇતિહાસની કરુણતા છે. એમ કહેવાય છે કે દીવાલમાં જેટલા પથ્થર છે તેટલી જ સંખ્યામાં મજૂરો મોતનો ભોગ બન્યા હતા. એક એક પથ્થરદીઠ એક એક માણસ. લાખોનો આંકડો. સખત શ્રમ, ઊંચા પર્વતીય પ્રસ્તાર, આકરી શિયાળાની ઋતુ વગેરે જેવાં કારણ ખરાં, પણ હકીકતમાં પરિણામ અતિ-કરુણ. દીવાલ પોતે પણ, દૂરથી જે સુંદર ને કમનીય, પાષાણબદ્ધ સંવાદિતા સમ પ્રસ્તુત થતી હતી તે સમીપમાં પ્રભાવકારી ભીષણ-ભવ્ય બનતી હતી. એનાં અનંત, અતૂટ બૃહત્પરિમાણ સામે વામણી લાગતી હતી મનુષ્યની આકૃતિઓ.

દીવાલ પર પહોંચી ડાબે વળતાં સીધું ચઢાણ આવ્યું. આગળ ને પાછળ, પર્વતોના પર્વતો ઉપર આડી-અવળી, ઉપર-નીચે થતી જતી અપરિમેય પ્રાચીર હતી. થોડી થોડી વારે થંભીને હું પાછળ જોતી હતી - ભિત્તિના અખૂટ વિચરણ તરફ, અને સમગ્ર દૃશ્યપટના વિસ્તારણ તરફ. આશ્ચર્યજનક હતી પ્રદેશની એ નિર્બંધતા - ખાસ કરીને, ભીડથી ભરેલાં ચીની શહેરોના સંદર્ભમાં.

દીવાલ સતત ઉપર ઊઠતી હતી - ક્યાં તો સરળ ને સપાટ લાગતા ઢોળાવોથી, ક્યાં તો પડકાર ફેંકતાં સીધાં, સાંકડાં પગથિયાં વડે. પ્રયાસ હંફાવી દેતો હતો. મને તો જાણે પહેલેથી જ, ત્યાં હોવાને કારણે જ શ્વાસ ચડી ગયેલો હતો ! જતાં જતાં વારંવાર હું ઊભી રહી - ચોતરફ જોવા, ફોટા પાડવા,

એ આખા અનુભવ પ્રતિ સ્મિત કરવા ! વચ્ચે વચ્ચે હું બેઠી પણ ખરી - એ સ્થાન સાથે પરિચય કેળવવા, દૃશ્ય સાથે રમમાણ થવા, વિસ્મયોમંગથી છલકાઈ જવાં.

દરેક બારસો ફીટને અંતરે, દીવાલથી થોડા ઊંચા, ચોતરફના કાંગરાને કારણે ચોરસ આકારના બનતા, નિરીક્ષણ-મિનાર બનાવાયેલા હતા. પ્રાચીન-કાળમાં એ ચોકી-પહેરાના ઠેકા હતા. હવે એ પ્રવાસીઓ માટે ચઢાણનું લક્ષ્ય બન્યા છે. દીવાલના એ 'બા દા લિન્ગ' વિભાગ પરથી કુલ સાત મિનાર દૃષ્ટિગોચર થતા હતા. એ પછી દીવાલ દૂર દૂરના પર્વતાંચલમાં છુપાઈ જતી હતી. ઉત્તર દિશામાંના, દૃશ્યમાન દીવાલના, સર્વોચ્ચ મિનાર સુધી જવા અસંખ્ય પ્રવાસીઓ ઉદ્યત થતાં; ખૂબ ઠંડી અને સૅંખત વીંઝાતા પવનનો સામનો કરતાં. ક્યારેક ધુમ્મસ એવું ફેલાઈ જતું કે દૃશ્યપટની સંમોહકતા નિરર્થક થઈ જતી. એ તરફ થોડે સુધી હું ચઢી ખરી, એક મિનાર પર પણ ગઈ, ને પછી અચાનક, પાછાં ફરીને દક્ષિણ તરફ જવાનો નિર્ણય કર્યો. એ તરફ ભીડ ખૂબ ઓછી હતી.

ત્યાં પણ ચઢાણ તેમજ પગથિયાં બહુ સીધાં હતાં. કઈ રીતે યુદ્ધના અશ્વો ત્યાં દોડ્યા હશે ? ને સૈનિકોએ દેશ-રક્ષા કરી હશે ? હું ધીમે ધીમે, મારી મેળે, ચાલતી રહી; ઇતિહાસનું અનુમાન કરતી રહી. ચારેક કલાક દીવાલ પર ગાળેલા - બબ્બે વાર, પણ તે ઓછા જ પડેલા. બીજી મુલાકાત વખતે તો ચીનીઓનું વર્તન જુદું જ લાગેલું - ખૂબ મઝામાં ને ઉત્સાહિત હતાં એ બધાં. કિશોરીઓનો કલબલાટ, યુવકોની દોડાદોડ, કુટુંબોના ફોટા પડાવવા માટેની અધીરાઈ, ક્યાંક ક્યાંક ભાષણ આપવા લાગી ગયેલા પુરુષો, સસ્તી રીતે બનાવેલી, તકલાદી ચીજોથી પ્રવાસીઓને છેતરવા ઉદ્યત ફેરિયાઓ. વચ્ચે શાંતિદાયક મધુર સંગીત-અનુચ્ચ સ્વરે-રેલાતું હતું. એક સ્થાને મોટી લાલ સંજ્ઞા ટીંગાડી હતી : 'ક્યાંય થૂંકવું નહીં, ક્યાંય કચરો કરવો નહીં.' પ્રવાસીઓને છેતરવા નહીં - એવો આદેશ કે સૂચન ક્યાંય ન હતું !

પાછાં આવતાં નીચે ઊતરવું તો વધારે અઘરું હતું. વર્ષો-જૂના એ પથ્થરો સુંવાળા ને લપસણા હતા. સાંકડાં પગથિયાં તદ્દન સીધાં ઊતરતાં હતાં. કૈંક આધાર માટેની વ્યવસ્થા ભાગ્યે જ હતી. દીવાલના સર્પાકાર વલયો હર ક્ષણે ભાવવિહ્વળ કરતા હતા. એને માટે કેટલે ઊંચે ચડી આવેલાં, તે તો મોટર પર્વતો છોડીને જવા માંડે ત્યારે જ જણાય.

એને છોડીને જતાં, નજરથી એની લલિત-રમ્ય, ભીષણ-ભવ્ય અતિ-વિલક્ષણ વિસ્તીર્ણતાને દૂર થતી જોતાં - મનમાં જરા વિરહ-ભાવ પ્રસરી ગયો હતો. □

લઘુકથા

ઘર

હરીશ ભીલ
'વિથ લવ'

મારાં શ્રીમતી બે-ત્રણ સ્ત્રીઓ સાથે સાંજે અમારા આગળના રૂમમાં બેસીને વાતો કરતાં હતાં. આ જ સમયે હું પાછળના રૂમમાં વાંચતો હોઉં છું, અથવા લેખન કે ચિંતન ચાલતું હોય. હમણાં-હમણાંથી હું ઘર વિશે સતત ચિંતન કરું છું. આમેય ઘર વિશેની કલ્પના કરવી મને ગમે છે.

અનેક પુસ્તકો વાંચું છું, એથી ઘર વિશેની સમજ વિસ્તરતી રહે છે. દરેકે દરેક સમજ મારા માટે એક શોધ બની રહે છે. જાતજાતના સંદર્ભો, અર્થો મેળવવાની પ્રક્રિયા મારા માટે એક યાત્રા બની રહે છે.

ઘર વિશેની મેં એક અલગ ડાયરી રાખી છે, જેમાં આ વિષય પર કવિઓ અને લેખકો, સંતો અને વિજ્ઞાનીઓ, સમાજશાસ્ત્રીઓ અને તત્ત્વચિંતકો શું માને છે તે અંગેનાં વિધાનો ઉતારું છું. જ્યારે તેનું ફરીથી વાચન કરું છું ત્યારે હું રોમાંચિત થઈ જાઉં છું. અત્યારે આવો જ સ્વૈરવિહાર ચાલી રહ્યો હતો, ત્યાં જ સામેની બારી પર મારા પડોશી મિત્ર આવીને ઊભા રહ્યા. એમણે તરત જ પૂછ્યું : 'અમારું ઘર ત્યાં છે ?'

'હેં ?' મને કંઈ સમજ ન પડી એટલે મેં કહ્યું.

પણ પછી તરત જ સમજાયું.

હું તરત જ અમારા આગળના રૂમમાં ગયો અને કહ્યું : 'કાશીબહેન, મારા ભાઈ આવ્યા છે. તમને બોલાવે છે.'

કિટ્સને ચૅપમૅનનો હોમર વાંચીને જે આનંદ થયો હતો એટલો જ મને ઘરનો નવો અર્થ મળવાથી થયો. મેં શોધેલા અન્ય બધા અર્થો, સંદર્ભો, વિધાનો એમાં પીગળી ગયા. □

અનુસંધાન] 'ધરતીનો છેડો ઘર' [પૃ. ૧૯૮થી

જરૂરથી કુટુંબમાં સાન્નિધ્યની તથા સહવાસની ભાવના દૃઢ કરી શકે.

['ધરતીનો છેડો ઘર' શીર્ષક હેઠળની લેખમાળાનો આ અંતિમ લેખ છે. સાંપ્રત સમયમાં પ્રવર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને લખાયેલી આ લેખમાળા માટે વિવિધ પ્રતિભાવો મળ્યા છે. જો આપને આ લેખમાળાના સંદર્ભમાં કોઈ પ્રશ્ન/પ્રતિભાવ હોય અને તે જણાવવા માંગતા હોય, તો તેને આવકારું છું, અને તે માટે આપ 'કુમાર કાર્યાલય' મારફતે કે સીધા નીચેના સરનામે પત્રવ્યવહાર કરી શકો છો. [હેમંત વાળા, 'શિવ' ૧૪૩ સર્વોદય રો હાઉસીઝ વિ-૩, કે. કે. નગર પાસે, ઘાટલોડિયા. અમદાવાદ-૩૮૦૦૬૧] □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બધે જ સરખા બપોર

તા. ૨૮-૬-૮૫. ગુજરાતમાં આ વર્ષે એપ્રિલ, મે, જૂન, ઉનાળુ વેકેશન હતું અને હવે ચોમાસુ વેકેશન શરૂ થયું છે. ઑફિશિયલી સરકારની જાહેરાતથી શાળા-કોલેજો બંધ છે. ક્યાં સુધી ? જવાબ છે – અનિશ્ચિત મુદત સુધી. આજકાલ ગુજરાતમાં બધું અનિશ્ચિત મુદત સુધી જ હોય છે. કર્ફ્યુ અનિશ્ચિત કાળ સુધી, વેકેશન અનિશ્ચિત કાળ સુધી... અને અમદાવાદ હો કે વડોદરા, સુરત હો કે ધોળકા બધે જ સરખા બપોર છે !

અને ખરેખર 'બપોર' જ છે. આજે જૂનની ૨૮મી થઈ પણ હજુ ગુજરાતમાં ક્યાંય ચોમાસું બેઠું નથી, દક્ષિણના સુરત-વલસાડ જિલ્લામાં પણ નહીં. નૈર્ઋત્યનો મોનસૂન ઉત્તરપ્રદેશ, દિલ્હી અને પંજાબ સુધી પહોંચી ગયો છે, પણ ગુજરાત, રાજસ્થાનને બાજુએ રાખીને ! બે દિવસથી થોડાં વાદળાં દેખાય છે તેથી અમદાવાદના બપોરાંમાં ૪૦ અંશને બદલે ૩૭ અંશ તાપમાન થાય છે.

ગુજરાતમાં હજુ સુધી ચોમાસું બેઠું નથી પણ તે વિષે છાપામાં કે રેડીઓ,-ટી.વી. ઉપર કશેય કશો ઉલ્લેખ નથી આવતો, કારણ કે અત્યારે ગુજરાત ઊકળતા ચરુ પર બેઠેલું છે. ત્રણ મહિનાથી સમગ્ર જીવન ક્ષુબ્ધ થઈ ગયું છે. બૅન્કોમાં ચેકોનું ક્લિયરિંગ થતું નથી. સરકારી કર્મચારી ત્રણ અઠવાડિયાથી હડતાળ ઉપર છે. સવારના ૬ થી સાંજના ૬ સુધી કર્ફ્યુમાં મુક્તિ છે, છતાં રસ્તા સૂમસામ રહે છે. દુકાનો ખૂલતી નથી. એક પ્રકારનું ભયનું વાતાવરણ ફેલાયેલું છે. આમાં ચોમાસું બેઠું કે નથી બેઠું તે તરફ કોનું ધ્યાન જાય !

રાજ્ય સરકારે જે રીતે ગુજરાતની પરિસ્થિતિ વણસાવી છે તે બાબત ભારત સરકારને મોડા મોડા પણ સમાચાર પહોંચ્યા છે. એટલે કેન્દ્ર તરફથી પાંચ નેતા જાત-તપાસ કરી અહેવાલ તૈયાર કરવા અમદાવાદ આવ્યા હતા. બે દિવસ રહીને હવે તે બધા દિલ્હી ગયા છે અને તેમના અહેવાલ ઉપર ભારત સરકાર શું પગલાં લે છે તેની રાહ જોવાય છે.

કેળવણીની તાળાબંધી

તા. ૫-૭-૮૫. ગુજરાતની રાજ્ય સરકારે ૮મી જુલાઈથી શાળાઓ ખોલી નાખવાના હુકમો બહાર પાડ્યા છે. અમારા જમાનામાં આંદોલનો થતાં ત્યારે શાળા તો ચાલુ જ હોય. વિદ્યાર્થીઓ કે શિક્ષકો હડતાળ ઉપર જાય. એક પણ વિદ્યાર્થી શાળાએ ન જાય તેવું બને પણ ઑફિશિઅલી શાળા તો ચાલુ જ હોય. પણ ૧૯૮૦થી ગુજરાતની સરકારે નવો રસ્તો અપનાવ્યો છે. વિદ્યાર્થીઓ કોઈક આંદોલન જાહેર કરે એટલે સરકાર પોતે જ હુકમ કાઢીને શાળાઓ બંધ કરી દે. આમ તોફાન અમદાવાદમાં હોય અને ડાંગ જિલ્લાની નિશાળો પણ બંધ થઈ જાય ! આ રીતે આ વર્ષે લગભગ ૨૦મી ફેબ્રુઆરીથી શાળાઓમાં હડતાળો શરૂ થઈ. ૧૮મી માર્ચથી સરકારે વેકેશન જાહેર કરી દીધું તે ઠેઠ ૮મી જુલાઈ સુધી. આમ, ૭મી જુલાઈ સુધી સરકારે જ કેળવણીની તાળાબંધી કરી હતી. તે હવે ૮મીએ તાળાબંધી ઉઠાવી લે છે.

પણ હવે વિદ્યાર્થીઓએ એલાન કર્યું છે કે અનામત પ્રથા અંગે અમારી માગણી સરકારે સ્વીકારી નથી તેથી અમે શાળાઓ ચાલવા દઈશું નહીં. વળી, ૮મી જુલાઈએ વિદ્યાર્થીમંડળ અને વાલીમંડળે ગુજરાત-બંધની જાહેરાત કરી છે. જ્યારે જ્યારે આવા બંધ જાહેર થયા છે ત્યારે ત્યારે અમર્યાદ હિંસા ફાટી નીકળી છે. એટલે સોમવારે વિધિસર શાળાઓ ઊઘડશે ત્યારે અમદાવાદ, વડોદરા, સુરત, હિંમતનગર, કડી, વીરમગામ, ધોળકા, પ્રાંતીજ વગેરે જે શહેરોને કોમી દાવાનળનો અનુભવ થયો છે ત્યાં તો કોઈ મા-બાપ પોતાનાં છોકરાંને નિશાળે નહીં મોકલે. ૮મીએ શું સ્થિતિ થશે તેની ચિંતામાં અત્યારે તો આ બધાં શહેરોનાં નગરજનો ફફડી રહ્યાં છે.

મને એમ લાગે છે કે ૭મી સુધીમાં સરકારે નમતું જોખવાનું નક્કી કર્યું હશે. જોઈએ, ૭મીની રાત સુધીમાં ખબર પડી જશે.

શાળાઓ બંધ કરીને સરકારે એક ખોટું પગલું ભર્યું હતું. એટલે ૮મીએ શાળા ખોલવાનું જાહેર કરીને સરકારે બહુ મોડી પણ તેની ભૂલ સુધારી છે એમ હું માનું છું. એટલે હવે તોફાનોથી ડરીને ફરી પાછી શાળા બંધ કરી ન દે તેવું હું તો ઇચ્છું. વિદ્યાર્થીઓ આંદોલન કરે તેનો ઉપાય વિદ્યાર્થીઓની વાત સમજવામાં અને આપણી વાત તેને સમજાવવામાં રહેલો છે. ઘરમાં બાળક ન માને તો તેને થોડું રીસાવા દઈએ છીએ; પણ ઘરની બહાર કાઢી ઘરનાં બારણાં બંધ કરવાથી બાળક મનાતું નથી. સરકારી ફતવો કાઢીને શાળાઓ બંધ કરી દેવાથી વિદ્યાર્થીઓનું આંદોલન શમી જતું નથી. ઊલટું ભડકી ઊઠે છે તે અમારા મુખ્ય પ્રધાનની મંડળીને મોડું મોડું પણ સૂઝ્યું, તેને હું સારી નિશાની ગણું છું. એટલે જ મને શ્રદ્ધા છે. હવે આંદોલનનો અંત નજીક છે.

પરમાણુ રિઍક્ટર 'ધ્રુવ'

તા. ૯-૮-૮૫. ભારતનું છઠ્ઠું પરમાણુ રિઍક્ટર 'ધ્રુવ' ગઈ કાલે

(અનુસંધાન પૃ. ૨૦૩ ઉપર)



ધરતીનો લાડકવાયો

સ્મરણ-આલેખ

મુનિકુમાર પંડ્યા

ધરતીમાતા પોતાના બાળને પોકાર પાડે છે: 'ચાલ્યો આવ, ચાલ્યો આવ, ચાલ્યો આવ.' દૂર વસેલા બાળના કાન ચમકી ઊઠે છે. ભાતભાતના કોલાહલોથી ભરેલી આ દુનિયામાં 'ધરતીનું ધાવણ' ધાવેલ બાળ માતાનો સાદ સાંભળતાં વેંત દોડી આવે છે. માતાનો પ્રેમ એના જીવનમાં અખૂટ રસ ભરી આપે છે. મેઘાણીભાઈ ગ્રેજ્યુએટ થયા પછી આજીવિકા અર્થે કલકત્તા જઈને રહ્યા. ઠેઠ ત્યાં તેમને માભોમ કાઠિયાવાડનો સાદ સંભળાણો. સાદ વરતી ગયા અને ધીકતી કમાણીવાળી - કલકત્તાની નોકરી છોડી દઈને તેઓ કાઠિયાવાડની ગોદમાં આવી મેઘાણીભાઈ 'સૌરાષ્ટ્ર'ના અને પછી 'ફૂલછાબ'ના સંપાદક બન્યા. આ સાપ્તાહિકો અમૃતલાલ શેઠના તંત્રીપણા નીચે રાણપુરથી પ્રકટ થતાં. 'સૌરાષ્ટ્ર' બંધ પડ્યા પછી 'ફૂલછાબ' શરૂ થયું. વખત જતાં મેઘાણીભાઈ 'ફૂલછાબ'ના તંત્રી બન્યા. લોકસાહિત્ય માટેનો તેમનો જીવંત રસ કાઠિયાવાડના વાતાવરણમાં પોષણ પામતો રહ્યો, લોકસાહિત્યનું આરાધન તેમના હાથે થતું રહ્યું.

અનુભવમાંથી નીકળેલી વાણી સાહિત્યમાં જીવંત બને છે અને આથી એ બળૂકી બને છે. કાઠિયાવાડના ખૂણેખૂણા ખૂંદી વળીને મેઘાણીભાઈએ સાહિત્ય માટેની સામગ્રી એકઠી કરી. અનેક ખમીરવંતાં પાત્રોનું સર્જન તેમના હાથે થયું. એમાં એક પાત્ર છે જોગીદાસ ખુમાણનું. એનું શૌર્ય એનું ખમીર, એની ખેલદિલી - આ બધું વાંચીએ અને મેઘાણીભાઈના પત્રો અને તેમના જીવનની ઘટનાઓ વાંચીએ ત્યારે લાગે છે કે મેઘાણીભાઈની આદર્શમૂર્તિ આ જોગીદાસ ખુમામ હશે, - મેઘાણીભાઈની છબીને યાદ કરો, બેઠી દડીનું શરીર, ભર્યો બાંધો, હેતાળ મોટી આંખો, મૂછો, વાંકડિયાં જુલફાં, સુરવાલ, ઝબ્બા અને સાફાનો તેમનો પોષાક સાફામાંથી ડોકાતાં આછાં જુલફાં કાઠિયાવાડના એક ગામડેથી બીજે ગામડે ઘોડેસવાર થઈને મેઘાણીભાઈ જતા હોય તો એમની લોકકથા માંહેનું કોઈ પાત્ર ઊતરી આવ્યાનો અહેસાસ જાગે.

'સોરઠ તારાં વહેતાં પાણી' નવલકથાનું પિનાકીનું પાત્ર મેઘાણીભાઈએ પોતાના ઉપરથી સર્જ્યું છે. ખુદ મેઘાણીભાઈએ જ આ હકીકત નોંધી છે. તેમણે પોતાના જીવનમાં બનેલી એક ઘટના પિનાકી દ્વારા રજૂ કરી છે. પિનાકીના દાદા ફોજદાર છે. તેમણે દૂધપાકનો જમણવાર ગોઠવ્યો છે. પસાયતાએ ઘરેઘરે ફરીને દૂધ ભેગું કર્યું છે. નાનાં બાળકો માટેય છાંટો દૂધ રહેવા દીધું નથી. વાત સાંભળીને પિનાકીનું હૃદય હાલી ઊઠ્યું. બાળક બીજી કઈ રીતે વિરોધ કરી શકે ? તબિયતનું બહાનું કાઢીને પોતે દૂધપાકને હાથ અડાડતો નથી. મેઘાણીભાઈના પિતાશ્રી કાલિદાસ મેઘાણી ફોજદાર હતા એ વેળાની એક ઘટનાનો આ પડઘો છે.

કચડાયેલાં ભણી સહાનુભૂતિથી જોવાનું મેઘાણીભાઈને આ ઘટનાએ શીખવ્યું. બાળપણના આ સંસ્કાર તેમના સાહિત્યમાં અને જીવનમાં પ્રસંગ મળતાં બહાર ઊછળી આવ્યા છે; 'ઘણ રે બોલે ને' કવિતાની આ પંક્તિઓ :

'બાળ મારાં માગે અન્ન કેરી દેગ
દેવે કોણ દાતરડું કે તેગ ?
હો એરણ બેની
ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી.'

પિતાશ્રીના અવસાન પછી મેઘાણીભાઈ બગસરાના બાપીકા ઘરના માલસામાનનો નિકાલ કરવા માટે ત્યાં ગયેલા. તેમની જોડે તેમના સાથીદાર હાથીભાઈ પણ હતા. ઘરવખરીમાંની કેટલીક ચીજવસ્તુઓ પાણીના મૂલે વેચી દીધી હશે તો કેટલીક જરૂરતમંદોને એમ ને એમ જ આપી દીધી હશે. આમાં એક મોટી જાજમ પણ હતી. હાથીભાઈ જાતના કાઠી. તેમને થયું કે પોતાની પાસે આવી એકાદ જાજમ હોય તો સારું. કહુંબાપાણી કાઢવા ટાણે ઓસરીમાં પાથરવાને કામ લાગે. તેમણે મેઘાણીભાઈ પાસે જાજમની માગણી કરી, મેઘાણીભાઈએ ના પાડી. કહ્યું:

'ભાઈ, ઇ ન બને. જુઓ જાણે કે બાપુજી હતા ફોજદાર. આવી આવી કેટલીક વસ્તુઓ તેમણે હોદ્દાનો દુરુપયોગ કરીને મેળવી છે. એને ઘરમાં રખાય નહીં.' એ જાજમ મેઘાણીભાઈએ

અન્ય કોઈ જરૂરિયાતવાળાને તદ્દન સામાન્ય સ્થિતિવાળાને એમ ને એમ આપી દીધી.

'સૌરાષ્ટ્ર' અને 'ફૂલછાબ'નું કામ સંભાળ્યા બાદ મેઘાણીભાઈ બોટાદમાં સ્થિર થયા. બોટાદમાં તેમણે ઘરનું ઘર લીધું. આ ગામ સાથે તેમનાં અનેક સંસ્મરણો જોડાયેલાં છે. આસપાસ વસતા નાનામોટા, જાણીતા-અજાણ્યા સહુકોઈની જોડે તેમનો વર્તાવ શાલીનતાભર્યો હતો. ગાંધીજી જેવી વિભૂતિના હાથે 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ તેમને મળ્યું. પહેલી હરોળના સર્જક તરીકે કીર્તિ સંપાદન કરી. આ પછીય પરગજુપણું, નમ્રતા અને વિવેક તેમણે તજ્યાં નહીં.

કોઈ કોઈ વાર સાંજની વેળાએ મેઘાણીભાઈ તેમના મિત્ર સવાઈલાલ પંડ્યા જોડે ગામબહાર ખેતરો બાજુ ફરવા જતા, બોટાદ-અમદાવાદ રેલવે લાઈન પરના સિગ્નલ પાસે બંને મિત્રો બેસે, સાહિત્યચર્ચા ચાલે. સવાઈલાલ પંડ્યાનું સંસ્કૃત અને અંગ્રેજી પરનું સારું પ્રભુત્વ. એક વાર ફરીને પાછા વળતાં રસ્તામાં એક દાતરડું પડેલું જોયું. ઊતરી રહેલા અંધકારમાં દાતરડું ઠેબે ચડ્યું. ઉપાડી લીધું. ઘરે આવ્યા ત્યારે રાત પડી ચૂકી હતી. તેમના ઘરથી થોડે છેટે કણબી અને સથવારાની વસ્તી. એમનામાંથી કોઈકનું દાતરડું પડી ગયું હશે એમ ધારીને એ બાજુ મેઘાણીભાઈ ગયા. દાતરડાના માલિકને ગોતીને એને દાતરડું સોંપી દીધું. ગરીબ દાડિયો હતો એનો માલિક. આભારવશ થઈને તે બોલી ઊઠ્યો, 'બવ સારું કર્યું બાપા તમે. નકર કાલ્ય હું દાડિયે ક્યમ કરીને જાત ?'

આ વસ્તીમાં જ એક વાર આગ લાગી. બુમરાણ ઊઠ્યું, 'આગ લાગી. આગ લાગી.' મેઘાણીભાઈ ઘરમાં જ હતા. એમના કાને શબ્દો પડ્યા. તરત જ તેઓ પહેર્યે કપડે દોડી ગયા. ગોઠણ લગીની ચડ્ડી, ઈન્શર્ટ, ખુલ્લુ માથું અને હાથમાં ડાંગ.

કોઈ ગરીબ ખેડુનું નાનુશું ખોરડું આગમાં લપેટાઈ ગયું હતું. આસપાસની વસ્તી પણ એ ખેડુ જેવી જ ગરીબ. સહુકોઈ હાથમાં જે આવ્યું એ - હાંડો, ઘડો, ડોલ, દેગડો લઈને નજીકના કૂવામાંથી પાણી સીંચીસીંચીને આગને કાબૂમાં લેવા મથતું હતું. એક રેંકડામાં બે મોટાં ટીપડાં લાવવામાં આવ્યાં. માણસો પાણી લાવીલાવીને એમાં રેડતા જાય. ટીપડાં સાથે એક હેન્ડપમ્પ જોડેલો. હેન્ડપમ્પમાં એક લાંબી નળી બેસાડેલી. હેન્ડપમ્પને શેરડીના સંચાની પેઠે ફેરવ્યા કરવાનો. જેથી નળી વાટે પાણી ઊંચે ચડે અને આગ ઉપર ધારા થાય.

મેઘાણીભાઈ હેન્ડપમ્પ ચલાવતા હતા. ઠીકઠીક વારે આગ કાબૂમાં આવી. મેઘાણીભાઈ છેક સુધી હેન્ડપમ્પ પાસેથી ખસ્યા નહીં. પમ્પ એકધારો હલાવ્યા કર્યો. પેલા ગરીબની ઘરવખરી બળી ગઈ. એ બિચારો નિમાણે મોઢે ઊભો હતો. એની બૈરી ઘૂમટો કાઢીને લાંબા રાગે રોતી હતી. અર્ધનગ્ન નાનાં છોકરાં ડઘાઈને ઊભાં હતાં. કરુણ દૃશ્ય હતું આ. ભીની આંખો લૂછતા મેઘાણીભાઈ ઘરે ગયા. આગના ધુમાડાથી એમની આંખોમાં પાણી આવ્યાં હશે કે પછી...?

ઘરે જઈને મેઘાણીભાઈએ તરત અઢીસો રૂપિયા ગરીબ ખેડુને મદદ માટે મોકલી આપ્યા. ન કશી વાત. ન કશી જાહેરાત. ન કશી વાહ વાહની અપેક્ષા.

આવું આવું મેઘાણીભાઈના હૃદયમાં ભંડારાઈને ખાતર રૂપે પડ્યું રહે અને એમાંથી દલિતો-શ્રમિકોનાં ગીતોને પોષણ મળ્યા કરે.

એક વાર મેઘાણીના ઘરની સામેના સરકારી ક્વાર્ટર્સના મેદાનમાં બાળકો રમતાં હતાં. રમતાં રમતાં બંટુ (જયન્ત મેઘાણી) અને એનો એક સમવયસ્ક ભાઈબંધ બંને ઝગડી પડ્યા. ભાઈબંધના બાપે મેઘાણીભાઈ પાસે જઈને ઉશ્કેરાટપૂર્વક બંટુની સામે ફરિયાદ કરી. મેઘાણીભાઈએ કશી જ લપછપ કર્યા વિના બંટુને બોલાવીને ઠપકો આપ્યો. પેલા વાલીના મનને શાંત પાડ્યું. કોનો વાંક હતો કે શું કારણ હતું એ કાંઈ જ તેમણે પૂછ્યું નહીં.

'સાબદા થાજો અજમેરિયા' - આ શૌર્યગીત મેઘાણીભાઈ તક મળે ત્યારે બાળકો પાસે ગાઈ ઊઠતા. રાષ્ટ્રિય સેવકસંઘની પ્રવૃત્તિ '૪૦-'૫૦ના સમયગાળામાં બોટાદમાં જોરશોરથી ચાલતી હતી. એની શાખાઓ ગામમાં ત્રણ-ચાર સ્થળોએ ચાલતી. શાખાના વાર્ષિકોત્સવ પ્રસંગે એક વાર મેઘાણીભાઈને મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવેલું. તેમણે બાળકોની વિવિધ રમતો અને એમના અંગકસરતના જુદા જુદ દાવ રસપૂર્વક નિહાળ્યા. નિહાળીને તેઓ ઘણા રાજી થયા 'બચ્ચાઓ રમો. ખૂબ રમો. બહાદુર બનો. શરીર ખડતલ બનાવો.' એવી શીખ આપી અને બુલંદ અવાજે તેઓ શૌર્યગીત લલકારી રહ્યા : 'સાબદા થાજો અજમેરિયા.'

લાગણીથી જીવનારા મેઘાણીભાઈ તરત લાગણીવશ થઈ જાય. શૂરવીરતાના એ ઉપાસક. જ્યાં જ્યાં શૌર્ય ભાળ્યું ત્યાં એને બિરદાવ્યું જ, અને એવી જ રીતે ક્યાંક સહેજ અમસ્થી કાયરતા જોવા મળી તો એને ધિક્કારીય છે એવા જ આવેગથી.

મહાત્મા ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ઇંગ્લંડ ગયા ત્યારે તેમણે ગાયું,

'છેલ્લો કટોરો ઝેરનો પી જજો બાપુ;

સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ.' ગાંધીજીની વ્યથાને વાચા આપતા આ કાવ્ય થકી મેઘાણીભાઈ 'રાષ્ટ્રિય શાયર' પદને પામ્યા, આ વાત તો ઘણી જાણીતી છે.

પણ આ જ મેઘાણીભાઈએ અમદાવાદના કોમી રમખાણમાં વસંતરજબ શહીદ થયા ત્યારે લખેલું:

- મહાત્મા ગાંધીજી આવાં હુલ્લડોને પોતાની વિલક્ષણ દૃષ્ટિએ નિહાળે છે; એનો જે પ્રતિકાર પોતે સૂચવે છે તે એમણે પોતે કોઈ પણ ઠેકાણે કે અવસરે અજમાવી જોયો નથી. એકાદ ગણેશશંકર વિદ્યાર્થીનું નામ તો સોગંદ ખાવા માટે જ ઠીક કહેવાય...

....ભાઈ હેગિષ્ટે ને રજબઅલી જેવા બેત્રણ બલિદાનોનાં યશોગાન તેમજ સ્મારકઘોષ વડે દિગંત ગાજી ઊઠ્યા પછી પણ એમને પગલે મળવા ઝાઝા જનો બહાર પડ્યા નથી (અમદાવાદ ગાંધીભક્તોની બહોળી છત હોવા છતાં) એ શું બતાવે છે ? મહાત્માજીનું પ્રયાણ પૂનાથી પંચગનીને બદલે જો અમદાવાદ તરફ થયું હોત ને પાંચસો મરજીવાની મોખરે એમનો પ્રવેશ જો જમાલપુરમાં થયો હોત તો જગતને કંઈક જાણવા ગ્રહવા જોગું જરૂર મળ્યું હોત.' ('લિ. હું આવું છું' - પાન-૬૭૭)

ના, કાયરતા તો ખપે જ નહીં. ગાંધીજીની અહિંસા પાછળ શૌર્યનું દર્શન મેઘાણીભાઈને 'છેલ્લો કટોરો' કાવ્ય માટે પ્રેરે છે તો પ્રસંગ આવ્યે ઉપરોક્ત ટીકા કરતાં પણ તે અચકાયા નથી.

બોટાદના રેલવે સ્ટેશન ઉપર એક માથાભારે કાજીને મેઘાણીભાઈએ અને એમના સાથીદાર હાથીભાઈએ સારી પેઠે ઝૂડેલો. હાથીભાઈ જાતે અભણ કાઠી. કાજીને રેલવેની હદમાં માર્યો એટલે એનો કેસ સોનગઢની કોર્ટમાં ચાલ્યો. કારણ કે સોનગઢ અંગ્રેજ રેસિડન્સીનું થાણું હતું. મેઘાણીભાઈએ બધો ગુનો પોતાના માથે લઈ લીધો. હાથીભાઈનું નામ આવવા દીધું નહીં. કોર્ટે ચુકાદો આપ્યો. કોર્ટ ઊઠતાં સુધીની સજા મેઘાણીભાઈને ફરમાવાઈ. સજા એમણે એકલાએ ભોગવી.

'તુજ સુખની મહેફિલમાં સહુને નોતરજે
જમજે અશ્રુનો થાળ એકલો.'

પ્રથમ પત્ની દમયંતીબહેનનું સળગી જવાથી અવસાન થયું. સ્ટેશન રોડ પરના ભાડાના મકાનમાં આ ઘટના બનેલી. તાજ બિલ્ડિંગ નામે આ મકાન ઓળખાતું. મેઘાણીભાઈ શ્વાસભર્યા રસ્તા ઉપર દોડી આવ્યા ને બૂમો મારવા લાગ્યા; 'હું ગુનેગાર છું. મેં મારી સ્ત્રીની હત્યા કરી છે. મને પકડી લ્યો...' આજુબાજુના માણસો દોડી આવ્યા. ઘરની સામે જ સરકારી દવાખાનું અને હાઈસ્કૂલ. બાજુમાં જ પોલીસ લાઈન અને કોર્ટ. આખો વિસ્તાર ભરચક્ક.

બધાએ મેઘાણીભાઈને શાંત પાડવા પ્રયત્ન કર્યો. 'લાગણીના આવેગમાં આવું ન બોલો. શાંતિ રાખો. આમાં તમે નિર્દોષ છો છતાં દોષિત ઠરશો. મા વિનાનાં સંતાનોનો ખ્યાલ કરીને ધીરજ રાખો !' માંડમાંડ મેઘાણીભાઈ શાંત થયા.

અને વિધાતાની રમત તો દેખો ! માણસજાત સાથે કેવા કેવા ખેલ કરે છે એ ! બંગાળી નાટ્યકાર દ્વિજેન્દ્ર રોયના 'શાહજહાં' નાટકનું ગુજરાતીમાં મેઘાણીભાઈએ ભાષાંતર કર્યું છે. શાહજહાં માતાવિહોણાં પોતાનાં બાળકો તરફ અપાર વાત્સલ્ય વહાવે છે. માવિહોણાં સંતાનો માટેનો પિતાનો ભાવ આ નાટકના કેન્દ્રસ્થાને છે. નાટકના રચયિતા દ્વિજેન્દ્ર રોયના માથે પણ પોતાની પત્નીના અવસાન બાદ નમાયાં બાળકોના ઉછેરની જવાબદારી આવી પડેલી અને આવી જ જવાબદારી મેઘાણીભાઈના માથે પણ આવી. નાટકના મુખ્ય પાત્ર, એના સર્જક અને એના અનુવાદક ત્રણેયનું પિતૃહૃદય સમાન વાત્સલ્યભાવથી ધબકે છે.

સવાઈલાલ પંડ્યાનાં માતુશ્રી નર્મદાબહેનને અનેક સંસ્કૃત શ્લોકો અને લોકગીતો કંઠસ્થ હતાં. તેમનો રાગ પણ સરસ. તેમની પાસે કોઈ કોઈ વાર મેઘાણીભાઈ આવતા. 'માસી, આજે એકબે ગીત તમારી પાસે સાંભળવા આવ્યો છું.' કહેતાં ઓસરીમાં બાંધેલી ખાટ ઉપર પલાંઠી મારીને બેસે. સાફો ઉતારીને બાજુએ મૂકે. ઓસરીની કોર પાસે બેસીને નર્મદાબહેન મીઠી હલકથી ગીતો સંભળાવે :

'ગાય દીયોને મારી ગોતી રે
વ્રજવાસી ગોવાળિયા...
ગાય દીયોને મારી ગોતી.'

અથવા કન્યાવિદાયનું ઘેરું કરુણ ગીતઃ

'લીલુડા રે વાંસની વાંસળી શેરીએ વાજતી જાય રે...
ગરવા રે બાપની બેટડી આજ રે સાસરી સહાય રે....

કન્યા વિદાયનું ગીત સાંભળતાં મેઘાણીભાઈની બંધ આંખોમાંથી નીકળતી આંસુડાંની ધાર ગાલ ઉપર ઊતરતી હોય.

અને આ જ આંખો કોઈને અન્યાય થતો જુએ કે ક્રોધથી લાલચોળ બની જતી. મેઘાણીભાઈનું આખું શરીર ઘડીભર ધ્રૂજી ઊઠતું.

સૌરાષ્ટ્રની ધરતીને મેઘાણીભાઈએ ધન્ય બનાવી પોતાના સાહિત્ય વડે અને એથીય વિશેષ તો માનવતાભર્યા પોતાના આચરણ થકી. પચાસેક વર્ષની ટૂંકી જીવનયાત્રામાં ધરતીના આ લાડકવાયાએ ચૂકવેલું આ માતૃઋણ શું ઓછું કહેવાય ? □

મેવાડના મહારાણા પ્રતાપની ૪૦૦મી સંવત્સરી ચાલુ સાલના જાન્યુઆરી માસમાં આવી ગઈ. (અવસાન તા. ૨૯મી જાન્યુઆરી ઈ.સ. ૧૫૯૭) આપણા દેશની સ્વાતંત્ર્યપ્રાપ્તિને પણ આ વર્ષના ઓગસ્ટની ૧૫મીએ ૫૦ વર્ષ પૂરાં થતાં હોઈને સ્વાતંત્ર્ય કાજે પોતાનું સઘળું હોમી દેનાર ભારતના એ સપૂતને દેશે ભાવભીની અંજલિ આપવી જ રહી. ભવ્ય રાજપ્રાસાદના ભોગવિલાસ જતા કરીને પર્વતના ખોળે આસરો લઈ જે મળે તે ખાઈ લઈને પણ મુઘલોની ગુલામી ન સ્વીકારનાર મહારાણા પ્રતાપ જેવો અન્ય કોઈ અટંકી ભારતીય વીર ભાગ્યે જ મળે. મુઘલ સમ્રાટ અકબરને માત્ર એટલું જોઈતું હતું કે આંબેડ, જોધપુર, બિકાનેર, જેસલમેર, બુંદી, કોટા, કિસનગઢ વગેરેના રાજપૂત રાજવીઓની જેમ પોતાનું પ્રભુત્વ સ્વીકારે, પરંતુ પ્રતાપે તેની એ મુરાદ કદી પાર પડવા ન દીધી.

અકબર વતી એક વાર આંબેડના રાજા માનસિંહે પ્રતાપની મુલાકાત લેતાં તેને માટે ઉદયસાગર સરોવરના કાંઠે મોટો ભોજનસમારંભ ગોઠવવામાં આવ્યો. ભોજન પિરસાતી વખતે પ્રતાપની ગેરહાજરી જોઈ માનસિંહે તેના કુંવર અમરસિંહને કારણ પૂછતાં તેણે પ્રતાપને પેટમાં દુ:ખતું હોવાનું કારણ દર્શાવ્યું. હકીકતમાં તો મુઘલોની ગુલામી સ્વીકારનારની સાથે ભોજન લેવામાં પ્રતાપને અપમાન લાગતું હોઈને તેણે જાણીજોઈને પેટમાં દુખતું હોવાનું બહાનું કાઢેલું. રાજા માનસિંહે આનો જવાબ આપેલો. 'એમની બીમારી શી છે એ હું જાણું છું અને એ બીમારીનો અને એમના મિથ્યાભિમાનનો ઇલાજ હું યુદ્ધના મેદાનમાં કરીશ.' અને આનું પરિણામ તે હલદીઘાટનું યુદ્ધ.

હલદીઘાટના યુદ્ધમાં પ્રતાપ માથે છત્ર સાથે રાજા માનસિંહની શોધમાં જીવના જોખમે ફરી વળ્યો પણ તે હાથ ન લાગતાં તે સલીમ (પાછળથી જહાંગીર)ના હાથી સુધી પહોંચી ગયો એટલામાં તો તે ઘેરાઈ જતાં આલા રાજા માનસિંહે તેનું છત્ર ઝૂંટવી પોતાને માથે ધરી લઈ એને બચાવી લીધો અને માથે છત્રના કારણે એને જ પ્રતાપ સમજી લઈ મુઘલ સૈનિકોએ તેનો વધ કરી નાખ્યો. પ્રતાપનો ભાલો જો હાથી પરના સલીમના હોદ્દાની બદલે તેને પોતાને જ વાગ્યો હોત તો અકબરને તેના ઉત્તરાધિકારીથી વંચિત બની જવું પડત.

*

દક્ષિણ ભારતનું જોરાપુરનું નાનુંસરખું રાજ્ય, અને તેનો નાનોસરખો (માત્ર તેર-ચૌદ વર્ષની વયનો) રાજવી. એના કરતાં અનેક મોટાં રાજ્યોના ધણી અને ઉંમર તથા અનુભવમાં અનેકગણા ચડિયાતા રાજવીઓ જ્યારે સાર્વભૌમ બ્રિટિશ હકૂમતની કદમબોસી કરી રહ્યા હતા ત્યારે આ બાળરાજાના દિલમાં દેશની પરાધીનતા સતત ખૂંચતી રહેતી. એવામાં ઉત્તર ભારતમાં ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવની આગ સળગી ઊઠતાં આ બાળરાજાને દક્ષિણમાં એ આગ જગાવવાની તમન્ના જાગી અને તેણે વિપ્લવ તરફી પત્રિકાઓ છપાવી વહેંચવા માંડી.

એટલેથી ન અટકતાં આ બાળરાજા દક્ષિણના સૌથી મોટા દેશી રાજ્ય હૈદરાબાદના નિઝામની વિપ્લવમાં સક્રિય મદદ લેવા પહોંચ્યો. પરંતુ અંગ્રેજોની કદમબોસીમાં રાચતો નિઝામ સાથ આપે ? સાથ આપવો તો દૂર રહ્યો પરંતુ તેના વઝીર સાલારજંગે તેને ગિરફતાર કરી, હાથમાં બેડીઓ નાખી, અંગ્રેજ સેનાને હવાલે કરી દીધો.

એ વખતના અંગ્રેજ સેનાધિકારી કર્નલ મેડોઝ ટેલરને આ બાળરાજા માટે માન હતું. એટલે એને ફાંસીએ લટકી જતો બચાવવા તેણે વિપ્લવમાં તેને સાથ આપનારાઓનાં નામ અંગ્રેજ રેસિડન્ટને આપવા જણાવ્યું. પણ બાળરાજાએ તેને સ્પષ્ટ સંભળાવી દીધું : 'નહિ, અપ્પા; એ કદાપિ નહિ બને. તમે મને અંગ્રેજ રેસિડન્ટને મળવાની સલાહ આપો છો તે મને મંજૂર નથી. અપ્પા, હું જીવનદાનની ભીખ માગીને મેળવેલું જીવન કાયરની જેમ ઘસડીને જીવવા નથી માગતો, મારા દેશભાઈઓનો દ્રોહ હું કદાપિ નહીં કરું. કર્નલસાહેબ, તોપ, ફાંસી કે કાળાપાણીની સજા પણ એટલી ભયંકર નથી જેટલો વિશ્વાસઘાત ભયંકર છે.

થોડા દિવસ પછી કર્નલે બાળરાજાને થયેલી ફાંસીની સજા સંભળાવવા તેની મુલાકાત લઈને દિલગીરી દર્શાવતાં એ વીર બાળક બોલ્યો, 'જુઓ, અપ્પા, મારા માટે ફાંસીની સજા યોગ્ય નથી, કેમ કે હું કોઈ ચોર - ડાકૂ નથી. હું મારી માભોમની મુક્તિ માટે લડનારો એક યોદ્ધો હોઈને હું ઇચ્છું છું કે મને તોપના મોંએ બાંધીને ઉડાડી દેવામાં આવે. તમે જોજો કે તોપના મોંએ પણ હું કેવો શાંત અને સ્વસ્થ ઊભો રહું છું.'

કર્નલનું હૃદય પીગળી ગયું. હવે આ સ્વાભિમાની અને સ્વાતંત્ર્યપ્રિય બાળરાજાને બચાવવાની જવાબદારી પોતાને માથે લઈ લીધી ને લાગતાવળગતા અધિકારીઓને તેની જીવનરક્ષા માટે સતત વિનવતા રહેતાં સજા છેવટે ઘટાડીને ફાંસીને બદલે કાળા પાણીની કરવામાં આવી અને તેને આંદામાન મોકલી આપવામાં આવ્યો.

આંદામાનમાં આ બાળરાજાની કેદકોટડીના પહેરેગીરો તેની સાથે બહુ સ્નેહપૂર્વક વર્તતા અને બાળક તરીકે તેની સાથે ભારે ગમ્મત કરતા. આવી એક વારની ગમ્મત દરમિયાન બાળરાજાએ એક પહેરેગીરની પિસ્તોલ ખેંચી લીધી અને પહેરેગીર એ પાછી પડાવી લે એ પહેલાં તે પોતાની ઉપર ગોળી છોડી દીધી. જેમનું અસ્તિત્વ તે આ દેશમાંથી ઉખેડી નાખવા માગતો હતો એમની જ કેદમાં આખું જીવન વીતાવવા કરતાં તેણે મોતને મીઠું ગણ્યું.

આ બાળરાજાનો વૃત્તાંત કર્નલ મેડોઝ ટેલરે પોતાના 'સ્ટોરી ઓફ માય લાઈફ' નામક પુસ્તકમાં કર્યું છે જ્યાં તેની કલમ આ બાલરાજા અંગ્રેજોનો શત્રુ હોવા છતાં જાણે તેને પ્રણમતી ચાલી છે.

અશોક હર્ષ

ઈન્ફર્મેશન ટેક્નોલૉજી

પ્રહ્લાદ છ. પટેલ

આ સદી જેમ જેમ તેના અંત તરફ ધસતી જાય છે તેમ તેમ માહિતીનો વિસ્ફોટ અપરિમેય બનતો જાય છે. અનેક રાહે વિવિધ ક્ષેત્રોની માહિતીઓ વિશ્વ સમક્ષ ઊમટી રહી છે. આ સંજોગોમાં તેનો મહિમા અનેકગણો વધી જાય છે.

સઘન સંશોધન, ધંધાકીય સ્પર્ધા, જનવહીવટ અને વ્યવહારોની જટિલતાઓને પહોંચી વળવા માટે કમ્પ્યૂટરનો મહિમા અપરંપાર વધતો જાય છે. વધતા જતા ઉપયોગોને કારણે કમ્પ્યૂટર જનજીવનનું અનિવાર્ય અંગ બની રહ્યું છે.

મર્યાદિત વ્યવહારો સાથે સંકળાયેલી બળદગાડા-સંસ્કૃતિનો માણસ થોડીક ઔદ્યોગિક પ્રગતિની સાથે રેલવેના પાટા ઉપર આવ્યો અને આજે તે હવાઈ સફર કરતો થઈ ગયો છે. વીસમી સદીના ઉષ:કાળથી આજ સુધીમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રે અણધારી પ્રગતિ સાધાઈ છે. છેલ્લા ત્રણેક દાયકાથી માણસે અવકાશ, ઈલેક્ટ્રોનિક્સ અને કમ્પ્યૂટર ક્ષેત્રે હરણફાળ ભરી છે. આ બધાના સમન્વયથી માણસ ટોકિયોમાં વહેલી સવારનો નાસ્તો, લંડનમાં લંચ અને સાંજનું ખાણું ન્યૂ યોર્કમાં લેતો થયો છે. આ સફર દરમિયાન તે પોતાનો વ્યવસાય તો કરે જ છે. આ રીતે પ્રવૃત્તિઓમાં રહીને તેણે ઓછા સમયમાં વધુ અંતર કાપીને પૃથ્વીનાં પરિમાણો નાનાં બનાવ્યાં છે. હવે તો આંતરગ્રહિય સંશોધનાત્મક વ્યવહારો શરૂ થતાં વિશ્વ પણ નાનું બનશે.

આજે તમામ ક્ષેત્રે ઝડપી પ્રગતિ સધાઈ રહી છે. શિક્ષણ, સંશોધન, વેપાર અને ઉદ્યોગોના વિકાસ સાથે જ્ઞાન અને માહિતીની માત્રા અને પ્રચુરતા વધવા લાગ્યાં છે. આજનો સમાજ બેશૂમાર માહિતીસભર બનતો જાય છે. આથી તો આ દશકો માહિતી અને ટેક્નોલૉજીનો સમય છે. એટલે કે હવે તે ઈન્ફર્મેશન સોસાયટી તરીકે ઓળખાય છે. પરમાણું કે અવકાશ ટેક્નોલૉજીની જેમ 'ઈન્ફર્મેશન ટેક્નોલૉજી'ની એક ક્રાંતિકારી વિચારાધારા શરૂ થઈ છે. શરૂ થતાંની સાથે તેણે વ્યાવહારિક સ્વરૂપ પણ પકડ્યું છે.

વિકસતી ઉચ્ચ ટેક્નોલૉજી અને વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ ભૌતિક સેવા-સુવિધાઓ ઈન્ફર્મેશન સોસાયટીના પાયાના પથ્થરો છે. વિકાસ માટે દ્રવ્ય-સુવિધા અને ઊર્જા જેટલાં મહત્ત્વનાં અને અનિવાર્ય છે તેથી વધારે મહત્ત્વ આજે ઈન્ફર્મેશન ટેક્નોલૉજીનું છે. માણસ વધતી જતી ભિન્નભિન્ન જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઝઝૂમી રહ્યો છે. જીવનની વિષમતાઓ વચ્ચે પરિસ્થિતિની સમતુલા તો જાળવવી જ રહી.

ઈન્ફર્મેશન સમાજ જ્ઞાનના પાયા પર રચાયેલો છે, તેમાં જ્ઞાન સતત રીતે વધતું જાય છે અને જ્ઞાનની તીવ્રતા પ્રબળ બનતી જાય છે. ઉત્પાદનલક્ષી વ્યવસાયમાં આ બધું અનિવાર્ય છે. જો માહિતીના સંચય અને સંચારણ માટે સંપૂર્ણ નેટવર્ક હોય તો તે ક્ષમતાથી અને અસરકારક રીતે વિધેયાત્મક પરિણામ તરફ લઈ જાય છે. માણસની એક તરફ રૂઢિગત દબાણો હોય છે તો બીજી બાજુએ પરિવર્તનને ગ્રહણ કરવા માટે દબાણ થતું હોય છે. આવા સમયે લાગણી કે પશુબળ કામ લાગતાં નથી. આ બંને વચ્ચે ભીંસાતા માણસ માટે તર્ક, જ્ઞાન, સર્જનાત્મક ડહાપણ અને માનવીય મૂલ્ય આવશ્યક છે.

પ્રાચીન સમાજમાં માહિતી કંઠોપકંઠ પસાર થતી હતી. બધી જ સંસ્કૃતિઓની વસ્તુઓની લેખિત નોંધ, કાયદા અને ઈતિહાસ મોજૂદ છે. પ્રાચીનકાળમાં ટાંચાં સાધનો અને મર્યાદિત માહિતીને કારણે સ્મરણશક્તિ ઉપર આધાર રાખવાનું શક્ય હતું, પણ આજે તે શક્ય નથી. આથી માહિતીના સંચય અને વિતરણ માટેની રીતો શોધવાની સમાજને ફરજ પડી છે.

શિક્ષણ સંસ્થાઓ, ઉદ્યોગો, વ્યવસાયો, સરકાર અને નાણાંકીય લેવડ-દેવડ બાબતે માહિતી (ઈન્ફર્મેશન)નું મૂલ્ય ગતિશીલ સ્રોત તરીકે સ્થાપિત થવા લાગ્યું છે. ઓગણીસમી સદીમાં માહિતીની ચેનલો જેમકે પુસ્તકો, વર્તમાનપત્રો વગેરે ઉપર સરકાર અંકુશ ધરાવતી હતી. તેનો ફાયદો મોટેભાગે ધનિકો અને સ્થાપિત હિતો કરી શકતા હતા. અને તેનાથી તે મબલક અર્થોપાર્જન પણ કરતા હતા.

ત્યારબાદ માણસે વસ્તુઓ અને ઘટનાઓનું અવલોકન કરીને વર્ગીકરણ કર્યું. તેથી માહિતી સરળ બની. પહેલાં તો પદાર્થોના ભૌતિક જ્ઞાનને એક જ વિષયમાં આવરી લેવાતું હતું. આજે તો તે માહિતીઓના વૈવિધ્યને કારણે ભૌતિક રસાયણ, ભૂસ્તર અને ખગોળવિજ્ઞાન જેવા વિષયોમાં તે વહેંચાયું છે. તે જ રીતે પહેલાં જીવવિજ્ઞાન બધા જ સજીવોની માહિતી પૂરી પાડતો વિષય હતો આજે તે વનસ્પતિ, પ્રાણી, શરીરરચનાશાસ્ત્ર અને અન્ય વિષયોમાં વહેંચાયેલો છે. હવે તો ભૌતિક અને સજીવોનાં વિજ્ઞાન પણ એકબીજા સાથે સમ્મિલિત થવા લાગ્યાં છે, જેમકે બાયોકેમસ્ટ્રી, બાયોફિઝિક્ષ વગેરે.


માહિતી વિસ્ફોટથી બીજી એક પરિસ્થિતિનું નિર્માણ થયું છે, જેમાં પ્રક્રિયાઓનું સંશ્લેષણ થવા લાગ્યું છે, જેમાં જુદા જુદા વિષયોનો આધાર લઈને નવો જ સંયુક્ત વિષય તૈયાર કરવામાં આવે છે, જેમકે આણ્વિક જીવવિજ્ઞાન (molecular biology), સંચારણ અને અંકુશ વિજ્ઞાન (Cybenlatics), શબ્દના અર્થની ઉત્પત્તિ અને વિકાસને લગતું વિજ્ઞાન (general semantics), જૈવ આચાર સંહિતા (biothics). આવો જ નવો વિષય

(અનુસંધાન પૃ. ૨૧૩ ઉપર)

(ધરતીનો છેડો ઘર)

ફેમિલિ રૂમ

હેમન્ત વાળા



મનુષ્ય સામાજિક પ્રાણી છે અને સમાજની મૂળ સંસ્થા એ કુટુંબ છે. આવાસ એ કુટુંબનું સ્થાન તથા ઓળખ છે તે છતાં પણ આવાસમાં ઘણી વાર કુટુંબના બધાં જ સભ્યો ને સાથે મળવા કે સમય વિતાવવાનું સ્થાન નથી હોતું. દીવાનખંડ એ પ્રમાણમાં ઔપચારિક સ્થાન છે, જેને મહેમાનોની આગતા-સ્વાગત માટે વ્યવસ્થિત રાખવો પડે છે. વળી, દીવાનખંડમાં મહેમાન આવે ત્યારે તેમની સાથે ઔપચારિક વાતોમાં ન જોડાનાર કુટુંબની વ્યક્તિ તે ખંડમાં પોતાની હાજરી યોગ્ય નથી ગણતી. ભોજનકક્ષની પણ પોતાની મર્યાદાઓ છે અને સામાન્ય રીતે ડાઈનિંગ ચેર પણ લાંબા સમય સુધી બેસવા માટે આરામદાયક નથી હોતી. તેવી જ રીતે શયનખંડ એ અંગત સ્થાન હોવાથી તેની ઉપયોજિતામાં પણ મર્યાદાઓ હોય તે સ્વાભાવિક છે. હા, બહારનો વરંડો કે ઓટલો ઘણીવાર કુટુંબના સભ્યોના મેળાવડા માટે યોગ્ય ગણાય છે, પણ તેના ઉપયોગમાં પણ મર્યાદા રહેલી છે. આમ, સમગ્ર કુટુંબના સભ્યોએ નવરાશના સમયે ક્યાં મળવું? દીવાનખંડમાં મહેમાન આવે ત્યારે ટી.વી. ક્યાં બેસીને જોવું? સામાન્ય હોબિ ક્યાં વિકસાવવી? નવરાશના કે અન્ય સમયે વિચાર-વિનિમય ક્યાં કરવો? આવા ઘણા પ્રશ્નોનો જવાબ ફેમિલિ રૂમ છે. સાંપ્રત સમાજમાં જ્યારે માનવી વ્યક્તિત્વવાદી થતો જાય છે ત્યારે કુટુંબના સભ્યોને મળવા માટે પણ ચોક્કસ સ્થાન જોઈએ છે અને તેથી ફેમિલિ રૂમની જરૂરિયાત ઉદ્ભવી છે, એ રીતની માન્યતા ખોટી છે. ઘણી વાર સામાજિક ઢાંચો જ ફેમિલિ રૂમ અથવા ઉપદીવાનખંડની જરૂરિયાત ઊભી કરે છે. ઘણાં રૂઢિચુસ્ત કુટુંબોમાં હજુ પણ સ્ત્રીઓને પુરુષોની વચમાં બેસવાની મનાઈ છે. આવા સંજોગોમાં ઉદ્ભવતી ઉપ-દીવાનખંડની જરૂરિયાત પરંપરાગત આવાસમાં પણ સંતોષાતી. આવાસમાં ઔપચારિક ફેમિલિ રૂમનો સમાવેશ કરવાનો અભિગમ નવો છે તે છતાં પણ વિશાળ સાધન-સંપન્નવાળા આવાસોમાં તેનો સમાવેશ થતો જ.


ફેમિલિ રૂમની ઉપયોગિતા ઘણી હોઈ શકે. બાળકો માટે તે હોબિ રૂમ કે રમત રમવાનો ખંડ હોઈ શકે. ત્યાં સ્ત્રીઓ ઈસ્ત્રી કરવાનું કે શાક સમારવાનું કાર્ય પણ કરી શકે. ત્યાં ફેમિલિ ટીવી પણ રાખેલો હોય અને ત્યાં જ મ્યૂઝિક સિસ્ટમ હોય. છાપાં તથા સામાયિકો પણ ત્યાં જ રખાતાં અને વંચાતાં હોય. સવારની ચા પણ બધાં ત્યાં જ લઈ શકે અને અંગત મિત્રો માટે તે દીવાનખંડ પણ બની શકે. ત્યાં કુટુંબના સભ્યો મળી વિચાર-વિનિમય કરી શકે. અમસ્તાં જ ગપ્પાં પણ મારી શકે. ત્યાં નાનું પુસ્તકાલય તથા પૂજા પણ હોઈ શકે. ચોક્કસ સંજોગોમાં તેને શયન-કક્ષમાં પણ બદલી શકાય. આમ, જે ક્રિયા આવાસમાં બીજે ક્યાંક થઈ શકે તે ફેમિલિ રૂમમાં તો થઈ જ શકે અને સાથે સાથે જે બીજે કશે ન થતું હોય તે પણ ફેમિલિ રૂમમાં થઈ શકે.

અને તેથી જ ફેમિલિ રૂમનું સ્થાન ઘરની મધ્યમાં બધાં જ રૂમોમાંથી સહેલાઈથી જઈ શકાય તેવું રખાય છે. સાથે સાથે તે સ્થાન અનૌપચારિક તથા કુટુંબ માટેનું પ્રમાણમાં અંગત સ્થાન હોવાથી ત્યાં ગોપનીયતા જળવાય તે જોવું પણ જરૂરી છે. વળી, ફેમિલિ રૂમ શાંત જગ્યાએ પણ હોવો જોઈએ. કુટુંબના સભ્યો નવરાશનો ઘણો સમય ત્યાં ગાળતા હોવાથી ત્યાંથી બહારનું સારું દૃશ્ય દેખાય તે ઈચ્છનીય ગણાય છે. વળી ફેમિલિ રૂમ વંરડા કે ઝરૂખાને અડીને આવેલો હોય તો તે આવી જગ્યામાં પણ જરૂરિયાત પ્રમાણે પ્રસરી શકે અને સમય આવ્યે જ્યારે બહારનું વાતાવરણ ખુશનુમા હોય ત્યારે જરૂરિયાત પ્રમાણે તે જે તે ખંડના પ્રસાર તરીકે પણ ઉપયોગી થાય. આમ, ફેમિલિ રૂમ ક્યાં હોવો જોઈએ તે જરૂરિયાત, અગ્રતાક્રમ તથા સંજોગો પ્રમાણે નિર્ધારિત થાય. સાંપ્રત સ્થાપત્યમાં ફેમિલિ રૂમ મોટે ભાગે પ્રથમ મજલા પર રખાય છે કારણ કે ત્યાં ગોપનીયતા વધુ જળવાય છે. વળી, પ્રથમ મજલા પર મોટા ભાગના શયનકક્ષ આવેલા હોવાથી ત્યાંથી ફેમિલિ રૂમ પણ સહેલાઈથી ઉપયોગમાં લઈ શકાય. જોકે ઘણીવાર ભોંયરામાં પણ રખાય છે. કારણ કે ત્યાં જગ્યાનો અભાવ નથી હોતો અને ત્યાં તાપમાન પણ અનુકૂળ સ્તરે જળવાઈ રહે છે. પણ ફેમિલિ રૂમ ભોંયતળિયે જ હોય તો તેનો મહત્તમ ઉપયોગ થઈ શકે.

ફેમિલિ રૂમ કાંતો અલાયદો હોઈ શકે અથવા દીવાનખંડ કે ભોજનખંડ સાથે સંકળાયેલો. જ્યારે ફેમિલિ રૂમ આવા બીજા ઓરડા સાથે સંકળાયેલો હોય ત્યારે તે બે ઓરડાને જરૂર પડે ત્યારે

અલગ કરવા બંન્ને વચ્ચે હંગામી આડાશ ઊભી કરી શકાય. ફેમિલિ રૂમ ઘણીવાર આવન-જાવનના માર્ગને સમાવતો પણ હોઈ શકે. જોકે તેવા સંજોગોમાં ફેમિલિ રૂમ વધુ અનૌપચારિક તથા ઓછો ગોપનીય બને. ફેમિલિ રૂમ આમ તો અનૌપચારિકતા હોવી જોઈએ અને તેવી ઔપચારિકતા તેની જે તે ઉપયોગિતા અનુસાર નક્કી થાય છે. જેમ કે ફેમિલિ રૂમમાં ટીવી જોવાનો હોય કે હળવો નાસ્તો કરવાની સગવડ હોય તો તે માટે જરૂરી ઉપકરણો તથા સવલતો હોવી જોઈએ. ફેમિલિ રૂમ આમ પણ કેટલીક નિર્ધારિત તથા કેટલીક અનિર્ધારિત જરૂરિયાત માટે હોવાથી તેની રચનામાં ઔપચારિક્તા સહિતની અનૌપચારિક્તા પણ રહેવાની.

સામાન્ય ઉપયોગિતા પ્રમાણે એક નાના કુટુંબ માટે ૧૨૦ થી ૧૫૦ ચો ફૂટ જેટલા ક્ષેત્રફળનો ફેમિલિ રૂમ ઇચ્છનીય ગણાય. પરંતુ ફેમિલિ રૂમનું ક્ષેત્રફળ તેની ઉપયોગિતા પ્રમાણે નિર્ધારિત કરાય છે અને જો તે અર્ધખુલ્લી કે ખુલ્લી જગ્યામાં ખૂલતો હોય તો તેનું ક્ષેત્રફળ ઓછું રાખી શકાય. વળી, કુટુંબના બધાં સભ્યો ભેગા મળ્યા હોય ત્યારે ફેમિલિ રૂમ ગીરદીવાળો ન લાગવો જોઈએ અને તે માટે તેના ક્ષેત્રફળ ઉપરાંત તેની ઊંચાઈ પણ મહત્ત્વની બને છે. સામાન્ય રીતે ફેમિલિ રૂમની ઊંચાઈ ઓછામાં ઓછી ૧૦ ફૂટ હોય તે ઇચ્છનીય છે.



ફેમિલિ રૂમનું ડેકોર ઘણીવાર દીવાનખંડ જેવું જ બનાવાય છે, જેથી તેનો ઉપયોગ ઉપ-દીવાનખંડ તરીકે પણ થઈ શકે.

ફેમિલિ રૂમનો ઉપયોગ કુટુંબની દરેક વ્યક્તિ- કે જેમની વ્યક્તિગત પસંદગી અલગ અલગ હોઈ શકે - કરવાની હોવાથી તેનું ડેકોર શાંત તથા સૌમ્ય રખાય છે, જેવી તે બધાંને અનુકૂળ આવે. ફેમિલિ રૂમનું ડેકોર તે જે રૂમ સાથે વધુ સંકળાયેલો હોય તે અનુસાર પણ કરાય છે. ફેમિલિ રૂમમાં કુદરતી હવા-ઉજાસ હોય અને દિવસભર તેમાં અનુકૂળ તાપમાન જળવાઈ રહે તે જરૂરી છે. દિવસના ઊંચા તાપમાન સમયે રક્ષણ મેળવવા જ્યારે આવાસના એકમાત્ર ઓરડાને વાતાનુકૂળ કરવાનો હોય ત્યારે પ્રથમ પસંદગી ફેમિલિ રૂમને અપાય છે, પરંતુ તે માટે ફેમિલિ રૂમ હવાબંધ રહી શકે તેવો હોવો જોઈએ. ફેમિલિ રૂમમાં કૃત્રિમ પ્રકાશની વ્યવસ્થા પણ નાટકીય નહીં પણ સામાન્ય સ્તરની ઇચ્છનીય ગણાય છે.

ફેમિલિ રૂમનું રાચરચીલું એવું હોવું જોઈએ કે જેથી તેની ઉપયોગિતામાં વિવિધતા શક્ય બને. કુટુંબની જુદી જુદી ઉંમરની વ્યક્તિઓ જુદા જુદા હેતુસર જુદા જુદા પ્રકારે તે સ્થાન તથા રાચરચીલોનો ઉપયોગ કરનાર હોવાથી આવું વૈવિધ્ય જરૂરી બને છે. અને તેથી જ ફેમિલિ રૂમમાં ઘણીવાર માત્ર ગાદલાં પાથરી દેવાય છે. ફેમિલિ રૂમમાં કયું રાચરચીલું સમાવવું તે તેની ઉપયોગિતા પ્રમાણે નિર્ધારિત કરાય છે. સામાન્ય રીતે ફેમિલિ રૂમમાં ટીવી કેબિનેટ, મ્યૂઝિક સિસ્ટમનું કબાટ, સોફા કે પલંગ, ટીપોઈ મેગેઝીન-છાપાનું કબાટ, પુસ્તકોનો થોડો વગેરે રખાય છે. ફેમિલિ રૂમ જો દીવાનખંડને સંલગ્ન હોય તો તેને અનૌપચારિક-ઉપદીવાનખંડ તરીકે પણ બનાવાય. તે ઉપરાંત ફેમિલિ રૂમમાં વધારાની કે વરસાદમાં બહાર લઈ જવાય તેવી પ્લાસ્ટિકની ખુરશીઓ પણ પડી રહે. ફેમિલિ રૂમનું રાચરચીલાંમાં ઔપચારિક્તાની માત્રા કુટુંબની પસંદગી પર અવલંબે છે. વળી, ફેમિલિ રૂમનાં રાચરચીલાંની ગોઠવણીમાં વૈવિધ્ય રહે તે વાત ફેમિલિ રૂમની રચનામાં સૌથી મહત્ત્વની ગણાય છે. દીવાલને નથી જડી દેવાતું. વળી, ફેમિલિ રૂમમાં રાચરચીલાંનો ઉપયોગ વિવિધરૂપે તથા વધુ થવાનો હોવાથી તેની મજબૂતાઈ તથા તેની માવજતમાં સરળતા રહે તે જરૂરી છે.

કુટુંબનાં સભ્યો વચ્ચેનો સંબંધ ઔપચારિક બને તે સમાજ માટે યોગ્ય નથી જ. પહેલાં ઘરની વ્યક્તિઓ ટીવી જોવાના બહાને પણ એક રૂમમાં એકત્રિત થતી, પરંતુ હવે તો ટીવી પણ બેડરૂમમાં ગોઠવાઈ ગયો છે. પરિણામે કુટુંબના સભ્યો વધુ ને વધુ અલગ થતાં જાય છે. આવા સંજોગોમાં સારી રીતે ડિઝાઈન કરેલો ફેમિલિ રૂમ

(અનુસંધાન પૃ. ૧૯૦ ઉપર)

હેમેન્દ્ર એ. શાહ

એપિસ

(APIS MELLIFICA)

એપિસ મેલિફિકા મધમાંથી અને તેના ડંખમાંથી બનાવેલું ઔષધ છે.

મધમાખીનો ડંખ વાગે ત્યારે જે શૂળ ઊપડે, ચટકા મારતો દુઃખાવો થાય તેવા પ્રકારના દરેક ચિહ્નમાં એપિસનો ઉપયોગ કરવો જોઈએ.

સોજા, થેથર, સોજાને લીધે ઢીમણું થયું હોય તેવું લાગે ત્યારે એપિસથી તે મટી જાય છે. મોંઢા ઉપર તથા શરીરના અન્ય ભાગ ઉપર ચટકા મારતા, શૂળ ભોંકાઈ હોય તેવા, ઝટકા મારતા દુઃખાવા માટે પણ એપિસ અત્યંત અસરકારક દવા છે.

પેશાબ થોડો થોડો થતો હોય, પેશાબ થતી વખતે બળતરા થતી હોય અને લોહી નીકળશે તેવું લાગતું હોય, આંખની પાંપણ સૂજેલી હોય, આંખ નીચે સોજો ફૂલીને કોથળી જેવો દેખાતો હોય, થેથર થયેલી હોય, આંખમાંથી ગરમ પાણી નીકળતું હોય તો એપિસ લેવાથી ઘણો ફાયદો થાય છે.

અદેખી, ઈર્ષ્યાળુ તથા બધાની ટીકા કરતી, સતત ફરિયાદ કરતી વ્યક્તિઓ માટે પણ એપિસ સારી દવા છે. ગળાના સોજાને લીધે અવાજ બેસી ગયો હોય, શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય, દિવસે ઊંઘનું ઘેન રહેતું હોય, બેચેની રહેતી હોય, અચાનક ભરઊંઘમાંથી આંચકા સાથે જાગી જવાતું હોય અને પછી જલદી ઊંઘ આવતી ન હોય તેવા સંજોગોમાં એપિસ સારી કામગીરી બજાવે છે.

મધપુડાની રાણી કુદરતના જીવ-જંતુ-પ્રાણીમાં સૌથી વધારે ઈર્ષ્યાળુ ગણાય છે. તેથી ઈર્ષ્યાથી સતત જલતી વ્યક્તિ માટે 'એપિસ' અતિ ઉપયોગી ઔષધ સાબિત થયેલું છે. તે ઉપરાંત જે વ્યક્તિ ગરમી સહન કરી શકતી નથી, ગુસ્સાવાળો તથા જેનો ડંખીલો સ્વભાવ છે, સતત બીજાની ટીકા અને ફરિયાદો કરતી હોય છે, આત્મવિશ્વાસના અભાવથી બીકનો મારી, કામમાં ભલીવાર લાવી શકતી નથી તથા વિચારશક્તિના અભાવને લીધે ડગુમગુ કામ કરે છે અને આખો વખત પોતાના પ્રશ્નો અને મુશ્કેલીઓનું વર્ણન કરી ચેં ચેં કરી મૂકે છે તેને એપિસ ખાસ આપવી જોઈએ.

આવી વ્યક્તિઓ માટે તથા જેને વારંવાર માનસિક થાક લાગે છે તેને માટે એપિસ ૩૦ પાવરની ત્રણથી પાંચ ગોળીનો એક ડોઝ દર ત્રીજે દિવસે આવવાથી (લગભગ પાંચ ડોઝનો કોર્સ કરવાથી) અત્યંત ફાયદો જોવા મળશે.

કામમાં રેઢિયાળ, નિરાશાજનક વિચારસરણી, ઢીલો, બીકણ, આખો દિવસ રોદણાં રોતો દર્દી પોતાને કરવાની કામગીરીમાં કદી સારી રીતે સફળ થતો નથી.

બાળકો હોય કે મોટા હોય, જેઓથી આકસ્મિક મધપુડો છંછેડાઈ જાય અને થોડી કે અસંખ્ય મધમાખીઓ કરડે અને ડંખનું શૂળ સખત ભોંકાતું હોય તેમ લાગે ત્યારે એપિસ અતિ ઉત્તમ દવા છે. ફક્ત-મધમાખી જ નહીં, પરંતુ કોઈ પણ જીવ-જંતુ કરડે ત્યારે એપિસ લેવી જોઈએ. આવા કરડવાના સંજોગોમાં એપિસ-૩૦ પાવરની ત્રણથી પાંચ ગોળીનો ડોઝ દર ૧૫-૨૦ મિનિટે લેવાથી ઝડપી ફાયદો થાય છે.

એપિસના દર્દીને ઘણી વાર તરસ જ લાગતી નથી. હાથમાંથી વસ્તુઓ અવારનવાર પડી જાય છે. તેને વારંવાર શ્વાસની રુંધામણ, જુદી જુદી શ્વાસની તકલીફ થાય છે. માનસિક થાક, કાર્ય કરવામાં રેઢિયાળપણું, સામાન્ય આત્મવિશ્વાસનો અભાવ, આખો વખત કકળાટ કરવાની ટેવ વગેરે જ્યારે અત્યંત વધી જાય છે, ત્યારે ગાંડપણની અસર હોય તેવું લાગે છે. તેઓને એપિસ તુર્ત જ આપવી જોઈએ.

નવજાત બાળકમાં પેશાબ રોકાઈને આવતો હોય, અથવા બિલકુલ પેશાબ બંધ થઈ ગયો હોય તેને માટે એપિસ શ્રેષ્ઠ દવા છે.

જે વ્યક્તિને બપોરે ત્રણ વાગ્યા પછી તાવ આવતો હોય, ઠંડા પાણીથી નાહવાથી સારું લાગતું હોય, ખુલ્લી હવામાં રાહત લાગતી હોય, તેઓને માટે પણ આ દવા સારી છે.

ઘણા હોમિયોપાથ નબળી યાદદાસ્ત માટે, ચામડી સફેદ થઈ જાય ત્યારે, છાતીમાં ચૂંથારો લાગતો હોય ત્યારે વાઢ-કાપની ખરાબ અસર દૂર કરવા, પગની બળતરા દૂર કરવા, આખા હાથનો સોજો દૂર કરવા માટે પણ એપિસનો સફળતાપૂર્વક ઉપયોગ કરે છે. □

અસ્તિત્વમય થવાની બે ઘટના

- બહાદુરભાઈ જ. વાંક

સાંજના ગુરુ બજુવા આશ્રમના બગીચામાં તેમના શિષ્યો સાથે આંટા મારી રહ્યા હતા. ત્યાં વૃક્ષ ઉપર કોયલ ટહુકી ઊઠી.

બજુવાએ એક શિષ્યને પૂછ્યું : 'તેં કોયલનો ટહુકો સાંભળ્યો?'

'હા, કેટલો મીઠો ટહુકો છે કોયલનો!' શિષ્યે કહ્યું.

એ જ વૃક્ષ ઉપર થોડીવાર પછી કાગડો કા...કા... કરવા લાગ્યો ને બજુવાએ બીજા શિષ્યને પૂછ્યું : 'હમણાં તેં કોનો અવાજ સાંભળ્યો?'

શિષ્યે જવાબ આપ્યો : 'કાગડાનો... બીજા વળી કોનો? પણ તમે આવા સરળ પ્રશ્નો કેમ પૂછો છો, એ અમને સમજાતું નથી.'

બજુવા બોલ્યા : 'આ પ્રશ્નો જેટલા સરળ છે એટલો એનો જવાબ સરળ નથી, એ તમને સમજાવવા માટે જ.'

બંને શિષ્યો એકીસાથે બોલી ઊઠ્યા : 'પણ આમાં વળી સમજવા જેવું શું છે?'

બજુવા : 'તમે બંને ખરેખર કશું જ સાંભળી શક્યા નથી, સાંભળ્યું છે છતાં...'

એટલે બંને શિષ્યોએ પોતાની દ્વિધા રજૂ કરી : 'આપે તો અમને પણ ગૂંચવણમાં નાખી દીધા. આખરે આપ શું કહેવા માગો છો? નહિ તો અમે બંનેએ એકધ્યાનથી કોયલને અને કાગડાને સાંભળ્યા છે.'

બજુવા : 'હા, તમે બંનેએ સાંભળ્યું છે જરૂર, પણ વિચારોથી, કાનથી નહીં. તમારા બંનેના કાન આડે તો વિચારોનો પડદો લટકી રહ્યો છે, જેની તમારામાંથી એકેને ખબર પડી શકી નથી, ને એટલે જ આ ગોટાળો...'

બંને શિષ્યોને થયું, ગુરુ કંઈક માર્મિક વાત કહેવા માગે છે, એટલે બંનેએ ચૂપકીદી પકડી લીધી.

ફરી ગુરુએ વિશેષ સ્પષ્ટતા કરી : 'જો તમે બંને કોયલ અને કાગડાને માત્ર કાનથી જ સમગ્ર રીતે સાંભળી શક્યા હોત તો આ બંનેના અવાજોનું દ્વૈત તમારી ચેતનામાં ઓગળીને એકી-સાથે તમારા વિચારો અને વાણી પણ નિઃશેષ થઈ જાત.'

શિષ્યોએ કહ્યું : અમે પણ આ બધું અમુક અંશે જાણીએ છીએ, પણ પ્રત્યક્ષ જીવનમાં તેનું અમલીકરણ કેમ કરી શકતા નથી, એ જ અમને સમજાતું નથી.'

'જ્યાં સમગ્ર અસ્તિત્વને બોલતાં સાંભળવાનું છે, ત્યાં તમે માત્ર કોયલ અને કાગડાને જ સાંભળી શકો છો એટલે!' મર્મમાં બજુવાએ જવાબ આપ્યો.

બીજા દિવસે સવારે ગુરુ બજુવાએ શિષ્યોના ધ્યાનની ચકાસણી કરવા માટે બગીચામાં ડાળીએ ખીલેલાં અને ડાળીએથી ખરી પડેલાં ફૂલો તરફ આંગળી ચીંધતા શિષ્યોને પૂછ્યું : 'તમે બંને સામે દેખાતાં ફૂલોને જોઈ શકો છો?'

ને બંને શિષ્યો બોલી ઊઠ્યાં : 'આમાં આપે નવું શું પૂછ્યું? ડાળી ઉપર ખીલેલાં ફૂલો છે, ને નીચે ખરી પડેલાં.''

બજુવાએ કહ્યું : 'ન તો તમે ખીલેલાં ફૂલોને જોઈ શક્યાં કે ન તો ખરી પડેલાં ફૂલોને..'

'પણ.અમે તો સગી આંખે જે જોઈએ છીએ, તે જ કહીએ છીએ.'

બજુવાએ મર્મમાં કહ્યું : 'તમે સગી આંખે નહીં, પણ પારકી આંખે જ જોયું છે. પારકી આંખ હંમેશાં ખંડોમાં - વિભાજનમાં જ જોતી હોય છે. એ રીતે અહીં પણ તમે બંને જોઈ શક્યા છો જરૂર, પણ એક જ ઘટનાના બે છેડાને.. પણ આ બે છેડાને જોડતી પ્રક્રિયાને જોવી એ જ તો છે મહત્તમ ઘટના... એ જ તો છે સાચું જોવું. એ જ તો છે સાચું દર્શન, જેને જોવાનું તો તમે ચૂકી જ ગયા! તમે ધ્યાનમાં પણ કેટલા છીછરા છો, તે બાબત પણ હું તમારામાં સ્પષ્ટ જોઈ શકું છું.'

'ધ્યાનને વળી આ જોવાની પ્રક્રિયા સાથે શું લાગેવળગે?' શિષ્યોએ પૂછ્યું.

'ધ્યાન પણ એકી સાથે જન્મ અને મૃત્યુની સૂક્ષ્મ પ્રક્રિયાને જોવાનો કીમિયો છે. ધ્યાનમાં તમે આ પ્રક્રિયાને જોઈ શકો તો કોઈ પણ વસ્તુ-બનાવ ઘટનાની પ્રક્રિયામાં ઊંડા ઊતરીને તેને પણ જોઈ શકો.' બજુવા

'આપે કહ્યું તેમ આ પ્રક્રિયાને જોવી એ જ તો સાચું દર્શન છે, તો અમારો છેલ્લો પ્રશ્ન છે - આખરે આ દર્શન શું છે, અને કોનું છે?' શિષ્યોએ પૂછ્યું.

'આ પ્રશ્નનો જવાબ તો દર્શન કરીને જ મેળવી શકાય. પ્રક્રિયાને તેના સાતત્યને તેના ક્ષણે ક્ષણે બદલાયે જતાં રૂપને શું ક્યારેય પણ વાણીમાં પકડી શકાય ખરું?'ને બજુવાએ મર્મમાં હસતાં હસતાં ઉમેર્યું: ''માટે જ કહ્યું છે. અહીં જોવા જેવું, દર્શન કરવા જેવું તો છે - 'કંઈ જ નહીં!'' □

એ ખમીર... એ ખુમારી!

આઝાદીના સંગ્રામના સમયમાં યુવાનોમાં અજબનું ખમીર, ગજબની ખુમારી જોવા મળતાં. એની પ્રેરણા ક્યાંથી મળતી હશે તેનું કુતૂહલ આજે કોઈને થાય... કદાચ! આ એક પ્રસંગ એ પ્રત્યે આંગળી ચીંધે છે...

'૪૨ની લડત પછીનાં વર્ષો. આઝાદી હજી આવી નથી. તે દરમિયાનમાં આંદોલન શમ્યું છે પણ તે બહાર ક્રિયાત્મક આવિષ્કાર પૂરતું. આક્રોશ-આવેશ-અકળામણ અંદર ઊતરી ગયાં છે - જ્વાળાઓ શમી છે, હોલવાઈ નથી. ભારેલો અગ્નિ ભડકી ઊઠવાનું નિમિત્ત શોધે છે... ત્યાં...

અહમદનગરના કિલ્લા-કારાગારમાંથી નેતાઓ મુક્ત થાય છે અને વળી પાછો વાતાવરણમાં વિદ્યુત્સંચાર થાય છે.

મુંબઈના ગોવાળિયા ટેન્કના મેદાનમાં - જ્યાંથી 'ક્વિટ ઇન્ડિયા'નો લોકાદેશ ગજર્યો હતો તે જ મેદાનમાં એ.આઈ.સી.સી. મળી રહી છે. લોકહૃદયમાં, ત્યારે, કૉંગ્રેસનું સ્થાન કોઈ ધર્મપંથથીય વધુ આદરણીય છે. તેના નેતાઓ તેમની ભાવનામૂર્તિઓ છે.

ને તેમાંય નેહરુ! એમના વ્યક્તિત્વનો કરિશ્મા! એમના થનગનતા 'યૌવન' - એ ઉંમરે પણ - ની તાઝગી! લોકહૃદયમાં ને તેમાંય વિશેષતઃ યુવાનોનાં હૃદયમાં તેમનું અનોખું સ્થાન છે. એમનો એ પ્રેરણસ્રોત છે.

એ.આઈ.સી.સી.ના સભામંડળમાં જવાહરલાલ નેહરુ દાખલ થાય ત્યારે ભીડને કારણે નેતાઓ માટે પાછલે માર્ગે લક્ષ્મીનારાયણ મંદિર અને ગોકળદાસ તેજપાલ બોર્ડિંગના આંગણામાં થઈને પ્રવેશવાની વ્યવસ્થા થઈ છે... એ માર્ગે નેહરુજી દાખલ થાય છે. બોર્ડિંગના આંગણના ઊંચા લેવલ પરથી સીડી દ્વારા નીચે ઊતરે છે. નીચે ઊંચા આંગણની દીવાલ અને મંડપ વચ્ચેના માર્ગ પર બન્ને બાજુ કૉંગ્રેસના ગણવેશ-શોભીતા સ્વયંસેવકો હારબંધ ઊભા છે. કોઈ નેતા દાખલ થતાં જ તેમનો નાયક આદેશ આપે છે અને સ્વયંસેવકો એકસાથે સલામી આપે છે. કોણીમાંથી વાળેલો હાથ છાતી પર મૂકીને અને મસ્તક ઝુકાવી-ઉઠાવીને...!

અને...

નેહરુ ઊભા રહી જાય છે... એમનો મિજાજ જાય છે - બરાડો પાડે છે, 'યે ક્યા કર રહેહો?' સોપો! સ્વયંસેવકોને અને ભીંત ઉપરથી જોનારને સમજાતું નથી કે શું થયું. નેહરુનો બીજો અવાજ 'કહાઁ હૈ - કોન.. કોન હૈ.. તુમ્હારા નાયક?' - અને નાયક આગળ આવી એ જ રીતે વંદન કરે છેઃ ત્યાં એનું નમતું મસ્તક નેહરુજી પકડી લે છે. જાણે લગભગ લાફો મારતા હોય તેમ હાથ પછાડે છેઃ 'યે ક્યા? યે સિખાતે હો હમારે જવાનો કો?' પણ ભૂલ શી થઈ? સૌ સ્તબ્ધ! - આવેશથી ધ્રૂજતા હોઠે નેહરુજી આગળ બોલે છે 'સર ઝુકાના સિખાતે હો!' ઓહ! હવે ઝબકારો થયો! પછી સૈનિકોને 'યાદ રખો યે સર ઝૂક સકતા હૈ અપને યે તિરંગા કે સામને.. યા તો ભગવાન કે સામને ઔર કિસી કે સામને નહીં! ઔર કિસી કે ભી સામને કભી સર મત ઝુકાવ!..'ને આવેશમાં, ઉતાવળતાં પગલાં ભરતા જવાહર મંચ પર ચાલ્યા જાય છે?

- એ જોનારા ને જાણનારા સૌને માટે એ સંચાર હતો ખમીરનો ને ખુમારીનો! જેના થોડાક ધીમા ધબકારા હજીય હશે એમાંના કેટલાકની નસોમાં!! કોઈને પજવતા હશે... પીડતાય હશે!!

પછી... પછી તો યુવાન પેઢીઓએ ભલભલા 'નેતા'ઓને પણ 'સર્વોચ્ચ'ના કૃપાળુ ચરણકમળોનાં દંડવત્ આળોટતા જોયા હશે.. તો તેમને ખમીર - ખુમારી ક્યાંથી? □

વિનોદ અધ્વર્યુ



છબીકાર હેમન્દ્ર શાહ

कलावार्ता



ગઢવાલ હિમાલય

એક છે છબીકાર. ઉંમર પૂરાં સાઠ વર્ષ. જન્મ પાંચમી માર્ચ ૧૯૩૬ના રોજ અમદાવાદમાં. તમે એમને મળો તો કલાકસબનો વ્યક્તિત્વમાં જરા સરખોય ભાર ન લાગે. આ છબીકાર તે હેમેન્દ્ર શાહ. અમદાવાદની 'શારદામંદિર' હાઈસ્કૂલમાં માધ્યમિક અભ્યાસ કરી એચ.એલ. કોમર્સ કૉલેજમાંથી ૧૯૫૭માં બી. કૉમ. થયા. આમ, વાણિજ્યના વિદ્યાર્થી, પણ કલા-વ્યાપારની સર્જકપ્રતિભા જન્મજાત. અમદાવાદમાં ૧૯૫૬થી '૬૧થી 'ફાયર ઍન્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપની'માં શાખા પ્રબંધક તરીકે સેવાઓ આપી. ૧૯૬૫થી ૧૯૮૪ સુધી વલ્લભવિદ્યાનગરમાં 'એલિકોન એન્જિનીઅરિંગ કંપની લિ.'માં જાહેરખબર વિભાગમાં વહીવટીય અધિકારી તરીકે સેવાઓ આપી. ત્યારબાદ તેઓ અમદાવાદમાં સ્થિર થયા અને છબીકલાની વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય બન્યા. ૧૯૪૭ થી ૧૯૫૧ દરમિયાન તેમના મોટાકાકા દેવચંદભાઈ અમરચંદભાઈ શાહ સાથે પૂણેમાં રહેવાનું બનતાં સ્વભાવની સચ્ચાઈપ્રેરક ઉગ્રતા ઘટી અને ઉદારતા સાથે અધ્યાત્મનો રંગ લાગ્યો. પરિણામે જૈન, સૂફી અને હિન્દુ ધર્મશાસ્ત્રોનો પરિચય થયો. આ ગાળા દરમિયાન

માતા અને શિશુ



મુક્તિ







↑ બારણે ટકોરા

· કાશ્મીરી વૃદ્ધજન



· માતૃપ્રેમ

પૂણેથી મૅટ્રિક થયા. ત્યાંની આર.સી.એમ. ગુજરાતી હાઈ સ્કૂલના શિક્ષકોનો પણ તેમના વ્યક્તિવિકાસ અને કલારુચિના ઘડતરમાં ફાળો રહ્યો. અમદાવાદમાં અઢી વર્ષ ચી.ન. વિદ્યાવિહારમાં કલાકાર રસિકલાલ પરીખની સન્નિધિમાં શોખના વિષય તરીકે ચિત્રકામ શીખ્યા. છગનલાલ જાદવના વર્ગો પણ ભર્યા. 'કુમાર'ના વાચને પણ કેળવ્યા. પણ એ કલાશોખ વિકાસ તો પામ્યો છબીકલામાં જ વિદ્યાર્થીકાળ દરમિયાન જે અંગ્રેજી ચલચિત્રો તેમણે જોયાં તેને પરિણામે એમની કલાભિવ્યક્તિ છબીકલા તરફ વળી. આ પૂર્વે રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ, પી.આર. નગરકર આદિ કલાકારોએ એમની કલાભૂખને તીવ્ર બનાવવા માંડી હતી. વિદ્યાર્થીકાળમાં પિતાજી ખિસ્સાખર્ચી માટે રૂ. ૧.૨૫ આપે તેમાંથી બચત કરી ફોટોગ્રાફીના શોખને પોષવામાં ખરચ કરે!

તેઓ પૂણેથી અમદાવાદ પાછા ફર્યા ત્યારે પિતાશ્રીના કોઈ દેવાદાર અને સુરેન્દ્રનગરના વતનીએ દેવા પેટે કેમેરા આપ્યો અને ચડ્યો ફોટોગ્રાફીનો કેફ. આ ધમણવાળા આગ્ફા

આઈસોલેટ કેમેરાથી ૪-૫ વર્ષ કામ કર્યું અને કસબ કેળવાતો ગયો. માનવ-ઊર્મિઓને કેન્દ્રિત કરતા ફોટોગ્રાફ લેવા તરફ તેમનો પક્ષપાત રહ્યો અને એમાં પકવતા આવતી ગઈ. શૂટિંગ પણ ચાલુ કર્યું. એમના પહેલા જ રોલને આગ્ફા ગૅલરિનો ઍવૉર્ડ મળ્યો રૂપિયા ૬૫૦. આ રકમમાં રૂ. ૩૦૦ ઉમેરી ૧૯૫૬માં રોલિફ્લેક્સ લીધો.

એ વર્ષે પ્રસિદ્ધ છબીકાર પ્રાણલાલ પટેલ પરદેશ ફોટોગ્રાફ મોકલતા હતા તેમાં એક છબી હેમેન્દ્ર શાહે પણ મોકલી, અને એ છબી તે 'બારણે ટકોરા,' જેને પારિતોષિક પ્રાપ્ત થયું. ૧૯૬૨માં અમદાવાદમાં પાલડી ખાતે સંસ્કાર કેન્દ્રમાં એમની તસવીરોનો વન મેન શો યોજાયો. કદાચ આ પ્રકારનો એ પ્રથમ શો હતો. ત્યાર પછી તો ઉત્તરોત્તર એમની કલા વિકસતી રહી છે. ચાળીસેક વર્ષથી વધુ સમયથી સર્જનાત્મક ફોટોગ્રાફી, ફોટો-જર્નાલિઝમ અને ઔદ્યોગિક ફોટોગ્રાફીમાં થઈને એમણે લાખેક જેટલા ફોટોગ્રાફ તૈયાર કર્યા છે! નાનાંમોટાં થઈને બસો જેટલાં પારિતોષિકો પ્રાપ્ત કર્યાં છે. વીસેક જેટલા વિવિધ વિષયો પરના એમના સોએક જેટલા સ્લાઈડ શો યોજાયા છે.




રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડી પાસેથી ડિઝાઈનિંગનો ડીઓવીપી એવોર્ડ સ્વીકારતા

૧૯૬૪માં રશિયાના નિમંત્રણથી ત્યાં ગયેલા અને ત્યાં એમનું સન્માન થયેલું.

ફોટોગ્રાફીના વિવિધ વિષયોને આવરી લેતા લેતા તે વન્ય પશુપક્ષીઓની ફોટોગ્રાફી તરફ વળ્યા. એ દિશામાં પણ એમણે સોદ્યમ અને સ-સાહસ કામ કર્યું છે. પ્રાણીઓ-પક્ષીઓની કેટલીક વિશિષ્ટ મુદ્રાઓ અને મિજાજને તેમજ અસાધારણ ક્ષણોને કચકડામાં કંડારી છે. જાણ એ કે છે કચકડામાં કંડારેલાં ઊર્મિકાવ્યો!

એમનો આ રસ એમને અનેક સંસ્થાઓની સ્થાપના અને સક્રિયતા તરફ દોરી ગયો છે. ગુજરાત લલિતકલા અકાદમીના એ સભ્ય રહી ચૂક્યા છે.

વાનરસેના



'નિહારિકા'ના સંયુક્ત માનદ્ મંત્રી અને માનદ્ લાઈબ્રેરિઅન રહી ચૂક્યા છે. દિલ્હીની 'સોસાયટી ઑફ નેચર ફોટોગ્રાફર્સ'ના તેઓ આજીવન સભ્ય છે અને પશ્ચિમ વિભાગના ભૂતપૂર્વ કાઉન્સિલર. 'કૅમેરા પિક્ટોરિઆલિસ્ટ ઑફ બરોડા'ના તેમજ 'વિદ્યાનગર કૅમેરા ક્લબ'ના તેઓ સ્થાપક સભ્ય અને ભૂતપૂર્વ પ્રમુખ હતા. કલા વિશે તેઓ માને છે કે તે સ્વયંભૂ હોવી તો જોઈએ, પણ એમાં કલાકારનો કલાપુરુષાર્થ પણ ભળવો જોઈએ. નિજાનંદ ખાતર કલાવ્યાપાર પ્રયોજવો જોઈએ એવી એમની દૃઢ માન્યતા છે.

એમની છબીઓ, પછી એ ઘેરાશ્યામ હોય કે રંગીન, એના રચનાવિધાનથી, એના વિષયનાવીન્યથી, એમાંની ઊર્મિથી છલકતી અસાધરણ ક્ષણોથી, તેજતિમિરના સમુચિત વિરોધ અને સંમિશ્રણથી ધ્યાનાકર્ષક બને છે. અહીં રજૂ થયેલી એમની કેટલીક તસવીરો અને આ અંકના પહેલા અને બીજા પૂઠા પર મૂકવામાં આવેલી રંગીન તસવીરો આ વાતની ગવાહી પૂરે છે.

ફોટોગ્રાફી ઉપરાંત એઓ સામાજિક સેવાકાર્ય તરીકે હોમિયોપથીની સારવાર પણ આપે છે. 'હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર' નામની એમની લેખમાળાથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. - **ધીરુ પરીખ**

કુંભાઘટી

શ્રીમતી શેનન લ્યુસિડ



શેનન લ્યુસિડ નામનાં અમેરિકન મહિલા ગયા માર્ચ મહિનાની ૨૨મી તારીખથી 'મીર' નામના રશિયન અવકાશયાનમાં અવકાશમાં ફરી રહ્યાં છે. ૨૨મી ઑગસ્ટ ૧૯૯૬ના દિને એમનું અવકાશયાન પૃથ્વી ઉપર ઊતરવાનું હતું પરન્તુ યાનમાં કંઈક ખામી જણાતાં એ યાન હવે એક મહિનો મોડું પૃથ્વી ઉપર ઊતરશે. પૃથ્વી ઉપરથી 'એટલાંટીસ' નામનું અમેરિકન સ્પેસ શટલ, પૂરતા ઇંધણથી સજ્જ કરીને, મીર યાનની મદદે મોકલવામાં આવ્યું છે.

શ્રીમતી શેનન લ્યુસિડ અવકાશમાં જનારાં બીજાં અમેરિકન મહિલા છે. અવકાશમાં લાંબો સમય રહેનારાં પહેલાં મહિલા યાત્રી છે. તા. ૧૯-૮-૯૬ના દિને એક ફ્રેન્ચ મહિલા એમનાં સહયાત્રીઓ સાથે ક્ષેમકુશળ પૃથ્વી ઉપર ઊતર્યાં છે. શ્રીમતી શેનન લ્યુસિડનો જન્મ ૧૪મી જાન્યુઆરી ૧૯૪૩ના દિને શાંઘાઈ-(ચીન)માં થયો હતો. એમનું મૂળ વતન અમેરિકામાં, બેથની (ઓકલોહોમા) છે. એમનાં માતાપિતા શ્રી અને શ્રીમતી જોસફ ઓ. વેલ્સ બેથનીમાં રહે છે.

શ્રીમતી શેનન લ્યુસિડ ૫૩ વર્ષનાં છે. એ બેથની હાઈસ્કૂલમાં ભણ્યાં છે, અને ઓકલોહામા યુનિવર્સિટીમાંથી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી છે. બાયોકેમિસ્ટ્રીમાં આ ડિગ્રી એમણે ૧૯૭૦-૭૩માં મેળવી શેલ ઓઈલ મૅનેજર શ્રી માઈકલ એફ. લ્યુસિડને એ પરણ્યાં છે. એમને ત્રણ સંતાનો છે : બે પુત્ર અને એક પુત્રી. હાલમાં શ્રીમતી શેનન, કૉમર્શિયલ, ઈન્સ્ટ્રુમેન્ટ અને મલ્ટી એન્જિન પાલયોટ છે. અમેરિકન અવકાશયાત્રીને એસ્ટ્રોનોટ કહેવામાં આવે છે અને રશિયન અવકાશયાત્રીને કોસ્મોનોટ કહેવામાં આવે છે.

શ્રીમતી શેનને એસ્ટ્રોનોટ બનવા માટે સઘન તાલીમ લીધી છે. જાન્યુઆરી ૧૯૭૮માં એમને એસ્ટ્રોનોટ માટે પસંદ કરવામાં આવ્યાં. ૧૯૭૯માં એમણે એસ્ટ્રોનોટ માટેની લાયકાત મેળવી.

જૂન ૧૯૮૫માં એ કેનેડી સ્પેસ સેન્ટર ફલોરિડાથી પહેલી વાર અવકાશયાત્રી બન્યાં. એ સમયે એ પૃથ્વીની આસપાસ ૧૧૨ વાર ૧૬૯ કલાક અને ૩૯ સેકન્ડ્સમાં ફર્યાં હતાં. ૧૯૮૫ જૂન ૨૪મીએ, એ, કેલિફોર્નિયાના એડવર્ડ એરફોર્સ બેઈઝ પર પાછાં ફર્યાં હતાં.

બીજી વાર એ કેનેડી સ્પેસ સ્ટેશનથી ૧૮ ઑક્ટોબર ૧૯૮૯માં ગયાં હતાં અને ૨૩ ઑક્ટોબર ૧૯૮૯ પાછાં ફર્યાં હતાં.

ત્રીજી વાર ૨જી ઑગસ્ટ ૧૯૯૧માં ૯ દિવસની યાત્રા કરી.

ચોથી વાર હમણાં જ ૧૮ ઑક્ટોબર ૧૯૯૩માં ગયાં હતાં અને પહેલી નવેમ્બર ૧૯૯૩માં પાછાં ફર્યાં હતાં.

થોડા સમયથી જ રશિયા અને અમેરિકાના સંયુક્ત ઉપક્રમે શરૂ કરેલા 'મીર' નામના સ્પેસ સ્ટેશન પરથી 'મીર' યાનમાં અવકાશમાં જનારાં એ બીજાં અમેરિકન યાત્રી બન્યાં છે. એમની સાથે બે બીજા અવકાશયાત્રીઓ છે, જે રશિયન છે. એમનાં નામ છે યુરી ઓનુફ્રિન્કો (onufrienco) અને યુરી ઉસાચેવ (Usachev). રશિયાના સ્ટારસિટીમાં આ મીર સ્પેસ સેન્ટર આવેલું છે. શ્રીમતી શેનને ૧૯૮૫થી આ સ્ટારસીટીના સ્પેસ સેન્ટરમાં તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ દરમ્યાન એમને રશિયા જ રહેવું પડ્યું હતું. એમના પતિ અને બાળકો અવારનવાર એમને મળવા જતાં હતાં. આ રીતે એમને એમના કુટુંબનો પૂરેપૂરો સહકાર મળતો હતો.

રશિયાના 'મીર' અવકાશયાનમાં ૨૨મી માર્ચ ૧૯૯૬ના દિને શ્રીમતી શેનને એમના બે અવકાશયાત્રી સાથે અવકાશ પ્રતિ પ્રયાણ કર્યું હતું. ૨૨મી ઓગસ્ટ ૧૯૯૬ના દિને આ યાન પાછું પૃથ્વી પર આવવાનું હતું, પરન્તુ યાનમાં કંઈક ખામી આવતાં હવે એ એક મહિનો મોડું ઊતરશે.

એમને પૂછવામાં આવ્યું કે, 'નિયત સમય કરતાં વધારે સમય અવકાશમાં રહેવાનું થયું છે તો તમે નિરાશ તો નથી થઈ ગયાં ને ?' એમણે કહ્યું : 'અમે તો અમારા રોજના ક્રમ પ્રમાણે કાર્ય કરતાં રહીએ છીએ. એટલે કંટાળો તો નથી આવતો પણ અલબત્ત, મારા પતિ અને બાળકોની યાદ જરૂર આવે છે. મારી પુત્રીએ મને ચાર્લ્સ ડિકન્સની ચોપડી 'બ્લીક હાઉસ' સાથે વાંચવા માટે આપી છે. વળી, ખાવાનું પણ પુષ્કળ છે. એટલે અહીં બીજી કોઈ પણ જાતની મુશ્કેલી નથી. આ પહેલાં ડો. નાર્મન થેગાર્ડ અવકાશયાનમાં ગયા હતા, ત્યારે ખાવાનું ખૂટી ગયું હતું, ચોપડીઓ પણ ખાસ હતી નહીં એટલે એ ખૂબ થાકી ગયા હતા. વજન પણ ઊતરી ગયું હતું.

હું તો અવારનવાર વિડિયો કૉન્ફરન્સથી મારા પતિ અને બાળકો સાથે વાત કરું છું. ખરું કહું તો લગભગ રોજ એક વાર તો વાત થાય જ છે.'

અવકાશયાનમાંથી પૃથ્વીને જોઈને

શ્રીમતી શેનન કહે છે : 'મને હતું કે મેં દુનિયા ખૂબ જોઈ છે, ખૂબ ફરી છું પણ હવે મને એમ થાય છે કે મારે તો હજી ઘણું જોવાનું બાકી છે.' એમના પતિ કહે છે કે એમની બધી રજાઓ રશિયા જવામાં પૂરી થઈ ગઈ છે, એટલે એ તો ક્યાંય ફરવા જઈ શકશે નહીં. શેનનની રજા ખૂબ ભેગી થઈ છે એટલે એ જઈ શકશે. પરન્તુ એને માટે અહીં પૃથ્વી પર ઘરમાં અને બાગમાં ઢગલાબંધ કામ ભેગું થઈ ગયું છે. એ પહેલાં પૂરું કરવું પડશે.

શ્રીમતી શેનન કહે છે : 'અવકાશમાં વધારે સમય રહેવાનો મને આનંદ છે, પણ મારાં બે બાળકોની વર્ષગાંઠ વખતે હું પાછી પૃથ્વી પર પહોંચી જઈશ, એમ મને હતું અને હવે હું નહીં પહોંચી શકું એનો મને રંજ પણ છે.'

હવેના કાર્યક્રમ પ્રમાણે શ્રીમતી શેનન ૨૨મી સપ્ટેમ્બર ૧૯૯૬ના દિને મીર યાનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે અને પોતાના કુટુંબને મળશે એ દિવસની રાહ જોઈ રહ્યાં છે.

મહત્ત્વાકાંક્ષી મહિલાઓ માટે શ્રીમતી શેનનની શિખામણ

૧. કોઈ પણ કાર્યની સફળતા માટે કુટુમ્બીજનોનો સહકાર.
૨. તમારી લાયકાત કેળવો અને પછી ઝંપલાવો.
૩. કોઈ પણ કાર્ય કરવામાં તમે પહેલાં હશો તો ટીકાઓ તો થશે જ. એનાથી ગભરાવું નહીં, એનાથી દૂર રહો. તમારું કાર્ય કુશળતાથી કરો. પછીથી એ લોકો જ તમારી કદર કરશે.
૪. અવકાશયાત્રામાં જ જોખમ છે એવું જ નહીં - કોઈ પણ નવું કામ કરશો તો એમાં જોખમ તો છે જ એનો કુશળતા અને હિંમતથી સામનો કરવો.
૫. જીવન જીવવામાં પણ જોખમ તો છે જ ને ? - **તરલિકા આચાર્ય**

(આ લેખ ઉક્ત પ્રસંગ ટાણે લખાયો હતો.)

અનુસંધાન] **પસ્તીનાં પાનાં** [પૃ. ૧૯૧થી

વહેલી સવારે લગભગ પોણા ત્રણ વાગે કામ કરતું થઈ ગયું એવા સમાચાર આજે સવારે છાપાંમાં વાંચ્યા. આ સમાચારનો અર્થ શું ? તે સમજવાનો પ્રયત્ન કરીએ. પરમાણુનું વિભાજન કરીને શક્તિ મેળવવાનો પ્રયોગશાળામાં જે પ્રયોગ ગોઠવાય તેને રિસર્ચ-રિઍક્ટર કહે છે. 'ધ્રુવ' આવું રિસર્ચ રિઍક્ટર છે. એક વાર આપણા કાબૂ નીચે પરમાણુનું વિભાજન સફળતાથી સતત થતું રહે તેવો પ્રયોગ ગોઠવી શકીએ તો પછી બીજું પગલું આવો પ્રયોગ મોટા પાયા પર યોજી, વિભાજન ગોઠવી તેમાંથી મળતી શક્તિથી વીજળી ઉત્પન્ન કરી શકાય. ડૉ. હોમી ભાભાની રાહબરી નીચે આજથી ૩૦ વર્ષ પહેલાં આવું પડેલું પરમાણુ રિએક્ટર 'અપ્સરા' તૈયાર થયું. પછી તો 'ઝર્લિના', 'સાયરસ', 'પૂર્ણિમા-૧', 'પૂર્ણિમા-૨' અને હવે 'ધ્રુવ' એમ વધુ ને વધુ શક્તિશાળી પ્રયોગો ગોઠવાતા ગયા.

પદાર્થના પરમાણુના બે ભાગ હોય છે. કેન્દ્રમાં નાભિ હોય અને નાભિ આસપાસ ઇલેક્ટ્રોન ફરતા હોય. નાભિમાં પ્રોટોન અને ન્યૂટ્રોન ઠાંસીને ભરેલા હોય છે. આમાંથી એકાદ બે ન્યૂટ્રોન છૂટાં પડી નાભિમાંથી નીકળી આવે એટલે પરમાણુનું વિભાજન થયું એમ કહેવાય. અને નાભિમાં ન્યૂટ્રોનને જકડી રાખતું જે બળ છે તે ન્યૂટ્રોન છૂટાં પડતાં શક્તિમાં પરિણમે અને આમ આપણને શક્તિ મળે છે. કોઈ પણ પરમાણુ રિઍક્ટરની શક્તિ તે કેટલા ન્યૂટ્રોન હરતાંફરતાં કરી શકે છે તે ઉપરથી મપાય છે. ગઈ કાલે ચાલુ થયેલું ધ્રુવ રિઍક્ટર એક સેકન્ડના ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (દસ હજાર અબજ અંગ્રેજીમાં એક ટ્રિલિયન) ન્યૂટ્રોનનો પ્રવાહ સર્જી શકે છે.

આટલા બધા ન્યૂટ્રોન પ્રવાહનું કરવું છે શું ? તેનો ઉપયોગ થોરિઅમ અને યુરેનિઅમમાંથી પ્લુટોનિઅમ બનાવવાનો છે. હવે પછીનું મદ્રાસ પાસે જે નવું પરમાણુ રિઍક્ટર થવાનું છે તેમાં 'બળતણ' તરીકે આ પ્લુટોનિયમ વપરાશે. પ્લુટોનિઅમ બજારમાં વેચાતું મળતું નથી. આંતરરાષ્ટ્રિય બજારમાંથી ખરીદો તો તેના ઉપર કેટલાક આંતરરાષ્ટ્રિય પ્રતિબંધો લાગે. કારણ કે એટમ બૉમ્બ બનાવવામાં પ્લુટોનિઅમ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. ૪૦ વર્ષ પહેલાં હિરોશીમા અને નાગાસાકી ઉપર અણુબૉમ્બ ફેંકાયા તેમાંનો નાગાસાકી ઉપર ફેંકાયેલો બૉમ્બ પ્લુટોનિયમ બૉમ્બ હતો. પાકિસ્તાનને પરમાણુ બૉમ્બ બનાવવા માટે પ્લુટોનિઅમ ચોરીછૂપીથી દાણચોરની જેમ ભેગું કરવું પડે છે.

હવે આજ સવારના સમાચારની વિશેષતા સમજાશે. (૧) પાકિસ્તાન અણુ બૉમ્બ બનાવશે તો ભારત તે પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર છે તેમ કાલે જ પાર્લમેન્ટમાં સરકારે જાહેર કર્યું. (૨) ધ્રુવ રિઍક્ટર ચાલુ થયું તે સમાચારમાં લખ્યું છે - 'આ રિઍક્ટરમાં પ્લુટોનિઅમ તૈયાર થશે. આ સઘળી પ્રક્રિયા ભારતીય વિજ્ઞાનીઓ અને એન્જિનીઅરોએ પાર પાડી છે. તેથી તેમાં તૈયાર થતા પ્લુટોનિયમ ઉપર આંતરરાષ્ટ્રિય એટોમિક એનર્જી એજન્સીના પ્રતિબંધો લાગુ નહિ પડે.' (૩) ધ્રુવ રિઍક્ટર ચાલુ થતાં વડાપ્રધાને તો વિજ્ઞાનીઓ અભિનંદન મોકલ્યાં, પણ પ્રધાનોમાં વિજ્ઞાન-ટેક્નોલૉજીના પ્રદાને નહિ પણ લશ્કરખાતાંના સંરક્ષણ પ્રધાને અભિનંદન મોકલ્યાં - જરા વિચાર કરીએ તો આ બધાંનો એક જ અર્થ : ભારત માટે પરમાણુ બૉમ્બ બનાવવો રમતવાત છે !! □

સાહિત્યસંપર્ક



મંઘારામ મલકાણીની જન્મશતાબ્દી

સાંપ્રત સિંધી સાહિત્યમાં સ્થિર થઈ ગયેલા, તેમાંયે વિશેષતઃ મુંબઈ-ઉલ્હાસનગરના સિંધી લેખકો તેમના પ્રોત્સાહક પ્રેરણામૂર્તિ સ્વ. પ્રોફેસર મંઘારામ મલકાણીના ઋણી રહ્યા છે. વિભાજન બાદ વિશૃંખલિત બની ગયેલા સિંધીઓને પોતાની માતૃભાષાની સાથે સાંકળી રાખવા, સાહિત્ય થકી તેની સંસ્કૃતિની માવજત માટે તેમને એક મંચ પર લાવવા માટેના તે પ્રાસંગિક પ્રયાસ કરનાર પ્રોત્સાહક પ્રેરણામૂર્તિઓમાંના એક હતા પ્રો. મંઘારામ મલકાણી.

વિભાજન પછી તેમણે મુંબઈમાં સિંધી સાહિત્ય મંડળની સ્થાપના કરી હતી, તે થકી દર અઠવાડિયે સાહિત્યકારો એક મંચ પર મળવા લાગ્યા. ચર્ચાવિચારણાઓ થતી, ભાષા-સાહિત્યના સંરક્ષણ અને સંવર્ધનના ઉપાયો વિચારતા, કૃતિઓનું વાચન થતું. તેની સમીક્ષા - વિવેચન થતું, કૃતિને મઠારીને તેમાં પ્રાણ પુરાતા, મુંબઈ - થાણા - મુલુંદ, ચેમ્બુર, શિવ ઉલ્હાસનગરમાં વસતા સાહિત્યના-શોખીનો અને નવોદિત લેખકો આવતા. પરિણામે ઉપરાઉપરી સિંધી સામયિકોનું પ્રકાશન થવા લાગ્યું. મુંબઈની બહાર રહેતા સિંધી સાહિત્યકારો તે બેઠકોની ખાસ મુલાકાતો લેવા લાગ્યા. અન્ય નગરોમાં પણ તે પ્રકારનાં સાહિત્યિક મંડળોની સ્થાપના થવા લાગી.

પ્રો. મલકાણી નવોદિતોને ખાસ પ્રોત્સાહન આપતા, તેમની ક્ષતિઓ સુધારતા, સૂચનો કરતા, પોતે સતત લખીને જગતને જાગૃત રાખતા. તેઓ નાટ્યકાર હતા, રંગમંચ અને સિને જગતના કલાકાર હતા, કવિ અને નિબંધકાર હતા, વિવેચક અને સંશોધક હતા.

મંઘારામનો જન્મ તા. ૨૪ ડિસેમ્બર ૧૮૯૬ના રોજ હૈદરાબાદ-સિંધમાં થયો હતો. પિતા ઉધારામ જમીનદાર હતા. કુટુંબ આખું શિક્ષિત હતું.

મંઘારામને નાનપણથી જ વાચનનો શોખ હતો. અંગ્રેજી અને સિંધી સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો હતો. ક્રિકેટ અને ટેનિસની સાથે અભિનયનો પણ શોખ હતો. તેથી શાળા-કૉલેજનાં નાટકોમાં ભાગ લેવા લાગ્યા હતા.

બી.એ. થઈને તેઓ કરાચીની ડી. જે. સિંધ કોલેજમાં પ્રોફેસર બન્યા. ૧૯૨૪થી તેમણે સાહિત્યમાં પ્રવેશ કર્યો. ૧૯૩૦ સુધી છ વર્ષ લગી તેમણે અંગ્રેજી સાહિત્યની ચુનંદી કૃતિનો સિંધીમાં અનુવાદ કર્યો. બાદ તેમણે મૌલિક રચનાઓ કરી. ૧૯૩૦માં તેમણે 'ખન જી ખતા' (ક્ષણની ખતા) નામે નાટક લખ્યું, જેને વર્ષના શ્રેષ્ઠ નાટકનું ઇનામ મળ્યું. ત્યાર બાદ ઐતિહાસિક પાત્રો લઈને 'અનારકલી' નાટક લખ્યું. તેમણે લખેલાં એકાંકીઓના સાત સંગ્રહો પ્રકટ થયા. તેમનાં નાટકો અને બહુધા એકાંકીઓના વિષયો સામાજિક હતા. આદર્શોન્મુખ તેમની એકાંકીઓ દ્વારા તેમણે સામાજિક બદીઓ છતી કરીને ક્યારેક વ્યંગ્ય કે હાસ્ય દ્વારા પ્રેરક સંદેશાઓ આપ્યા હતા.

અભિનયનો શોખ હોવાના કારણે કોલેજની ડ્રામેટિક સોસાયટી દ્વારા ભજવાયેલાં નાટકોમાં તેમણે ભાગ લીધો હતો. તે દિવસોમાં સ્ત્રી-પાત્રો પણ પુરુષોએ ભજવવાં પડતાં. મંઘારામ નમણો, રૂપાળો અને આકર્ષક ચહેરો ધરાવતા હતા. 'નેકીબંધી' નાટકમાં તેમણે નાયિકાનું પાત્ર ભજવ્યું હતું.

મંઘારામ, રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યથી ખૂબ પ્રભાવિત થયા હતા. ૧૯૨૩માં તેમણે ખાનચંદ દર્યાણીની સાથે 'રવીન્દ્રનાથ ડ્રામેટિક ક્લબ'ની રચના કરી હતી. આ ક્લબ દ્વારા રવીન્દ્રનાથનું નાટક ભજવવું અને તેમાં તેમને ખાસ નિમંત્રણ આપીને બોલાવવા તેવું નક્કી કરાવ્યું હતું. રવીન્દ્રનાથ તેમનું નિમંત્રણ સ્વીકારીને કરાચી ગયા હતા. કવિવર ટાગોરની ઉપસ્થિતિમાં જ તેમનું નાટક 'ચિત્રા' સિંધીમાં ભજવાયું હતું. તે નાટકમાં તેમણે અર્જુનનું પાત્ર ભજવ્યું હતું.

મંઘારામે સિનેજગતમાં પણ ઝંપલાવ્યું હતું. ૧૯૩૩માં 'ઇન્સાન યા શેતાન' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. મંઘારામે નાટકોમાં પ્રયોગો પણ કર્યા હતા. તે દિવસોમાં નાટકો લાંબા સમય સુધી ચાલતાં, પંચઅંકી નાટકો ભજવાતાં હતાં. તેમણે ત્રિઅંકી-દ્વિઅંકી નાટકો ભજવીને રંગમંચને વળાંક આપ્યો હતો.

૧૯૪૧થી તેમણે નિબંધો તથા વિવેચનો લખવાનું શરૂ કર્યું. સાહિત્યના સિદ્ધાંતો પર આધારિત તેમની સમીક્ષાઓએ પણ નવી ભાત પાડી. કોઈ પણ સાહિત્યિક કૃતિની તેઓ આકરી ટીકા પણ કરી લેતા તો તેના ગુણોને પણ ઉપસાવતા.

વિભાજન પછી તેઓ મુંબઈમાં

સ્થિર થયા અને જયહિન્દ કૉલેજમાં અંગ્રેજીના હેડ ઑફ ડિપાર્ટમેન્ટ પદે રહ્યા. એ દરમ્યાન તેમણે અઠવાડિક સાહિત્ય-મિલનની પ્રવૃત્તિઓ આરંભી ને સિંધી ભાષા-સાહિત્યને વિશૃંખલિત બનતા અટકાવવાની સાથે સાહિત્યકારોને પ્રેરણા-પ્રોત્સાહન આપીને સંગઠિત કર્યા. તેના પરિણામે જ અખિલ ભારત સિંધી બોલી સાહિત્ય સભા નામે એક કેન્દ્રીય સાહિત્યિક સંસ્થાની રચના થઈ. તેના થકી દર વરસે સિંધી સાહિત્ય-સંમેલનો યોજાયાં. ભાષાની સ્વીકૃતિ માટે આંદોલનનો એક મંચ ખડો થઈ શક્યો. ૧૯૫૬માં દિલ્હી ખાતે એશિયન સાહિત્ય સંમેલન - યોજાયું હતું. તેમાં ભાગ લઈને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદને સિંધી ભાષાની સ્વીકૃતિ માટે અનુરોધ પણ કર્યો હતો. ૧૯૬૨માં કૉલેજમાંથી નિવૃત્ત થયા બાદ તેઓ કલકત્તા જઈને વસ્યા હતા. કલકત્તામાં સિંધી લોકો તો ઘણા હતા પરંતુ ત્યાં સાહિત્યિક પ્રવૃત્તિઓ નહોતી. તેમના આગમનથી કલકત્તામાં પણ સિંધી ભાષા માટેની જાગૃતિ ઉદ્‌ભવી, રંગમંચ પર સિંધી નાટકો ભજવાયાં. યુથ ઍસોસિયેશનનું નિર્માણ થયું. મુંબઈના 'કુંજ' સામયિકે તેમનો અભિવાદન ગ્રંથ, પ્રગટ કર્યો હતો.

૧૯૬૮માં તેમણે 'સિંધી નસુરજી તારીખ' (સિંધી ગદ્યનો ઇતિહાસ) નામે ગ્રંથ પ્રગટ કર્યો હતો. તેમાં તેમણે ૧૯૪૭ના વિભાજન સુધી સિંધી ગદ્ય સાહિત્યની પ્રગતિ અને પ્રવૃત્તિઓનો સવિસ્તાર સનદી અહેવાલ સંગૃહીત કર્યો. સિંધી ટૂંકી વાર્તા, નવલકથા, નિબંધ, જીવનચરિત્ર તથા વિવેચનોનો ઇતિહાસ આપવાની સાથે સમગ્ર કૃતિઓનો અહેવાલ પણ આપ્યો હતો. આ ગ્રંથ ઉપર તેમને ૧૯૬૯માં ભારતીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક એનાયત થયું હતું. અકાદમીએ તેમને ફેલો તરીકે પણ બિરદાવ્યા હતા. તેવી જ રીતે ૧૯૮૦માં તેમણે 'ભારતમાં રચિત સિંધી સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ગ્રંથ પ્રગટ કર્યો હતો.

૧૯૭૫માં વૃદ્ધાવસ્થાએ તેમણે 'જીવાનીઅ જા જજબા એ પીરીએ જૂં યાદૂં' નામે કાવ્યસંગ્રહ આપ્યો (વૃદ્ધાવસ્થાએ યુવાન ઊર્મિઓની સ્મૃતિઓ). કવિતામાં તેઓ પ્રકૃતિની સુંદરતાના ઉપાસક બની રહ્યા છે. તેમના અંતર્મનના સૂક્ષ્મ ભાવો કવિતા થકી પ્રગટ થયા છે. નારીને તેઓ પ્રવૃત્તિની સર્વોત્તમ સુંદર દેન માનતા. રવીન્દ્રનાથ કાવ્યસંગ્રહ 'ગાર્ડનર'નો તેમણે 'પ્રીત જા ગીત' નામે સિંધીમાં અનુવાદ પણ કર્યો હતો.

તેમણે વિદેશયાત્રા પણ ખેડી હતી. અમેરિકા અને યુરોપના પ્રવાસ દરમ્યાન તેમણે બારીકાઈથી ત્યાંની જીવન પ્રણાલિકા અને મૂલ્યાંકનનું નિરીક્ષણ કર્યું હતું. વૈજ્ઞાનિક તેમ જ આધ્યાત્મિક બન્ને દષ્ટિએ પૂર્વ અને પશ્ચિમનાં મૂલ્યોની મુલવણી પણ કરી હતી. 'પશ્ચિમયાત્રા' નામના આ પ્રવાસ-વર્ણન પુસ્તક ઉપરાંત તેમણે 'સાહિત્યકારન જૂં સ્મૃત્યુ' નામે પુસ્તકની રચના પણ કરી હતી.

૧૯૮૦ના અંતમાં મુંબઈમાં સિંધી નાટક શતાબ્દી ઉત્સવનું આયોજન થયું હતું. ૮૪ વર્ષની વૃદ્ધ અવસ્થામાં પણ તેઓ ઠેઠ કલકત્તાથી નાટક ઉત્સવમાં ભાગ લેવા મુંબઈ ગયા હતા. સાહિત્યકારો અને કલાકારોએ તેમનો ભવ્ય સત્કાર કરીને તેમને સન્માન્યા હતા. મુંબઈમાં તેમણે અપ્રગટ સમીક્ષાઓ પ્રકાશનાર્થે પ્રેસમાં આપી હતી જે પુસ્તક પાછળથી નયી દુનિયા પ્રકાશને પ્રગટ કર્યું. મુંબઈમાં જ તેઓ તા. ૧-૧૨-૧૯૮૦ના રોજ અવસાન પામ્યા હતા. - **જયંત રેલવાણી**

(જનસત્તા)

પ્રાપ્ત પ્રકાશનો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતન-પોળના નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧)**નાં પ્રકાશનો :**

શ્રેષ્ઠ વિદેશી નવલકથાઓનો સાર, ભાગ-૧, ૨. અનુવાદક : અશોક હર્ષ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : અનુક્રમે ૨૫૦, ૨૫૪, ક્રાઉન, પાકું પૂઠું. મૂલ્ય : અનુક્રમે રૂ. ૧૦૦, ૧૧૦. ગૂર્જર વિશ્વસાહિત્ય શ્રેણી અંતર્ગત શ્રેષ્ઠ વિદેશી કથાશ્રેણીમાં શ્રેષ્ઠ નવલકથાઓનો સાર અને પરિચય આ પુસ્તકમાં આપ્યો છે. શ્રેષ્ઠ નવલકથાઓનાં વિવિધ પાસાં અહીં સમાવ્યાં છે. આ પુસ્તકના પ્રથમ ભાગમાં 'મૂન સ્ટોન' વિલ્કી કોલીન્સથી માંડીને 'ધ વર્ક્સ ઑફ ગૉડ' જિસેપ બર્તો સુધીની અને વિભાગ બીજામાં 'કોન્જુગલ લવ' આલ્બર્ટો મોરાવિયાથી માંડીને 'મેમદ માય કોક' યાશર કમાલ સુધીની વીસ નવલકથાઓનો સાર આવી જાય છે.

શ્રેષ્ઠ વિદેશી લઘુકથાઓ : અનુ. અશોક હર્ષ, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃ. ૧૯૬, ક્રાઉન, પાકું પૂઠું, મૂલ્ય : રૂ. ૭૦. વિશ્વભરની શોર્ટ સ્ટોરી (લઘુકથાઓ)ના આ સંગ્રહમાં કુલ એંશી લઘુકથાઓ અનુવાદિત થઈ છે. કથાસાહિત્યના આ નવા સ્વરૂપને સારી રીતે શિસ્તબદ્ધ કરી આપવામાં અશોક હર્ષનો ફાળો મૂલ્યવાન છે. હસુ યાજ્ઞિકે એમાં સ્વરૂપચર્ચા આપી સહાયક બળ પૂરું પાડ્યું છે. એમાં કેટલીક વિદેશી લોકકથાઓનો લઘુકથા તરીકે સમાવેશ થયો છે.

શ્રેષ્ઠ વિદેશી સાગર કથાઓ : અનુવાદક : અશોક હર્ષ. પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫, પૃષ્ઠ : ૨૨૨, ક્રાઉન, પાકું પૂંઠું, મૂલ્ય : રૂ. ૯૦. દરિયાઈ અને ખલાસી જગતને લગતી ત્રીસ વાર્તાઓનો સંગ્રહ છે. બ્રિટનના મર્હૂમ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે પણ સાગરકથા લખી હોય એવું

મોટામાં મોટું આશ્ચર્ય આ પુસ્તકમાંથી સાંપડે છે.

શ્રેષ્ઠ વિદેશી શિકાર કથાઓ : અનુવાદક : અશોક હર્ષ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૨૩૬, ક્રાઉન, પાકું પૂઠું, મૂલ્ય : રૂ. ૧૦૦. શિકાર અને સાહસને લગતી ઉત્તમ અનુવાદિત વાર્તાઓનો સંગ્રહ.

શ્રેષ્ઠ વિદેશી પ્રેતકથાઓ : અનુ. અશોક હર્ષ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૮૮, ક્રાઉન, પાકું પૂઠું, મૂલ્ય : રૂ. ૯૦. હૉરરના જમાનામાં ભૂતપ્રેતની કથાઓની એક આગવી લાક્ષણિકતા હતી, એ આ સંગ્રહની અનુવાદિત વાર્તાઓ પરથી જણાય છે. આ પ્રેતકથાઓ આગવું રહસ્ય ખડું કરી આપે છે.

ગાંધી જીવનગાથા-૧ : લેખક : યશવન્ત મહેતા. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ : ૨૧૯, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય રૂ. ૫૦-૦૦. ગાંધી સવા શતાબ્દી ગ્રંથશ્રેણીનું આ પુસ્તક ગાંધીજીનો પરિચય અને પુનઃ મૂલ્યાંકન દર્શાવે છે, જે આ જ યુગમાં ખૂબ આવશ્યક બની રહે છે.

ગાંધી જીવનગાથા-૨ : લે. યશવન્ત મહેતા. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ : ૨૨૨, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય: રૂ. ૫૦-૦૦. મોહનદાસ કરમચંદ ગાંધીની રાષ્ટ્રપતિ તરીકેની મુદ્રા ઉપસાવતું પુસ્તક. રાષ્ટ્ર માટેની શુભ ભાવના અને ભોગ દેખાયાં વિના રહેતાં નથી. આત્મસમર્પણનો વૈશ્વિક પુરાવો આ પુસ્તકમાંથી મળી આવે છે.

ગાંધીવાણી-૩ : લે. રોહિત શાહ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ : ૨૨૪, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય : રૂ. ૫૦-૦૦. આ પુસ્તક ગાંધી સવા શતાબ્દી ગ્રંથશ્રેણીનું છે. ગાંધીજીના જીવનમાં ગીતાનાં તત્ત્વો કેવી રીતે વણાઈ ગયાં છે, એ પ્રસંગોને લગતું આ પુસ્તક છે.

ગાંધી પ્રસંગ રંગ-૪ : લે. રોહિત શાહ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪, પૃષ્ઠ : ૨૨૪, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૫૦-૦૦. 'મોહન'માંથી 'મહાત્મા' સુધીની જીવનયાત્રા પ્રગટાવતા પ્રસંગોનું પુસ્તક.

આ ગાંધી સવા શતાબ્દી **ગૂર્જર ગ્રંથશ્રેણી** પ્રત્યેક ગુજરાતીના ઘરમાં રહીને વંચાય તો વિરાટ સંસ્કાર સિંચન આપણા સમાજમાં થશે.

મન-મહેરામણ : લે. સુધીર દેસાઈ પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૨૩૧, ક્રાઉન, મૂલ્ય : રૂ. ૬૪. વિવિધલક્ષી વિષયોને લગતા લેખોનો આ સંગ્રહ મનોવૈજ્ઞાનિક અભિગમ પ્રગટાવે છે. એમાંથી જીવન જીવવાની સાચી પદ્ધતિ અને સામાજિકપણું પ્રગટ થાય છે.

આપણે અને પશ્ચિમ : લે. સ્વામી સચ્ચિદાનંદ. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૪૪૦, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય : રૂ. ૭૦-૦૦. પૂર્વ અને પશ્ચિમના જીવનની રહેણીકરણીની ભેદરેખા દર્શાવતું પુસ્તક. આ પુસ્તકમાં ભારતના લોકોનું માનસ અને પશ્ચિમના લોકમાનસનો ચિતાર આપ્યો છે.

યોગ મટાડે રોગ : લે. હીના વદન. પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ: ૨૪૦, ડીમાઈ, પાકું પૂંઠું, મૂલ્ય : રૂ. ૧૦૦. શરીરનાં વિવિધ આસનો દર્શાવતું પુસ્તક. કયા આસનથી કયો રોગ નાબૂદ કરી શકાય, એની યોગ્ય સચોટ માહિતી આ ગ્રંથમાં છે. આનું સંપાદન જિજ્ઞેષ સી. શાહે (જે.સી.) કર્યું છે.

પરિચય ટ્રસ્ટ : (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦૦૦૨)**ની પરિચય પુસ્તિકાઓ.** દરેક પ્રથમ આવૃત્તિ : ૧૯૯૬, પૃષ્ઠ ૩૨, ક્રાઉન, કાચું પૂંઠું, દરેકનું મૂલ્ય : રૂ. ૫.

ઉત્તર ધ્રુવનું આકર્ષણ : લે. પ્રીતિ સેનગુપ્તા. ઉત્તર ધ્રુવની નજીકના દેશોનો આલેખ આપતી પુસ્તિકા.

ચાર્વાક દર્શન : લે. યોગેશ પટેલ. નાસ્તિકવાદના ભારતીય પ્રણેતા ચાર્વાકનો પરિચય આપતી પુસ્તિકા.

ગુજરાતી ગઝલ : લે. ભગવતીકુમાર શર્મા. ઉદાહરણો સાથે ગઝલ-સ્વરૂપનો પરિચય આપતી પુસ્તિકા. □



કેસરી વાઘા ફાગણ કેરા
ચૈત્રે તપી થાય ગેરુઆ;
દિનની રાતી ચૂંદડી રાતે
રૂપ સજે છે શ્વેત ને ભૂરાં.
(ભગવતીકુમાર શર્મા)

વાસુદેવ મહેતાનું નિધન

વાસુદેવ મહેતા. પત્રકારત્વના ક્ષેત્રે પ્રતિભાશાળી અને પ્રભાવશાળી, ગૌરવપૂર્ણ અને ગરિમાયુક્ત, નિષ્ઠાવાન અને નીડર વ્યક્તિત્વ. શનિવાર તારીખ ૯મી માર્ચની રાત્રે હૃદયરોગના હુમલાથી એમનું ૮૦ વર્ષની વયે અવસાન થતાં એક સક્રિય અને સમ્યક્ પત્રકારની ખોટ પડી છે. ૧૯૧૭ના માર્ચમાં જન્મી, મુખ્ય વિષય અંગ્રેજી સાથે બી.એ. થઈ ૧૯૪૧માં પત્રકારત્વના ક્ષેત્રે એમણે ઝંપલાવ્યું ક્રમે ક્રમે એ



ક્ષેત્રમાં એમની ઊંડી નિસબત અને આગવી સૂઝશક્તિ પ્રકટતાં ગયાં. 'નવસૌરાષ્ટ્ર'માંથી એમણે આ કારકિર્દીનો આરંભ કર્યો. અમદાવાદનાં ત્રણ પ્રમુખ અખબારો 'સંદેશ', 'ગુજરાત સમાચાર' અને 'જનસત્તા'માં એમણે કટારલેખન કરી પોતાની લેખિનીથી સહુને આકર્ષ્યા. મહાગુજરાતના આંદોલન દરમિયાન ૧૯૫૮માં નવા પ્રકટ થયેલા દૈનિક 'જનતંત્ર'ના તંત્રીપદે તેઓ રહી ચૂક્યા. ઈ. ૧૯૭૭-૭૮ દરમિયાન 'જનસત્તા-લોકસત્તા'ની ગુજરાતી ત્રણેય આવૃત્તિના તંત્રી તરીકે પણ તેમણે કામગીરી બજાવી. પરંતુ તેમને ફાવ્યું અને ફળ્યું તો કટારલેખન જ! કદાચ આમાં એમની સ્વમાની સ્વતંત્ર પ્રકૃતિ જવાબદાર હશે. છેલ્લા બે દાયકાથી 'સંદેશ' દૈનિકમાંની તેમની કટારો 'અલ્પવિરામ', 'રાજકારણના અંતરંગ' અને 'વૈવિધ્ય' ખૂબ લોકપ્રિય બની હતી. એમની આ લોકપ્રિયતાનું કારણ ચર્ચ્ય વિષયની તાટસ્થ્યપૂર્ણ અને તાર્કિક રજૂઆત, મૌલિક દૃષ્ટિકોણ, નિર્ભીક મતપ્રાકટ્ય. અને સૌથી ઉપર તો રહી તેમની સરળ છતાં પ્રભાવક શૈલી. મુંબઈના 'ચિત્રલેખા' દૈનિકમાં પણ તેમની કટારે આકર્ષણ જન્માવ્યું હતું. તેમણે દેશવિદેશની રાજકીય ઘટનાઓનું સમયોચિત સભાન વિશ્લેષણ કર્યું છે, તો શિક્ષણ, સમાજ અને સાંસ્કૃતિક ઘટનાઓ વિશે પણ લખ્યું છે. એમની કટારો વાંચતાં એમના તલસ્પર્શી પ્રશ્નાવગહનની પ્રતીતિ થયા વગર રહેતી નહિ.

એમણે જેમ કટારલેખનમાં જીવંત રસ દાખવ્યો હતો તેમ ગુજરાત-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજિત અને સંલગ્ન પત્રકારત્વ વિશેના પરિસંવાદો અને અભ્યાસક્રમોના શિક્ષણમાં પણ સક્રિય રસ લીધો હતો. પત્રકારત્વ એ ચોથી જાગીર છે એની વિનમ્ર સભાનતા એમનાં લખાણોમાં જોવા મળતી. એમની આ સુદીર્ઘ કારકિર્દી અને પ્રદીર્ઘ પ્રકીર્તિને ધ્યાનમાં રાખી ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તેના રાજકોટ ખાતે ભરાયેલા અધિવેશનમાં પત્રકારત્વ વિભાગના એઓ અધ્યક્ષ વરાયા હતા. સોવિયેટ રશિયાની નોવોસ્તિ પ્રેસ એજન્સીના નિમંત્રણથી ૧૯૭૪માં એમણે રશિયાનો પ્રવાસ કર્યો હતો. કદાચ આ પ્રવાસની ફલશ્રુતિ રૂપે એમની પાસેથી 'આ પેલું રશિયા' પુસ્તક પ્રાપ્ત થયું છે. 'પૅલેસ્ટાઈન' એમનું બીજું પ્રકટ પુસ્તક છે. એમની અસંખ્ય કટારોમાંથી વિવિધ વિષયની કાયમી મહત્તા ધરાવતા લેખોનું ચયન થવું ઘટે. ગુજરાત પત્રકાર સંઘ આ દિશામાં વિચારી શકે.

એમને શ્રેષ્ઠ પત્રકાર તરીકે પ્રાપ્ત થયેલાં પારિતોષિક-ઍવૉર્ડમાં શેખાદમ આબુવા, મુંબઈની જન્મભૂમિ સંસ્થા, ગુજરાત તંત્રી પરિષદ આદિ સંસ્થાઓનો સમાવેશ થાય છે. હજુ હમણાં જ એમનું ગુજરાતના વરિષ્ઠ પત્રકાર તરીકે 'ચિત્રલેખા' સામયિક તરફથી રાજકોટ ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. આવા, બહુશ્રુત અને બહોળો અનુભવ ધરાવતા પત્રકારના અવસાનથી તે ક્ષેત્રને વસમી ખોટ પડી છે. - ધી.પ.

રેષાયુક્ત આહાર હૃદયરોગ નિવારે છે

૪૪,૦૦૦ પુરુષો ઉપર તાજેતરમાં કરવામાં આવેલો એક વિસ્તૃત અભ્યાસ જણાવે છે કે આહારમાં રેષાયુક્ત પદાર્થોનું સેવન વધારવાથી હૃદયરોગ થવાની શક્યતા ઘટે છે. જે લોકો ફળો, શાકભાજી અને આહારમાં દરરોજ ૨૫ ગ્રામ કરતાં પણ વધુ રેષાયુક્ત પદાર્થો લે છે એમની અંદર હૃદયરોગના પ્રમાણમાં ૪૩૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ૨૫ ગ્રામ રેષાયુક્ત પદાર્થો એટલે? સાત સફરજન અથવા અનાજનું એક કપભાર થૂલું. આપણે ઘઉં, જુવાર અને બાજરીના લોટને ચાળીને એનું થૂલું કાઢી નાખતા હોઈએ છીએ. આનાથી આપણા પોતાના જ સ્વાસ્થ્યને અજાણતાં કેટલું નુકસાન પહોંચાડીએ છીએ!

('લૉકૉસ્ટ ફીચર્સ'માંથી)

કરકસરનાં પગલાં

આઝાદી આવી પછી સરકાર પણ ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં મદદ કરવા લાગી. સરકારી ગ્રાંટ મળતાં કામ વધ્યું. હિસાબો સરકારમાં પહોંચવા લાગ્યા. મોટા મોટા અધિકારીઓના આંટા વધવા માંડ્યા.

કાઠિયાવાડ ખાદી મંડળનું કેન્દ્ર ચલાલા. તે ખાદીકામનું

મુખ્ય મથક. આખા ગુજરાતમાં પ્રથમ હરોળનું તે એક. તેનો અહેવાલ સરકારમાં ગયો. આટલા મોટા કામમાં વહીવટી ખર્ચ માત્ર સાડા ત્રણ ટકા જાણી સરકારી પ્રતિનિધિઓને આશ્ચર્ય થયું. ડૉ. અશોક મહેતાના અધ્યક્ષસ્થાને આયોજન પંચ કામ કરતું હતું. ખ્યાતનામ અર્થશાસ્ત્રી ડૉ. લોકનાથનની આગેવાની હેઠળ એક તપાસ સમિતિ ચલાલા આવી.

એક દિવસ સંસ્થાના મહેમાનગૃહની પરસાળમાં સમિતિના સભ્યો શિયાળાની સવારે હૂંફાળો તડકો ખાતા'તા. ત્યાં જોયું કે સંસ્થાના સંચાલક નાગરબાપા (નાગરદાસ દોશી) રસોડા બાજુથી આવી રહ્યા હતા. ચોગાનમાં સફાઈ થઈ ચૂકી હતી, પણ સાવરણામાંથી થોડી સળીઓ છૂટી પડી હતી. નાગરબાપાએ તે જોયું ને સળીઓ વીણી બારીની કનેરીમાં મૂકી. લોકનાથનના જોવામાં આ પ્રસંગ આવ્યો; એટલે પૂછ્યા વિના ના રહી શક્યા. તેમણે જાણ્યું કે, સળીઓ ફરી સાવરણો બનાવવામાં જશે. તેમણે જોયું કે, નાગરબાપાનું પહેરણ ખભેથી ફાટેલું, ત્યાં સુઘડતાપૂર્વક થીંગડું મારેલું. વિચક્ષણ અર્થશાસ્ત્રી સાડાત્રણ ટકાનો ભેદ પામી ગયા.

તેમણે પોતાના અહેવાલમાં લખ્યું કે, 'આવડી મોટી સંસ્થામાં વાહનોમાં સમ ખાવા એક સાઇકલ સુધ્ધાં નથી. સંચાલક મોટું માનધન, વાહને સગવડો ભોગવી શકે, છતાં જાતે કાંતીને વણાય તે ખાદીમાંથી જ પોતાનાં વસ્ત્રો કાઢે છે. તે કાપડ પણ ફાટે તો સાંધીને પહેરે છે. સાવરણાની છૂટી પડેલી સળીઓ વીણીને ફરી તેનો સાવરણો બનાવે છે. ટાંકણીઓ શોધીને ઓફિસમાં પહોંચાડે છે. કવરોને ઉલટાવીને ફરી ઉપયોગમાં લે છે ને વપરાયેલા કાગળના ટુકડાઓની પાછળની કોરી બાજુ ફરી વપરાશમાં લે છે. દાઢી કરીને હજામતની બ્લેડને ફૂટેલી કાચની રકાબી સાથે ઘસી વારંવાર ઉપયોગમાં લે છે. આવા કરકસરિયા ને દૃષ્ટિસંપન્ન સંચાલકની સંસ્થામાં વ્યવસ્થાખર્ચ સાડા ત્રણ ટકા આવે તે સ્વાભાવિક છે.'

આજે સરકારના વડાઓ વારંવાર કરકસરની વાતો કરે છે પણ તેમની દોડાદોડીમાં પેટ્રોલનો ધુમાડો નીકળે છે. તેમના પરિપત્રોમાં કાગળનો ને જંગલોનો ઘાણ નીકળે છે. તેમની ને બીજી સરકારી કચેરીઓમાં પંખા અને લાઈટો પાર વગરનાં હોય છે ને કોઈ હોય કે ના હોય તોયે ચાલતાં જ રહે છે!ક્યાં છે કરકસર?

જૂના ગાંધીજનોના પાવન પ્રસંગો આપણને પ્રેરણા આપે ને જેને સમજાય તે પોતાના ઘરમાં, કાર્યાલયમાં, સંસ્થામાં સર્વત્ર ચીજવસ્તુની કરકસર કરે. સમય ન વેડફાય, વાણી ન વેડફાય તેની કાળજી રાખે તો દેશ સાચા વિકાસને પંથે વળી શકે.

- ઉકાભાઈ મિસ્તરી (ભૂમિપુત્ર)

ઘડપણ આનંદથી માણો

થોડા સમય ઉપર મેં લેખક બી. એફ. સ્કીનરનું પુસ્તક 'એન્જોય ઓલ્ડ એજ' વાંચ્યું હતું. પુસ્તક જીવનને સારી રીતે જીવવા માટે માર્ગદર્શન અને પ્રેરણા આપે તેવું છે. આ પુસ્તક માત્ર વૃદ્ધોને જ નહિ પણ સારી રીતે જીવન જીવવા ઇચ્છનાર કોઈ પણ ઉંમરના માણસને પણ ઉપયોગી થાય તેવું છે. તેથી તેમાંથી થોડા મુદ્દાઓ તારવીને બહુ ટૂંકાણમાં અહીં રજૂ કરું છું :

(૧) જો તમારી તબિયત સારી નહિ હોય તો જીવનની કોઈ પણ વયે જીવનનો આનંદ તમે નહિ માણી શકો. માટે સૌથી મહત્ત્વની વાત એ છે કે હંમેશાં શરીરને સારું રાખવા પ્રયત્ન કરો.

(૨) જેમ સારી રીતે જીવવા માટે સારા સ્વાસ્થ્યની જરૂર છે તેમ સારું સ્વાસ્થ્ય જાળવી રાખવા માટે આનંદમય રીતે જીવવું જોઈએ એ પણ જરૂરનું છે.

(૩) આનંદમય જીવન કેવી રીતે જીવી શકાય તે માટે થોડા ઉપાયો નીચે પ્રમાણે છે :

(૪) તમારી જાતને તમારા મનગમતા કોઈ ને કોઈ કામમાં રોકી રાખો. કારણ કે માણસ નવરો હોય તો નખોદ વાળે છે.

(૫) દરેક કામ ઉમદા હોય છે. કામ ગમે તેવું નાનું હોય છતાં જો ભાવપૂર્વક કરવામાં આવે તો તેમાંથી આનંદ મળે છે.

(૬) કામમાં વ્યસ્ત રહેવું એનો અર્થ એવો નહિ કે બિલકુલ આરામ ન કરવો. ઊલટું જીવનને એવી રીતે ગોઠવો કે કામ અને આરામ : આરામ અને કામ એ વ્યવસ્થિત જીવનનું ચક્ર ચાલ્યા કરે.

(૭) તમને વધુ ગમે તેવું કામ શોધવાનો પ્રયત્ન કરો. તેમાંથી તમને કામ સાથે વધુ આનંદ મળશે. કામ એવું કરો જેમાં તમને રસ હોય. રસપૂર્વક કરેલું કામ આનંદ આપે છે.

(૮) યોગ્ય ખોરાક અને યોગ્ય કસરતથી લાંબું આરોગ્યપૂર્ણ અને આનંદદાયક જીવન પ્રાપ્ત થાય છે.

(૯) અતડા ન રહો. જેના પરિચયમાં આવો તેમની સાથે વિવેક, પ્રેમ અને મીઠાશથી વર્તો.

(૧૦) સારા બનો, સેવાનાં કામ કરો, બીજાનું ભલું થાય એવાં કામ કરો, સારાં કામ કરતાં હોય એવાં મંડળોમાં ભળો.

(૧૧) ઘડપણને કારણે બહાર ન જઈ શકતા હો તો ગભરાશો નહીં. તમને જીવન દરમિયાન મળેલી ભેટ-સોગાદોને એકઠી કરો. તેમને વ્યવસ્થિત રીતે ગોઠવો. ભેટ

આપનારાઓને યાદ કરો. તમને આનંદ થશે. પ્રિયજનોની સ્મૃતિ સચવાઈ રહેશે. જીવનમાં બનેલા શુભ પ્રસંગોને યાદ કરો, તેથી તમને આનંદ મળશે.

(૧૨) ઘરને એવી રીતે ગોઠવો કે જેથી તમારી સગવડ સહેલાઈથી સચવાય. ઘરને વારંવાર જુદી જુદી રીતે ગોઠવો જેથી નવીનતા લાગે.

(૧૩) તમારી સલામતી માટેનું આયોજન કરો, શું કરવાથી તમારી સલામતી વધુ સરળ બને તેનું ચિંતન કરો. જેથી સમય આનંદમાં જશે.

(૧૪) નવા નવા પ્રોગ્રામો ગોઠવો. દૂરદર્શન જુઓ. રેડિયો સાંભળો. કુટુંબના સભ્યો સાથે રમતો રમો. મંદિરે જાઓ પ્રભુનાં દર્શન કરવાથી મનને શાંતિ મળશે. વાંચી શકો તો સારાં પુસ્તકો વાંચો.

(૧૫) ઘરડાં માણસને સમય ઘણો મળે છે. બને તો તમારું કામ જાતે કરો. ઘરનાં હળવાં કામોમાં મદદ કરો. દાખલા તરીકે શાક સમારો, ચીજો આઘીપાછી પડી હોય તો સરખી રીતે ગોઠવો.

(૧૬) બાળકો સાથે ભળો, તેમને વાતો કહો, તેમની વાતો ધીરજથી સાંભળો, તેમની સાથે તેમને ગમતી રમતો રમો.

(૧૭) મિત્રોને મળવા જાઓ. તમે જઈ શકો તેમ ન હો તો તેમને આગ્રહ કરીને તમારા ઘેર બોલાવો તથા તેમનું ભાવભર્યું સ્વાગત કરો. આમ કરવાથી જીવનમાં મીઠાશ અને આનંદનો વધારો થશે.

(૧૮) મરણનો ભય છોડી દો. એ વાત ઈશ્વરની ઇચ્છા ઉપર રાખો.

(૧૯) ઘરડા માણસને મરણનો વધુ ભય લાગે છે, માટે ધાર્મિક વૃત્તિ રાખો. ઈશ્વરનું સ્મરણ કરો. બધું ઈશ્વરની ઇચ્છા પ્રમાણે થાય છે તેવી શ્રદ્ધા કેળવો.

(૨૦) તમારી માંદગી વિશે વારંવાર વાત કરશો નહીં. સાંભળનારને કંટાળો આવશે.

(૨૧) બીજાને ઉપદેશ કે શિખામણ આપશો નહીં.

(૨૨) હાસ્યની વૃત્તિ રાખો. પ્રસંગ મળે ત્યારે જરૂર હસો. પ્રસન્નતામાં રહેવાનો પ્રયત્ન કરો.

(૨૩) જીવન એવું જીવો કે જેથી બીજાઓ તમારો દાખલો લે જેથી તમને આનંદ થશે.

- પુરુષોત્તમદાસ ભી. શાહ ('સ્વસ્થ-માનવ'માંથી)

શક્તિ બઢાઓ !

(૧) **રુચિ અને શોખ ને ઉત્સાહપૂર્વક વધારો :** રુચિ અને શોખને તન-મનથી, પૂરી લગનથી કેળવવાથી આપણી શક્તિનું સ્તર સુધરે છે.

(૨) **પરોપકારી બનો :** પરોપકારી બનવું એ પોતાના જ લાભમાં છે. પરોપકાર તમારા ચિત્તતંત્ર અને લાગણીતંત્રમાં પુનઃ પ્રાણ પૂરે છે.

(૩) **મુશ્કેલીઓ (સમસ્યાઓ) આવે ત્યારે વિકલ્પો શોધો.** આર્થર બારટોલોમી કહે છે, 'તમારા ધ્યેયને જ કેન્દ્રમાં રાખી પ્રયત્ન કર્યા કરો, આડાઅવળા કામમાં નહિ. ટેલિફોન તંત્રના જાળાની જેમ વર્તો અને તમારા પ્રયત્નોમાં પાછા પડો નહીં.'

(૪) **પોતાની મર્યાદાઓને જાણો અને સ્વીકારો :** તમારી શક્તિ જાળવી રાખવા તમારી પ્રવૃત્તિઓ ધીમે ધીમે વિકસાવો. ડૉ.રોમન આમ કહે છે, 'થોડુંક કામ વધુ ખેંચવામાં વાંધો નથી, પણ વધુ પડતું કામ બોજારૂપ બને છે.'

(૫) **અડધો કલાકનો આરામ તમારી શક્તિ વધારે છે :** શક્તિશાળી માણસો તેમને ગમતી પ્રવૃત્તિમાંથી આનંદ મેળવે છે. તેઓ સૂઈ જાય છે, ચાલવા જાય છે, ધ્યાન ધરે છે, ચોપડીમાંથી વાચન કરે છે. પુનઃશક્તિશાળી બનવા થોડા સમય માટે તમે તમારી જાતને ભૂલી જાવ,' એમ સ્ક્વેઝીઅર કહે છે.

(૬) **વિવેકપૂર્વક ચિંતા કરો :** અગત્યની અને સામાન્ય બાબતોની ચિંતાનો નિકાલ વિવેકપૂર્વક કરવો જોઈએ.

(૭) **એકલતા ટાળો :** લાંબા ગાળાની એકલતા તમારી શક્તિ ઘટાડે છે અને બીમારી લાવે છે.

(૮) **એક જ કામમાં તમારી શક્તિ વહાવો નહીં :** તમારી શક્તિ એક જ માર્ગમાં ન વાપરતાં બીજા માર્ગે પણ વાપરવી, જેથી જ્યારે તમારું મુખ્ય કાર્ય ઢીલમાં પડે ત્યારે તમને બીજા કામથી સંતોષ મળશે.

(૯) **હળવાશથી રહેતાં શીખો (વિનોદવૃત્તિ કેળવો) :** રમૂજ-વિનોદ મુશ્કેલીઓને હળવી બનાવે છે, તનાવને ઘટાડે છે, જેથી કરીને અધિક શ્રમથી થતી નકારાત્મક અસરોનો ભોગ બનતાં અટકી શકાય.

(૧૦) **તન-મન સંતુલિત રાખવું જોઈએ :** તમારો માનસિક અભિગમ સુધારવા સાથે શારીરિક શક્તિ વધારવા તન-મનને સંતુલિત રાખવું ખૂબ જ જરૂરી છે. મિતાહાર, વ્યાયામ અને પૂરતી નિદ્રા શરીરને જિંદગીના શક્તિવર્ધક અભિગમમાં મદદરૂપ બની રહે છે.

('ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માંથી)

વાપરેલી વસ્તુ વાપરીને પર્યાવરણ બચાવો

પર્યાવરણની સ્વચ્છતા જાળવવા માટે કચરા અને ભંગારનો પુન: ઉપયોગ તથા રિસાઇકલિંગ થાય એ જરૂરી છે. આમાં તમે આ રીતે ફાળો આપી શકો :

- ખાદ્ય પદાર્થો તથા પીણાંની બોટલો ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવી ખરીદો.
- બોલપેન વાપરીને ફેંકી દેવાને બદલે રિફિલ બદલી શકાય તેવી ખરીદો.
- બજારમાં ખરીદી કરવા નીકળો ત્યારે થેલી કે પ્લાસ્ટિક બેગ સાથે રાખો જ, જેથી નવી પ્લાસ્ટિક બેગનો કચરો તમારા ઘરમાં આવતો અટકે.
- હંમેશાં ટકાઉ અને રિપેર થઈ શકે તેવી વસ્તુઓ ખરીદો, પછી ભલે થોડી મોંઘી હોય. લાંબા ગાળે તો આવી ચીજો જ સસ્તી પડે છે. થોડા સમયમાં બગડે ને ફેંકી દેવાની થાય એવી વસ્તુઓ આર્થિક રીતે તો નુકસાન કરાવે જ છે, સાથે કચરોય વધારે છે.
- ડિસ્પોઝેબલ કપ તથા પેપર ડિશને બદલે ધાતુ કે કાચના સ્વચ્છ પાત્રનો આગ્રહ રાખો.
- છાપાં, ચોપાનિયાં, કાગળ, પૂંઠાં, ખોખાં, કોથળીઓ, પ્લાસ્ટિક, લોખંડ વગેરેનો ભંગાર ગમે ત્યાં ન ફેંકતાં પસ્તી કે ભંગારવાળાને આપો. તેનાથી તમને તો લાભ થશે જ સાથેસાથે આ ભંગાર રિસાઈકલ થવાનો છે એ વાતની પણ ખાતરી રહેશે.
- કાગળનો બગાડ બને તેટલો અટકાવો. ચિઠ્ઠી-ચપાટી લખવાને બદલે ફોનથી કામ પતતું હોય તો પતાવો.

- શ્રુતિ ત્રિવેદી

અનુસંધાન] ઈન્ફર્મેશન ટેક્નોલૉજી [પૃ. ૧૯૬થી

છે માહિતીવિજ્ઞાન. આ બધા વિષયો કંઈ સમાજના પ્રણાલિકાગત શિક્ષણનો ભાગ નથી પણ સમાજની જરૂરિયાતોની માંગ છે.

ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં પર્યાવરણ મુજબ સમાજનું સંસ્કાર ઘડતર થયું હતું. ઔદ્યોગિક ક્રાંતિ બાદ સત્તા, શક્તિ અને પ્રતિષ્ઠાનું કેન્દ્ર જમીનમાલિકી ઉપરથી ખસી ઉદ્યોગો ઉપર સ્થિર થયું. અર્થશાસ્ત્રના નિયમોને કારણે જીવનનાં મૂલ્યો અને રીત-રસમોમાં પરિવર્તન થયું.

છેલ્લા ત્રણ દાયકામાં માહિતી-સમાજનું નિર્માણ થયું. આવા સમાજમાં યુ.એસ.એ., યુરોપના દેશો અને જાપાનનો સમાવેશ થાય છે. તેમાં સુધારાના સ્રોત તરીકે સૈદ્ધાંતિક જ્ઞાનનું કેન્દ્ર પ્રભાવશાળી બન્યું. પ્રબંધક ધંધાદારી અને ટેક્નોક્રેટિક વર્ગનું વર્ચસ વધ્યું. ઝડપી પ્રગતિને પરિણામે માહિતીના પૂર સાથે કદમ મિલાવવા માણસ ઉપર તનાવ વધતો જાય છે. ત્વરિત પરિવર્તનોને લીધે કોઈ નવાજ મુદ્દા ઊભરવા લાગ્યા છે. પરિવર્તનના સંદર્ભમાં જ્ઞાન અને માહિતીનો સંબંધ મહત્ત્વનો બને છે અને હવે પછી સમાજ - પરિવર્તનનો પાયો ઈન્ફર્મેશન ટેક્નોલૉજી છે. ઔદ્યોગિક અર્થતંત્રની જગાએ હવે ઈન્ફર્મેશન અર્થતંત્ર આવી રહ્યું છે. ઔદ્યોગિક અર્થતંત્રમાં મૂડી વ્યૂહાત્મક સ્રોત છે જ્યારે ઈન્ફર્મેશન અર્થતંત્રમાં માહિતી વ્યૂહાત્મક સ્રોત છે. તેનું નિમ્ન-સ્તરીય માળખું દૂર-સંચારણ છે. તેમાં કમ્પ્યૂટરનો ભરપૂર ઉપયોગ થાય છે. વૈશ્વિક પ્રક્રિયાઓને પહોંચી વળવા માટે, ટેલિફોન જોડાણોની જેમ, સુસજ્જ કમ્પ્યૂટરોનું જોડાણ - ઈન્ટરનેટ હવે બહુમૂલ્ય માધ્યમ બની રહેશે. □

અણદીઠાંને દેખવા, અણતગ લેવા તાગ,
સતની સીમો લોપવા, જોબન માંડે જાગ.

— ઝવેરચંદ મેઘાણી —

હૉલેન્ડના એક વખતના મોજશોખ અને દોરદમામમાં રહેતાં રાણી વિલ્હેલ્મિના પ્રજાનાં સુખદુઃખમાં પણ ભાગ લેતાં. એક વાર રેલવેના અકસ્માતની વાત સાંભળી તરત જ ત્યાં દોડી ગયાં અને ઘવાયેલાની સારવારમાં લાગી ગયાં. ત્યાં કોઈએ તેમને પીવા માટે પાણીનો પ્યાલો ધર્યો તો તેમણે કહ્યું, 'શું ઘવાયેલાઓની સારવારનું કામ પૂરું થઈ ગયું? જાવ પહેલાં ત્યાં જઈને તેમની સંભાળ લો.' પેલો આગંતુક મોજશોખમાં આળોટતી રાણીની માનવતાથી સ્તબ્ધ થઈ ગયો!

★

એક પતાસા પર શ્વેત આકડાના દૂધનાં બે-ત્રણ ટીપાં પડી, રોજ રાત્રે તે ચાવી જવાથી દમ-શ્વાસમાં રાહત થાય છે.

★

જાણો છો કે સિદ્ધપુરનો રુદ્રમાળ અગિયાર મજલાનો હતો, અને તેના અગિયારમાં માળ પરથી અઢાર માઈલ દૂરનું સહસ્રલિંગ તળાવ જોઈ શકાતું હતું?

★

એક માલિકે નોકરને કહ્યું, 'આ ફર્નિચર તેં કેવું સાફ કર્યું છે? જાણે પંદર દિવસની ધૂળ એના પર પડી છે!'

નોકરે કહ્યું, 'સાહેબ, આપને ત્યાં નોકરીએ રહ્યા હજુ મને દસ જ દિવસ થયા છે.'

★

ભારતમાં પહેલવહેલી રેલવે મુંબઈથી કલ્યાણ સુધીની ૧૩ માઈલની નંખાઈ હતી. તે ૧૬મી એપ્રિલ ૧૮૫૩ના રોજ ખુલ્લી મૂકવામાં આવી હતી. ત્યારબાદ ૧૮૫૪ના ઑગસ્ટમાં કલકત્તા-પાંડુઆ વચ્ચે ઈસ્ટ ઇન્ડિયા રેલવેએ બીજી રેલવે શરૂ કરી હતી. વીજળીથી ચાલતી પહેલવહેલી રેલવે ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં મુંબઈના વિક્ટોરિયા ટર્મિનસથી કુર્લા સુધીની શરૂ કરવામાં આવી હતી.

★

જપાનની ટપાલ ટિકિટ



જાપાનના ૫૧મા રાષ્ટ્રિય રમતોત્સવની સ્મૃતિમાં બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટ. ૫૦ યેનની આ ટિકિટ પર તીરંદાજ અને મેપલનાં પાનનું ચિત્ર અંકિત છે, અને તે પાંચ રંગમાં છપાયેલી છે.

★

પૃથ્વીની સપાટી પર લગભગ ૧૦,૦૦,૦૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં સરોવરો તથા નદીઓ છે, અને સમુદ્રોમાં ૧૯,૧૦,૦૦૦ ચોરસ માઈલમાં ટાપુઓ છે.

★

માખી પ્રતિ સેંકડે ૬૩૦ વાર પાંખ ફફડાવે છે!

★

ખાંડ કેમ તૈયાર કરવી તે રીત સૌપ્રથમ હિન્દુસ્તાનમાં શોધાઈ હતી.

★

બિસ્કિટના ડબામાં થોડા કાચા ચોખા મૂકવાથી બિસ્કિટ તાજાં રહેશે.

★

૧૯૧૭ની બીજી એપ્રિલે અમેરિકન પ્રમુખ વૂડરો વિલ્સને 'દુનિયાની લોકશાહીની સલામતી માટે' જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું હતું.

★

જગતમાં લાંબામાં લાંબો હાથીદાંત આઠ ફૂટનો નોંધાયો છે!

★

તમે જાણો છો કે એક પોપટ જ એવું પંખી છે કે જે બગાસુ ખાય છે!

★

પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં આવેલી ફૈઝલ મસ્જિદ વિશ્વની સૌથી મોટી મસ્જિદ છે, જેનો વિસ્તાર ૧૯ હેક્ટર જેટલો છે.

★

વિશ્વમાં સૌથી વધારે દૂધનું ઉત્પાદન કરનાર દેશ ભારત છે. ભારતનું વાર્ષિક દૂધ ઉત્પાદન સાત કરોડ ટન જેટલું છે.

★

વિશ્વમાં ગાયોની કુલ વસતિ છે તેની ૧૫ ટકા ગાયો અને ૫૫ ટકા ભેંસો ભારતમાં છે.



કલાકણિકા ● ઈ.સ. પૂર્વે ૧લી સદીનું ગાઢા ભૂરા કાચનું પોર્ટલૅન્ડ વાઝ. એના પર કોતરણીવાળા સફેદ કાચનો પુટ ચડાવ્યો છે. ઈ.સ. ૧૫૮૨માં તે મળી આવ્યું હતું.

ગુજરાતની સમૃદ્ધ લોકસંસ્કૃતિ

ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે સૌંદર્ય બક્ષ્યું છે. પૂર્વમાં સહ્યાદ્રી અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચિમમાં કચ્છનું રણ, ઉત્તરે ગિરિરાજ આબુની ડુંગરમાળ અને દક્ષિણે દમણગંગાનું નૈસર્ગિક સૌંદર્ય ધરાવતા ગુજરાતના ગૌરવવંતા લોકજીવનના વિસ્તાર-પટ પર નજર કરીશું તો સમૃદ્ધ એવો કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો ધબકતો નજરે પડે છે. અહીં આપણે લોકકળા અને લોકસંસ્કૃતિનો સંદર્ભ રાખ્યો છે.

ગુજરાતની સંસ્કૃતિનું ઉગમસ્થળ : ગુજરાતની લોકસંસ્કૃતિના ઉગમ વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે, સાબરમતીના તીરે કૂબા બાંધીને રહેતા આદિમાનવના હાથે સૌપ્રથમવાર એનું પારણું બંધાયું હશે. જ્યારે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું પારણું નેસડાઓમાં રહીને પશુપાલન કરતી અરણ્યવાસી જાતિઓના હાથે બંધાયું હશે. ડૉ. હસમુખ સાંકળિયાએ કરેલું સાબરમતી ખીણનું સંશોધન આ વાતને સમર્થન આપે છે કે, મોંહે-જો-દડો અને હડપ્પાની નગરસંસ્કૃતિઓ વિકાસ પામી તેના પહેલાં પણ વિચરતી જાતિઓની લોકસંસ્કૃતિ અસ્તિત્વમાં હતી જ. આ સંસ્કૃતિના સ્પષ્ટ અવશેષો આજેય ગુજરાતના આદિવાસીઓનાં ઓજારો, દેવદેવલાંઓ, ભૂવા, જંતરમંતર અને પશુપ્રાણીઓ તથા વૃક્ષપૂજામાંથી પ્રાપ્ત થાય છે.

ગુજરાતની ભૂમિ પ્રાચીન સંસ્કૃતિનો વૈભવ-વારસો ધરાવતી માનવવસવાટવાળી ધરતી છે. આ ધરતી પરથી લોકજીવનના પ્રાચીન અવશેષો પણ ભરપટે મળી આવ્યા છે. ભારતમાંથી હડપ્પા સંસ્કૃતિના સંખ્યાબંધ પુરાવાઓ પ્રાપ્ત થયા છે. ગુજરાતમાં થયેલા પુરાતત્ત્વીય ઉત્ખનનો દ્વારા લોથલ અને કચ્છમાં ધોળાવીરા ખાતેથી મળી આવેલા અવશેષો સાડાચાર હજાર વર્ષ પહેલાના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે અને સૈકાઓ પહેલા વિકાસ પામેલી માનવ સંસ્કૃતિનું સુપેરે દર્શન કરાવે છે.

ગુજરાતમાં ગોપસંસ્કૃતિનો ઉદય : ગુજરાતની અફાટ ધરતીને અડીને આવેલો છે એનો ૧૬૦૦ કિ.મી. લાંબો સાગરકાંઠો. પ્રાચીનકાળથી માનવવસવાટને કારણે સાગર સંસ્કૃતિનો ઉદય થયેલો જોઈ શકાય છે. નળકાંઠાના પઢારોમાં સાગર સંસ્કૃતિના અવશેષો સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આજથી આઠેક હજાર વર્ષ પૂર્વે દેવદેવીની ઉપાસના કરનાર અને માછીમાર તરીકેનું જીવન ગુજારતી નિષાદ પ્રજાએ ગુજરાતની ધરતી પર પગરણ માંડ્યા. કોળી, ખારવા, વાઘેર અને મિયાણા આ જાતિનો વારસદારો ગણાય છે. ઈ.સ. પૂર્વે પાંચમા શતકમાં આયોનિયન, બેક અને યોન ગ્રીક પ્રજાઓ આપણે ત્યાં આવી અને લાકડાનાં દેવદેવીઓની પૂજા ગુજરાતમાં લાવી. બરડાના મેર લોકોમાં આજે પણ આ ગ્રીક પ્રજાઓના અવશેષો ઉપલબ્ધ થાય છે. આશરે ચારેક હજાર વર્ષ પૂર્વે ગુજરાતની ભૂમિ પર ભ્રમણશીલ પ્રજાઓમાંથી ગોપસંસ્કૃતિનો ઉદય થયો. મથુરા-વૃંદાવનમાંથી આવેલા યાદવો અને આહીરો પોતાની સાથે ત્યાંની રાસલીલા લાવ્યા. શોણિતપુરના રાજવી બાણાસુરની પુત્રી ઉષાનું લગ્ન શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથે થયું. ઉષા (ઓખા)એ પાર્વતીજી પાસેથી શીખેલું લાસ્યનૃત્ય દ્વારિકાની ગોપીઓને શીખવ્યું. ત્યાંથી સૌરાષ્ટ્રમાં એ પ્રચાર પામ્યું. આજના રાસડાની પરંપરા એ ગોપસંસ્કૃતિની દેન છે. આમ, ગોપસંસ્કૃતિએ ગુજરાતને અનેરા ઉત્સવો આપ્યા. માનવહૈયાંને હેલે ચડાવતા મેળાઓ આપ્યા. આદર, આતિથ્ય અને ઔદાર્યના ઉમદા સંસ્કારો આપ્યા.

સૌરાષ્ટ્રની ભૂમિ જૂના કાળથી ફળદ્રુપ હોવાથી જળ અને સ્થળ માર્ગેથી અસંખ્ય લોકજાતિઓ બહારથી આવીને અહીં સ્થિર થઈ છે, એમ નૃવંશશાસ્ત્રીઓ માને છે. ઉત્તરમાંથી આર્યો, રાજપૂતો અને ગુર્જરો આવ્યા. દક્ષિણમાંથી કણબી આવ્યા. દરિયાઈ માર્ગેથી સીદી અને આરબો આવ્યા. કચ્છનું રણ વીંધીને બલુચો ને લોહાણા આવ્યા. આ ઉપરાંત કાળાંતરે કાઠિયાવાડની રઢિયાળી ભૂમિ પર ઓડ, અતીત, સતવારા, સરાણિયા, સલાટ, સીદી, જત, મહિયા, ઢાડી, ચામઠા, બલોચ, બાબર, લંઘા, ખરક, વણઝારા, રાવળ, પુરબિયા, તરગાળા, થોરી, ખોજા, કુંભાર,

સંઘાર, સુમરા, સરવણ, ભંગી, ભોપા, ભોઈ, લુહારિયા, લીંબડિયા, મુમના, મોચી વગેરે લગભગ એકસો ને સિત્તેર કરતાં યે વધુ જાતિઓએ આવીને વસવાટ કર્યો છે. મધ્યયુગમાં ઇસ્લામની અસરે ક્ષત્રિય જાતિઓ અને પોતાની જાતને કાંટિયાવરણ તરીકે ઓળખાવતી જાતિઓનું લડાયક ખમીર ખીલી ઊઠ્યું. આ લડાયક ખમીરની અસર સૌરાષ્ટ્રની અન્ય જાતિઓના ઘડતર પર પણ પડી. એને પરિણામે લોકજીવનમાં ઘોડેસવારી, તરવારનૃત્ય અને શસ્ત્રો વાપરવાની વિદ્યાનો વિકાસ થયો. રખાવટ અને શૌર્યભાવનાનો સંસ્કાર સમાજમાં મહેકતો બન્યો.


આદાનપ્રદાનમાંથી સર્જાયેલાં લોકસંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો : ગુજરાતને આંગણે પ્રાચીનકાળથી ઊતરી આવેલી આ બધી જાતિઓ સાથે એમના પરંપરાગત એવા રૂડારૂપાળા પહેરવેશ, પોતાનાં ઇષ્ટ દેવદેવીઓ, કળા, સંગીત, સાહિત્ય, નૃત્ય, લોકરિવાજો, માન્યતાઓ, નીતિરીતિના ખ્યાલો, રહેણીકરણી અને ખાનપાન પણ આવ્યા. સ્થાનિક અને બહારથી આવેલી જાતિઓના સહવસવાટ અને ભાતીગળ સંસ્કૃતિના આદાનપ્રદાન દ્વારા સમૃદ્ધ બનેલા લોકસંસ્કૃતિના વહેણનો આછો-પાતળો પ્રવાહ જાણે કે હિલોળા મારતો ભરપટે વહેવા માંડ્યો. આમ લોકસંસ્કૃતિ એ કોઈ એકલદોકલ માનવી કે માનવસમૂહનું સર્જન નથી પણ ઘણી નદીઓમાંથી જેમ મહાનદ ઊભી થાય તેમ અનેક લોકજાતિઓના સમન્વય કે સંમિશ્રણમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિનાં વિસિષ્ટ સ્વરૂપો સર્જાયાં છે. આ સ્વરૂપો વડે જ લોકસંસ્કૃતિનું કાઠું બંધાયું છે.

લોકજાતિઓના વસવાટના પરંપરાગત પ્રદેશો : ગુજરાતની લોકસંસ્કૃતિને સમજવા માટે એના વિવિધ પંથકોનો પરિચય જરૂરી બને છે. ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતના પરંપરાગત એવા આભીરદેશ (કચ્છ)ના વાગડ, ગરડો, પાવર, માકવટ, મેઆણી, અબડાસો, મોડાસો, કાંઠી, પ્રાંથડ, કાઠિયાવાડના ઓખામંડળ, હાલાર, મચ્છુકાંઠો, ઝરમરિયો ઝાલાવાડ, પાંચાળ, બારાડી, નાઘેર, સીમર, બાબરિયાવાડ, વાળાક, વાગડ, ઉત્તર ગુજરાતના ચોરાડ, જતવાડો, નહેર, વઢિયાર, ઢાંઢર, છપ્પન, પાટણવાડો, દંઢાવ્ય, દક્ષિણ ગુજરાત તરફ જતાં ખંભાતબારું, વાંકળ, સંખેડા, મહુવાણ, કંઠાળ, નીમાડ, ખાનદેશ, મેવાડ, રાજ, મઠોર, ડાંગ, બાગલાણ તથા અમદાવાદ-ભાગ, કનેર, નળકાંઠા પંથકોમાં વસતી વિવિધ લોકજાતિઓએ પ્રાદેશિક સંસ્કૃતિની અનેક તેજરેખાઓ ઉપસાવી છે.

લોકજીવનનાં વસ્ત્રાલંકારો : લોકસંસ્કૃતિનો સાચો પરિચય આપવા માટે લોકજીવનનો અભ્યાસ અતિ આવશ્યક બની રહે છે. ગુજરાતના લોકજીવનમાં રંગબેરંગી કળામય પોષાકના અસંખ્ય પ્રકારો સાંપડે છે. જાતિએ જાતિએ જુદા જુદા પહેરવેશ. આ પહેરવેશ પણ મરદોની મરદાનગીને ઓપ આપે અને નારીની મરજાદ સાચવે એવા. એના અદ્ભુત રંગો અને ભાતીગળ ભરત શરીરનો શણગાર બની રહ્યાં. પરંપરિત પહેરવેશની સાથે અણવટવીંછિયા, કડલાં, કાંબિયું, ઝૂમણાં, ટુંપિયો, ત્રેટિયાં વગેરે અવનવા ઘાટનાં ઘરેણાં નરનારીઓના અંગને અરઘાવતાં રહ્યાં. ઉલ્લાસ અને ઉત્સવપ્રિય લોકજીવનમાં મેંદી, છૂંદણા ને અળતાનો સંસ્કાર પણ આવ્યો. જરૂરિયાતમાંથી કળામય જોડા પણ અસ્તિત્વમાં આવ્યા.

ઘરશણગારના સંસ્કાર : આમ, રૂપસૌંદર્યનો સંસ્કાર શરીર શણગાર પૂરતો મર્યાદિત ન રહ્યો. લોકનારીએ એના ઓરડા ને ઓશરિયું ને ગારગોરમટી, ખડી અને ઓકળીથી ઓપાવ્યાં. વારતહેવારે ભીંતડાંને ચીતર અને ભાતીગળ ભરતથી શોભાવ્યાં. માળી, માંડ, પટારા, મજૂસ, કોઠી, કોઠલા વડે ઓરડાની શોભાસજ્જા વધારી. પંડ્યના લાડકડા દીકરા-દીકરિયુંની જેમ માનીતાં પશુ-પ્રાણીઓ માટે પણ ભાતીગળ ભરત ભરીને લોકકળાના પરંપરાના પ્રવાહને લોકસંસ્કૃતિના સાગર ભણી વહેતો મૂક્યો.

લોકસાહિત્યથી સમૃદ્ધ લોકજીવન : ગુજરાતના લોકજીવનમાં પ્રચલિત કંઠસ્થ લોકસાહિત્યમાં પણ લોકસંસ્કૃતિની લહેરખીઓ લહેરાતી જોવા મળે છે. લોકસાહિત્યનું મુખ્ય અંગ મનાતી લોકકથાઓમાંય પ્રેમકથાઓ, વીરતા અને બલિદાનની શૌર્યકથાઓ, નાગકથાઓ, ઓઠાં, વ્રતકથાઓ, કહેવતકથાઓ, વૃક્ષકથાઓ, ઠગ અને ચતુરાઈની કથાઓ, સરોવર કથાઓ, ભૂતપ્રેતની કથાઓ અને અશ્વકથાઓ જેવા અસંખ્ય પ્રકારો મળે છે તેમ લોકગીતોમાં ગરબા, ગરબી, રાસ, રાસડા તેમજ સમય સમયનાં લોકગીતો જોવાં મળે છે. (જા. × ખ. : માહિતીખાતું) ■



શ્રમમાં રત

ઇચિંગ] • [અમી પટેલ